हरिसिंह.

તવંગર અને ગરીબ, વૃદ્ધ અને જુવાન
તમામ વર્ગનાં સ્ત્રી પુરૂષોને વાંચવા
લાયક એક રમુજી ને બોધ લેવા
જોગ વાર્તા.

બનાવી પ્રસિદ્ધ કરનાર,
કાળીદાસ ચુનીલાલ કીનખાપવાળા.
આ. માસ્તર એંગ્લો વર્નાક્યુલર સ્કુલ.
તથા
ગોરધનદાસ દામોદરદાસ ઠારવાળા.

પેટલાદ.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦

અમદાવાદ.
"વિજયપ્રવર્તક" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.
ઈ. સ. ૧૮૯૨. વિ. સં. ૧૯૪૮.

કિંમત રૂ૦-૪-૦

પ્રસ્તાવના.

આપણી ગુર્જર ભાષામાં નવલ કથા રૂપે લખાએલાં પુસ્તકો ગણ્યાં ગાઠયાં છે એમ કહીએ તો ચાલે; આ ઉપરથી વાર્તારૂપે સર્વને બોધ આપે તેવું પુસ્તક લખવાનો અમારો વિચાર થયો. સદ્ભાગ્યે એક વખતે ઇસ્ટર્ન ટેઇલ્સ (Eastern Tales) વાંચતાં તેમાંની એક વાત રમુજી લાગવાથી તે ઉપરથી આ પુંસ્તકની વસ્તુ સંકલના (Plot) લેઈ અમારા મનના વિચારો દર્શાવવાનું અમે ધાર્યું. પુસ્તકની શરૂઆતમાં કેટલાક ચમત્કારિક અને જાદુના બનાવો દાખલ કરેલા છે ને પાછળના ભાગમાં સંસાર સુધારાને લગતા કેટલાક આધુનિક વિચારો દર્શાવ્યા છે. આ અમારો પ્રથમનો પ્રયત્ન હોવાથી વખતે પુસ્તકમાં કાંઈ દોષ જેવું જણાય તો સુજ્ઞજનો તે વિશે દરગુજર કરી સંસાર સુધારાના ઉપદેશને માટે આ પુસ્તક રચ્યું છે તેનો યથાર્થ લાભ લેશે તો અમારો પરીશ્રમ સફળ થયો એમ માનીશું.

કેટલીક બાબતો ધાર્યા કરતાં વધારે લંબાણથી લખવાથી પ્રથમથી ગ્રાહક થઇ આશ્રય આપનારનાં મુબારક નામોનું લીસ્ટ પુસ્તકની સાથે જોડવામાં આવ્યું નથી તેથી અમારા શાણા ને સદ્ગુણી ગૃહસ્થો દરગુજર કરશે એવી વિજ્ઞપ્તિ છે.

આ પૂસ્તક રચવામાં ને પાછળથી તેને સારો આશ્રય મળે તેને માટે કેટલીક ઉપયોગી સુચનાઓ પેટલાદ એન્ગલો વર્નાકયુલર સ્કુલના હેડમાસ્તર મે. છગનલાલ લલ્લુભાઈ ગંજમુંદારે કરીછે તેને માટે અમે તેઉ સાહેબનો નમ્રતા પૂર્વક આભાર માનીએ છીએ.

નેકનામદાર દિ. બા. મણિભાઈ જસભાઈ વડોદરા રાજ્યના દીવાન સાહેબ બહાદુરે આ પુસ્તક તેમનાં પવિત્ર પત્ની કૈલાસવાસી અ. સૌ. કેસર કુંવરબાને અર્પણ કરવાની પરવાનગી આપીછે તથા આ પુસ્તક બહાર પાડવામાં ઘણો સારો આશ્રય આપ્યો છે તે માટે તેઓ સાહેબના અમે અત્યંત આભારી થયા છીએ.

પેટલાદ તા. ૧ લી માર્ચ. સને ૧૮૯૨.

अर्पण पत्रिका.

સ્વર્ગવાશી માતૃતુલ્ય અ. સૌ. સતિ કેસર કું-
વરબા વિદ્યા વૃદ્ધીના તેમાં વિશેષે કરીને સ્ત્રી કેળવણી-
ના ઉત્કર્ષના સત્કાર્યોમાં અતિ ખંત રાખતાં હતાં,
તેની સાથે સ્ત્રી ધર્મના સર્વ ગુણુસંપન્ન હતાં. નીતિ,
ન્યાય અને ઉદારતાથી વાર્ત્તી અતિ પ્રેમાળ સ્વભાવથી
સર્વનું મનરંજન કરી ઉછરતી પ્રજાને એક દાખલારૂપ
થઈ પડયાં છે; તેથી એક પવિત્ર સદ્ગુણી સન્નારીના
તેગના વિશે ઉત્તમ ગુણ જોઈ હર્ષ પામી તેમની આજ્ઞા
લેઈ તેમની હયાતીમાંજ અર્પણ કરવા ધારેલો આ લઘુ
ગ્રંથ દુર્ભાગ્યે તેમ નહીં થવાથી તેમના પ્રતિષ્ઠિત પતિ
નેકનામદાર દી. બા. મણિભાઈ જસભાઈની આજ્ઞાથી
તેમની યાદગિરિ માટે માનપૂર્વક અર્પણ કર્યોછે.

પેટલાદ તા. ૧ લી માર્ચ સને ૧૮૯૨

શુદ્ધી પત્ર.

પાનું.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	ગાડો.	ગાંડો.
૪	કથ્યામાં.	કળ્યામાં.
૫	સુર્યસ્ત.	સુર્યાસ્ત.
,,	ચેધારે.	ચોધારે.
,,	ન	ના.
૧૦	મોહોલો.	મોહોલ્લો.
૧૧	મળીઆવી.	માનઆપી.
,,	ઉઘાડયું.	ઉઘડયું.
૧૨	રાતોપ.	સંતોષ.
૧૩	પતો.	પત્તો.
૧૪	તોરો.	તારો.
૧૫	લઝાવાને.	ઝાલવાને.
૧૮	ઉઘડવાને.	ઉઘાડવાને.
,,	બારીએ.	બારીઓ.
,,	સ્થળો.	સ્થળે.
૨૦	નાહ.	નહિ.
,,	નીવડ,	નીવડયો.
૨૧	રારિકા.	સારિકા.
,,	નેની.	તેની.
૨૨	નવી.	નવ.
૨૪	સ્થતિમાં.	સ્થિતિમાં.
૨૬	તેતી.	તેની.
૩૪	થેડી.	થોડી.
૩૬	મી.	મરી.
,,	મત્રેલ્ના.	મંત્રેલ્ના.

હરિસિંહ.

પ્રકરણ ૧ લું.

ગુમ થએલો પુત્ર.

કેટલાંક વર્ષ ઉપર પર્ણભાનું નામની વિખ્યાત નગરીમાં જાનકી પ્રસાદ નાગનો માણસ રહેતો હતો. જો કે તે વૃદ્ધાવસ્થાએ પહોંચેલો હતો તો પણ તેનામાં થોડો ઘણો જુવાનીનો જુસ્સો પ્રબળ હતો. તેણે પોતાની પેહેલી વીશીમાં પુષ્કળ વિદ્યાભ્યાસ કરી બીજી વીશીમાં વહેપાર કરવો શરૂ કર્યો હતો અને તેને માટે ઘણી લાંબી મુસાફરીઓ કરી હતી; જેમાં તેણે અનુભવ જ્ઞાન મેળવ્યા ઉપરાંત કેટલુંક દ્રવ્ય પેદા કીધું હતું. તે દ્રવ્ય ખરેખર બહોળે હાથે ખર્ચી શકે તેટલું નહોતું તો પણ મધ્યમ સ્થિતિમાં સુખચેનથી સંતોષ પમાડે તેટલું હતું. તે બુદ્ધિશાળી અને સમજુ હતો તેથી રાત દિવસ પોતાના અલ્પ ખજાનાથી સંતોષ પામી દિવસો સુખ શાન્તિમાં ગુજારતો, અને પોતાના પુત્ર હરિસિંહનાં વિદ્યાભ્યાસ પાછળ પોતાની શક્તિ મુજબ ખર્ચ કરતો.

આ દુનિયાંમાં આપણને ઈશ્વરે જે સ્થિતિમાં મુકયાછે. તે કરતાં વધારે સારી સ્થિતિમાં આવ્યા શિવાય અને દુનિયાદારીની કડાકુટોમાં હમેશાં ગુંથાઈ રહી વખતે આયુષ્ય પુરૂં થયે એક દિવસ મૃત્યું ઘસડી લેઈ જાય તો જે કૃત્યો માટે ઈશ્વરે આપણને આવો ઉત્તમ મનુષ્ય દેહ આપ્યો છે. તેનું સાર્થક ન થાય તો આ જન્મારો વૃથા ગુમાવી નાંખવા તુલ્ય છે એવો વિચાર જાનકી પ્રસાદનો હતો તેથી જેમ કેટલાક માણસો હમેશા ખરે અગર ખોટે માર્ગે પૈસા મેળવ-

વામાં મચ્યા રહેછે તેમ તે કરતો નહોતો; કારણ કે તે ઘણો સંતોષી નર હતો. નાનપણમાં તે શિલાભદ્ર નામના નગરમાં રહેતો પણ પાછળથી ત્યાંથી ઘરબાર ઉપાડી પર્ણભાનુંમાં રહેવાને ગયો. તેમ કરવામાં તેને બે કારણો હતાં. એક તો એકે તેના એક અત્યંત પ્યારાને વિશ્વાસુ મિત્રે તેને એમ જણાવ્યું કે તમારો પુત્ર ઘણો વિચિક્ષણ છે તેમજ પર્ણભાનુ એ રાજ્ય ગાદીનું શહેર છે તથા વહેપાર અને કળા કૌશલ્યમાં બીજાં શહેરો કરતાં વધારે શ્રેષ્ટ ગણાયછે તે તેને વાસ્તવિક લાગ્યું; વળી બીજું એકે તેના અંતઃકરણમાં એમ વિચાર ઉત્પન્ન થયો કે શિલાભદ્ર છોડી જવાથી પર્ણભાનુમાં તેના છોકરાને કેળવણી સંપાદન કરવાનાં વધારે સારાં સાધનો મળી આવશે.

આ વખતે પર્ણભાનુમાં અજીતસિંહ નામે મહા પ્રતાપી રાજા રાજ કરતો હતો. દુનિયા ઉપરના ઘણા હોશીઆર કારીગરો, વિદ્વાનો અને મુસાફરો આ પ્રતાપી રાજાના અમલમાં આવી વસ્યા હતા. રાજા આવા માણસોની પરીક્ષા કરી તેમને પ્રસંગોપાત યોગ્ય મદદ આપતો હતો. જાનકીપ્રસાદે ત્યાં જઈ વસવામાં ઘણું ડહાપણ અને ચાતુરી વાપર્યાં હતાં. તેના પુત્ર હરિસિંહમાં અસાધારણ કૃત્યો કરવાની ઇશ્વરી પ્રેરણા જાણે હોય તેમ તેના ચેહેરા ઉપરથી જણાઈ આવતું. તેનું અંતઃકરણ હમેશાં સ્વચ્છ અને પ્રેમાળ રહેતું. તે રાત દિવશ પોતાનો અભ્યાસ વધારવામાં મનને કેળવવામાં અને સ્વભાવ સુધારવામાં મંડયો રહેતો વળી તન સુધારવાને કસરતના ખેલોમાં તે ઘણી હોશીઆરી મેળવતો. આવા સુશિક્ષણથી તેનું શરીર અને મન બેઉ બહુ મજબૂત થયાં. તેનો પિતા જાનકીપ્રસાદ તેનામાં આવા સદ્‌ગુણો જોઇને અને તે એકનો એક લાડકવાયો હોવાથી ગાડો ઘેલો થઈ

જતો એટલુંજ નહિ પણ જે માણસો તેના સંબંધમાં આવતા તેઓ તેના ઉપર અત્યંત પ્યાર રાખતા, તેને ઘણું માન આપતા અને તેની ઉમ્મરના પોતાના છોકરાઓને હરિસિંહનો દાખલો આપી તે પ્રમાણે વર્તવા વારંવાર સુચના આપતા. જે પ્રમાણે તેનો બાપ તેના આવા સદ્ગુણો અને પ્રમાણીકપણાથી હમેશાં પ્રફુલ્લિત રહેતો અને પોતાની બીજી સઘળી દોલત કરતાં આ પુત્ર રૂપી દોલતને વધારે શ્રેષ્ટ ગણી અતિ પ્રેમ બતાવતો તેજ પ્રમાણે હરિસિંહ પણ પોતાના બાપની સાથે પિતૃભકિતથી વર્તી તેની આજ્ઞાનુસાર ચાલતો. આ પ્રમાણે સુખચેનમાં કેટલોક વખત વીતી ગયો.

જાનકીપ્રસાદનો એક જુનો મિત્ર રામપ્રસાદ તેને ત્યાં આવતો જતો હતો; તે પણ હરિસિંહ ઉપર અત્યંત પ્યાર રાખતો. એક દિવસ જાનકીપ્રસાદ અને રામપ્રસાદ હમેશના રીવાજ મુજબ નગરની બહાર રાજાના બાગમાં ફરવા ગયા. વરસાદનું ઝાપટું પડી ગયેલું તેથી સાંજના પહોરનો તાપ ઓછો થયો હતો અને શીતળ વાયુ વાતો હતો. વાતો કરતા કરતા બેઉ મિત્રો બાગની પેલીપાર નીકળી ગયા ને આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં તેઓ એક નાના અરણ્યમાં લીલોતરી વાળી એક રમણિય જગાએ જઇ પહોચ્યા. ત્યાં આગળ પુષ્કળ લીંબડાના ઝાડ ઊગ્યાં હતાં. તેનો છાંયો એવો સુખદાયક અને શીતલ લાગ્યો કે તેઓ તેની નીચે બેઠા. પાસેની ડુંગરી ઉપરથી શીતલ મંદ મંદ સમિર તાજાં ખીલેલાં ફુલોની વચ્ચેથી આવી તેમના મનને આનંદ પમાડતો. તેઓ ત્યાં આગળ બેઠા અને વિદ્વાન માણસો વખતે અણધારેલી વિપત્તિમાં આવી પડેછે તે વિશે અને કોઇકતો પોતાની હઠ પકડીને સાહસ કર્મ કરવા જતાં અ-

ણુચીંત્યા ફસાઈ પડેછે તે વિશે વાત કરવા માંડી. રામપ્રસાદે કહ્યું "મેં મારી જીંદગીમાં એવા કેટલાક માણસોને જોયાછે કે જેઓ દુનિયામાં ઘણા વિદ્વાન, ચતુર અને ડાહ્યા ગણાતા છતાં હદ ઉપરાંત પોતાની જાત ઉપર ભરોસો રાખી ખોટે રસ્તે દોરાયા છે અને એવાં બેવકુફી ભરેલાં કૃત્યો કર્યાછે કે જે કૃત્યો કરવા માંડયા પહેલાં તેઓએ જરાક વધારે વિચાર શકિતનો ઉપયોગ કર્યો હોત તો તે પ્રમાણે કરતાં તુર્ત આંચકો ખાત, પણ વિચાર શકિતને કામે લગાડતાં તેમનાં અમર્યાદપણાએ અને દુર્ગુણે આડા આવી આખરે તેમને તદન પાયમાલ કરી નાંખ્યાછે."

જાનકીપ્રસાદે જુવાબ દીધો કે જે માણસ છેક નાની વયથીજ સદ્ગુણને રસ્તે દોરાએલો હોયછે તેનું વલણ સેહેલથી એવી ગંભીર ભુલો કરવા તરફ થતું નથી, અને કદાચ તે પ્રમાણે થાયછે તો સેહેજ ભુલ ખાઈ પાછો તુર્ત સીધે રસ્તે ચઢી જાયછે. આ બેઉ મિત્રોએ એક બીજાની ખાત્રી કરી આપવા માટે દાખલા દલીલોથી આ વિષય ઉપર લંબાણથી વાત ચલાવી. હરિસિંહ પણ તેમની સાથેજ હતો તે તેમની પાસે ઉભો રહી આવું અસરકારક અને બોધ લેવા લાયક ભાષણ એક ચિત્તે સાંભળતો હતો તેવામાં તેણે ઓચીંતી છલંગ મારી અને ઝડપથી અરણ્ય માંહેલી ડુંગરી તરફ દોડયો. તે એકાએક કુદકો મારી ડુંગરી તરફ શા માટે દોડી ગયો તેનું કારણ જાનકી પ્રસાદ અને રામપ્રસાદના કહ્યામાં આવ્યું નહિ તેથી તેઓ તેની તરફ અચંબાથી જોવા લાગ્યા થોડીવાર પછી તેમને માલુમ પડયું કે એક સફેત કાકાકૌઆ પાછળ તેને પકડવાને તે ગયોછે.

ઝાડીમાં આઘે જવાથી તેમની નજરેથી તે ગુમ થઈ ગયો. તેઓએ તેને પાછો ફરવા ઘણે મોઠેથી બુમો પાડી

પણ તેણે તેમની બુમો સાંભળી નહિ. તેઓએ તે સ્થળે પા-
એક કલાક તેની રાહ જોઈ, પણ તે પાછો આવ્યો નહિ.
હરિસિંહનું શું થયું હશે તે વિશે બેઉ જણ શોચ કરતા
જે દિશામાં તે ગુમ થઇ ગયો હતો તે દિશા તરફ ખોળવા
ગયા, પણ તેમને તેનો પત્તો લાગ્યો નહિ. તેઓએ હરિ-
સિંહ, હરિસિંહ, કહી મોટેથી બુમો પાડી તેનો અરણ્યમાં
પ્રતિધ્વનિ થયો. અંતે સાંજ પડતાં સુર્યસ્ત થયો ત્યારે રામ-
પ્રસાદ બોલ્યો "ચાલો, આપણે ઘેર જઇએ; તમારો પુત્ર
પેહેલવાનને ચતુરછે તેથી ગમે તે પ્રયત્ને ઘેર પાછો આવશે.
કદાચ બીજે રસ્તે થઇને તે ઘેર ગયો હશે." ઘણીવાર સુ-
ધી ધ્રુભાગ કર્યા પછી હરિસિંહના પિતાને પોતાના પુત્રને
તજી એકલા ઘેર પાછા ફરવાની ફરજ પડી; તે તેના વિશે
શોચ કરવા ગંડયો, અને તેને ખોળી કાઢવાના શું ઉપાય યોજવા
તે તેને બિલકુલ સુજ્યું નહીં. જ્યારે તેઓ નગરમાં આવ્યા
ત્યારે તેનો મિત્ર રામપ્રસાદ તેની સાથે તેને ઘેર ગયો.
તેઓ ત્વરાથી ઘરમાં ગયા ને હરિસિંહની તપાસ કરી પણ
તે ઘેર આવ્યો નહોતો. રામપ્રસાદ જાનકીપ્રસાદને દિલાસો
આપવા મંડયો પણ તેણે તેના કહેવા ઉપર બિલકુલ લક્ષ
આપ્યું નહિ. તે પલંગ ઉપર પડી ચોધારે આંસુ પાડી રોવા
મંડયો. રામપ્રસાદે ઠપકો દેઇ અંતે કહ્યું "ભલાઆદમી, આ-
વા નરમ અંતઃકરણનો શું થાયછે, ધીરજ પકડ, કદાચ એવું
બન્યું હોય કે હરિસિંહ પક્ષીની પાછળ ઘણે દૂર ગયો
હોય ને આડે રસ્તે જવાથી ભુલો પણ પડયો હોય જ્યાં તે
રાત્રી ગાળશે ત્યાં પોતાના બચાવ પુરતી તજવીજ કરી
લેશે સવારમાં તે જરૂર અત્રે આવશે ને તારા કાચા હૈયા
માટે તે ખેદ કર્યા વિના રહેશે નહિ." એમ કહી તેને ઘણું
ઘણું સમજાવી શાન્ત પાડી તે ઘેર ગયો; રામપ્રસાદન

ગયા પછી જાનકીપ્રસાદે ધીરજ છોડી પોતાના મનના ઉભરા કાઢવા માંડયા. તે ખુબ મોટે સાદે રોયો, ગાંડા માણસની માફક પોતાના વાળ ચુંટી કહાડયા, અને જમીન ઉપર પછાડ ખાઈ આળોટવા મંડયો. ઘરના ચાકર નફરો તેની આશપાશ વીંટલાઈ વળ્યા ને તેને અનેક પ્રકારે દિલાસો આપવા મંડયા, પણ તેણે કોઇનું લેશમાત્ર માન્યું નહિ. ત્યારે તેઓએ પણ પોતાની હીંમત છોડી દેઈ રોવા કકળવા માંડયું. આવી સ્થિતિમાં તેઓએ આખી રાત પસાર કરી. સવાર થતાં તુર્ત જાનકીપ્રસાદે સઘળી દિશાઓમાં ખેપીઆ મોકલવાનો વિચાર કર્યો. હરિસિંહ આવ્યો છે કે નહિ તેની ખબર કાઢવા રામપ્રસાદ આવ્યો. તેણે કહ્યું કે આ વિચાર ઠીક નથી. હું કહુ તે તું સાંભળ "તારો પુત્ર કોઈ સ્થળે રાત્રી ગુમાવી વધારે નિશ્ચિંતાઇથી ઉંઘ્યો હશે. પ્રાતઃકાળ થયા પછી જો તે નીકળ્યો હોયતો હમણા અત્રે આવી શકે નહિ. તું ખેપીઆઓને શોધવા મોકલીશ અને તે કોઈ ટુંકે માર્ગે થઇને ઘર તરફ આવશે તો તેમનો ફેરો વ્યર્થ જશે. માટે મધ્યાહ્ન સુધી ધીરજ પકડી રહીએ."

જાનકીપ્રસાદે તે પ્રમાણે વર્તવા કબુલ કીધું. ખેપીઆઓને મધ્યાહ્ને તઇયાર થઈ આવવા કહ્યું પણ તેઓ બનેજણ તેની શોધમાં તેજ વખતે નગર બહાર બાગમાં થઇને પહેલે દિવસે જે સ્થળે બેઠા હતા ત્યાં આગળ ગયા. જાનકીપ્રસાદના જીવને બિલકુલ ચેન પડે નહિ. જેમ જેમ વખત જતો જાય તેમ તેમ તેને વધારે વધારે દિલગીરી ઉત્પન્ન થતી જાય. રામપ્રસાદ તેને ઘણું ઘણું કહી થાકયો ને તેણે લેશમાત્ર પણ માન્યું નહિ ત્યારે તેણે તેને પોતાની મરજી પ્રમાણે વર્તવા દીધો. જાનકીપ્રસાદ બોલ્યો "અત્યાર

સુધી હું તારા કહ્યા પ્રમાણે વર્ત્યોછું પણ હવે મારી ધી-
રજ રહેતી નથી માટે હું મારૂં ધાર્યું કરીશ ત્યારે મારા
જીવને નિરાંત વળશે. એમ બોલી તે મોટેથી આક્રંદ કરતો
આશપાશ ફરવા મંડયો. પછી ડુંગરીની પાસે લીંબડાના
ઝાડ નજદીક એક સરોવર આગળ તેઓ ગયા. ડુંગરી ઉ-
પર ચડયા અને હરિસંહ, હરિસંહ કહીને ચારે બાજુએ
મોટી બુમો પાડી પણ કોઇએ ઉત્તર દીધો નહિ: બપોરે
થાકીને તેઓ ઘર તરફ પાછા ફર્યા, અને રસ્તામાં જેટલા
માણસો મળ્યા તેમને હરિસિંહની ખબર પુછી પણ કોઇએ
તેનો પત્તો આપ્યો નહિ. જાનકીપ્રસાદે સઘળી દિશાઓમાં
ખેપીઆ મોકલ્યા, અને જે કોઈ ખોળી લાવે તેને ભારે
ઇનામ આપવાનું કહ્યું. સઘળા ખેપીઆઓ ઇનામ મેળવ-
વાની આશાથી ખુશી થતા થતા હરિસંહની ખોળમાં ની-
કળી પડયા. તેઓ સઘળાએ સાંજ પડતા પેહેલાં તેને શોધી
કાઢી ઘેર પાછા આવવાનો નિશ્ચય કીધો હતો પણ તેમની
તે ધારણા નિષ્ફળ થઇ. જાનકીપ્રસાદે સઘળાની પાછા
આવ્યાની સાંજે વાટ જોઈ પણ સાંજ પડતાં તેમાંનો એકે
પાછો આવ્યો નહિ. થાકી રખડીને કેટલાક ત્રીજે દિવસે
પાછા આવ્યા. તેઓએ દરેક ઠેકાણે હરિસિંહની ખોળ કરી
હતી અને જે લોકો રસ્તામાં મળ્યા હતા તેમને હરિસિંહની
ખબર પુછી હતી પરંતુ તેમાંનો એકે જણ તેનો પત્તો મે-
ળવી શકયો નહિ. બાકી રહેલા ખેપીઆઓ ધીમે ધીમે
પાછા આવ્યા પણ કોઈ હરિસિંહનો પત્તો લાવ્યું નહિ.
જાનકીપ્રસાદના દુ:ખનો હવે છેડો રહ્યો નહિ. તેની સઘળી
આશાઓ ભંગ થઈ ગઈ. તેના મોકલેલા ખેપીઆઓમાંથી
એક જણ હજુ પાછો આવ્યો નહોતો. જેમ બાકીના તેનો
પત્તો મેળવ્યા વિના પાછા આવ્યા તેમ તે પણ પાછો

આવશે કે નહિ એવી અધીરાઇમાં જાનકીપ્રસાદે આશા બાંધી કે જે માણસ આટલા બધા દિવસ થયાં પાછો ફર્યો નથી તે જરૂર હરિસિંહને તેડીનેજ ઘેર પાછો આવશે. ઘણેક દિવસે તેણે પણ આવી જાનકીપ્રસાદને કહ્યું કે ઘણા ખરા દેશોમાં તપાસ કરતાં કોઈ પણ સ્થળે હરિસિંહનો પત્તો લાગતો નથી ત્યારે તેના દુઃખનો પાર રહ્યો નહિ. રામપ્રસાદને પણ તેથી અતિ કષ્ટ ઉત્પન્ન થયું તેણે હરિસિંહના મિત્રમંડળમાં તપાસ કરાવરાવી પણ કોઇએ પત્તો બતાવ્યો નહિ.

તે મરી તો નહિજ ગયો હોય; એમ હોય તો તેની લાશ પણ નજરે પડે. તેને સંતાઈ રહેવાનું પણ કાંઈ કારણ નથી; તેના દુશ્મનોએ તો તેના ઉપર હુમલો નહિ કર્યો હોય ? તેમ પણ નહોતું. કારણ કે તેને કોઇ દુશ્મન હતોજ નહિ. કાકાકૌઆની પાછળ જતાં કદાચ તે પયોભદ્રા નદીને કીનારે ગયો હોય ને તેમાં પડવાથી તણાઈ ગયો હોય. આવા વિચારથી રામપ્રસાદે જ્યાં આગળથી તે નદી નીકળતી હતી તે સ્થળેથી તે જ્યાં તે દરીઆને મળતી હતી ત્યાં સુધી હરિસિંહનું મુડદું ઘસડાઇને કીનારે આવ્યું હોય તો તેની તપાસ કરવા માટે ફરીથી બે ખેપીઆ મોકલ્યા. તે ખેપીઆઓ પણ જેવા ગયા હતા તેવા હરિસિંહનો પત્તો મેળવ્યા સિવાય પાછા આવ્યા. જાનકીપ્રસાદ અને રામપ્રસાદ બેઉની ખાત્રી થઈ કે હરિસિંહ મરી ગયો હશે. જાનકીપ્રસાદનો મર્દાની જુસ્સો છેક નરમ પડી ગયો, તેના ગુમ થયેલા પુત્રના શોકાગ્નિથી તેની જીંદગી ઘણી પરીતાપને પામી; તે અતિશય દુઃખથી વૃદ્ધ જેવો દેખાવા લાગ્યો. તે વખતથી તેના અંતઃકરણની સઘળી આશાઓ હમેશને માટે ભંગ થઈ ગઇ. વળી કોઈ કોઈવખત રામપ્રસાદ આ-

વીને તેની બાજુએ બેસતો, હરિસિંહના સદ્ગુણોનું વખાણ કરતો, અને તેની પુત્રી રત્નલક્ષ્મીનાં તેની સાથે લગ્ન કરવાની તેની જે ધારણા હતી તે નિષ્ફળ થવાથી પોતાની પુત્રીના કમનશીબ વિશે બળાપો કરતો ત્યારે તે બંને મિત્રો શોકસાગરમાં ડુબી જતા.

પ્રકરણ ૨ જું.

પ્રજા હિતેચ્છુ મહીપતિ.

એક દિવસે અજીતસિંહ મહારાજા વેશ બદલીને પોતાના રીવાજ મુજબ દિવાન મોતીચંદ શાહ તથા ખાનગી કારભારી પ્રતાપરાયને સાથે લેઇને નગર ચર્ચા જોવા નીકળ્યા. પર્ણભાનું નગરના મોહોલ્લાઓમાં ત્રણે જણ ફરતા હતા ને અમલદારો હુકમને આધીન રહી લોકોને બરોબર ઇનસાફ આપે છે કે નહિ, પ્રજા સુખી અને આબાદ છે કે નહિ, અને દ્રવ્યવાન તથા નિર્ધન લોકો તેના બંદોબસ્તગી સંતોષી રહેછે કે નહિ તેની તપાસ કરતા હતા. હમેશની માફક રાત્રીનો કેટલોક વખત વિત્યા પછી તેઓ નગર ચર્ચા જોવા નીકળ્યા હતા. કારણ કે તે વખતે સઘળા મનુષ્યો દીવસના કાર્યથી ફરાગત થઇ વાળુ પાણી કર્યા પછી સુવા જતા સુધીનો વખત પોતાના કુટુંબ કબિલામાં સુખ દુઃખની વાતો કરી ગુજારે છે.

ફરતા ફરતા તેઓ ત્રણે જણ એક મોહોલામાં જ્યાં ગગગીની ફેલાઇ રહી હતી ત્યાં આવી પહોંચ્યા ને એક ઘર આગળ જઈ ઉભા રહ્યા. બારણા આગળ બે માણસો એક બીજાના કાંનમાં ગુપ્ત રીતે વાતો કરતા હતા. તેઓને જોઇને અજીતસિંહ મહારાજા આ પ્રમાણે બોલ્યા “ જાણે તમે કાંઇ

મહાભારત ગુન્હો કરવાનો મનસુબો કરતા હો તેમ એક બીજાના કાનમાં ધીમેથી શી વાતો કરો છો ? આ મોહોલો વેરાન જેવો કેમ લાગે છે ? અત્રે જ્યારે તમારા બે જણ સિવાય ત્રીજું કોઇ મનુષ્ય નથી ત્યારે તમને મોટેથી વાત કરતાં શી હરકત છે ? તમામ મનુષ્યો જાણે ઘરબાર તજી જતાં રહ્યાં હોય તેવી રીતે આ મોહોલ્લો શાન્ત કેમ જણાય છે " ? તે બેમાંના એક જણે ઉત્તર વાળ્યો " મારા મેહેરબાન હું તેનું કારણ તમને જણાવું છું. અત્રે પડોશમાં શોકસાગરમાં ડુબી ગયેલો એક જાનકીપ્રસાદ નામનો પુરૂષ રહે છે. તેનો મિત્ર રામપ્રસાદ નિત્યના રીવાજ મુજબ આ વખતે તેની પાસે બેશી તેનું કષ્ટ નીવારણ કરવા તેને દીલાસો આપે છે. આ મોહોલ્લામાં રહેનાર સર્વ મનુષ્યો તેના માનની ખાતર તેના કષ્ટમાં ભાગ લેવા કોઈ પણ જાતનો ખુશાલીનો પોકાર કરી તેના દુઃખનું સ્મરણ કરાવવા ઈચ્છા રાખતાં નથી; તેટલાજ માટે અમે સર્વ ઘરવાળા બારણા બંધ કરી ઘરમાંજ તેટલો વખત શાન્ત રીતે ગાળીએ છીએ."

અજીતસિંહ મહારાજા તેને જવાબ આપે તે પેહેલાં પેલો માણસ ઘરમાં પેશી ગયો ને બીજાએ પણ તેની પાછળ જઇ બારણાં બંધ કરી દીધાં. મહારાજાએ પોતાના દીવાનને પૂછ્યું " મોતીચંદશાહ ! તમે એ જાનકીપ્રસાદ વિશે કદી કાંઈ સાંભળ્યું છે ? " મોતીચંદશાહે ઉત્તર દીધો " ના, જી." અજીતસિંહ કહે " ચાલો ત્યારે જે સ્થળે જાનકીપ્રસાદ રહે છે તે સ્થળે જઇએ. તેનાં શોકનું કારણ ગમે તે પ્રકારે જાણવા આપણે પ્રયત્ન કરીશું."

તેઓ જાનકીપ્રસાદના ઘર આગળ ગયા. પ્રતાપરાયે બારણામાંથી જોયું તો તેમને એક દીવો બળતો જણાયો. તે બોલ્યા " બે ઘરડા માણસો દિવાનખાનાગમાં સેતરંજી

નાખી બેઠા છે. તેમાંનો એક જણ બીજાને દીલાસો આપે છે, પરંતુ તે ડુસકાં ભરી વધારે આક્રંદ કરે છે; તેઓ એકજ જાતના અને સરખી વયના જણાય છે. તે બિચારો નિરાધાર મનુષ્ય કેવા પ્રકારના કષ્ટથી પીડાતો હશે તે આપણે જાણવું જોઇએ." અજીતસિંહે જુવાબ દીધો "કાલે સવારે તેને આપણા મહેલે બોલાવજો એટલે તેનો સર્વ વૃતાંત જાણી લેઇ તેનું કષ્ટ નિવારણ કરવા બનતા પ્રયત્ન કરીશું." પછી તેઓ બીજે સ્થળે ગયા. એ પ્રમાણે રાત્રીનો ઘણો ભાગ નગરચર્ચા જોઇ તેઓ વિખુટા પડયા.

પ્રાતઃકાળ થયે જાનકીપ્રસાદને રાજાની હજુર તેડી મંગાવવાને એક માણુસ મોકલવામાં આવ્યું. તે મહારાજાના એજનને મળી આવી રાજમહેલ તરફ જવા નીકળ્યો મહેલના દરવાજા આગળ ગયો એટલે સિપાઈ તેને દિવાનખાનામાં મુકી ચાલતો થયો. તે સ્થળે જાનકીપ્રસાદ એકલો પડયો એટલે તેના અંતઃકરણમાં ઘણા સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન થવા માંડયા. "શું! મારાથી કોઇનો અપરાધ થયો હશે? મને અત્રે બોલાવવાનું શું કારણ હશે! મેં આજ સુધીમાં એવી કાંઈ વર્તણુક ચલાવી નથી કે જેથી હું કોઈ પણ જાતની શિક્ષાને પાત્ર થાઉ." કારણ કે તે જાણતો હતો કે મહારાજા અજીતસિંહ ગુપ્ત રીતે પોતાની પ્રજાના દોષો ખોળી કહાડી યોગ્ય નશિયત આપેછે. દિવાનખાનામાં ઉભો રહી જાનકીપ્રસાદ પોતાના મનની સાથે ઘડભાગ કરતો હતો તેવામાં એકાએક પાસેના ખંડનું દ્વાર ઉઘાડયું ને અજીતસિંહ, મોતીચંદ શાહ તથા પ્રતાપરાય બહાર આવ્યા. તેમને જાનકીપ્રસાદે પગે લાગી યોગ્ય રીતે નમન કર્યું. અજીતસિંહે પૂછયું "જાનકીપ્રસાદ! તું મહાકષ્ટમાં આવી પડયો હઉં એમ તારા રાત્રીના આક્રંદ ઉપરથી જણાયછે. તારા

પડોશીઓ તને માન આપી તારૂં કષ્ટ નિવારણ કરવા ઘણાજ આતુર રહેછે તેથી તું કોઈ સદ્ગુણી અને પરોપકારી માણસ હોઉં એમ જણાયછે, મને તારા કષ્ટનું કારણ જાણવાની ઇચ્છા થઇછે. તે સર્વ વૃતાંત આ બેઉ કામદારોના દેખતાં કહેતાં તને અડચણ હોયતો આપણે અંદરના ઓરડામાં જઇએ." જાનકીપ્રસાદે જુવાબ આપ્યો "ગરીબ નિવાજ, મારૂં કષ્ટ મને ઘણુંજ સાલેછે ને તેણે મારા અંતઃકરણમાં કારી જખમ કર્યોછે તોપણ આપ જેવા પ્રતાપી મહારાજનું લક્ષ રાજ્યની ફીકરમાંથી દૂર કરાવી મારૂં કષ્ટ નિવારણ કરવા તરફ ખેંચવા હું બિલકુલ રાજી નથી. મારા જેવા તો આપના રાજ્યમાં કેટલાક દુઃખીઆરા રખડતા ફરતા હશે અને તે સઘળાની ફિકર આપ જો રાખતા ફરો તો રાજ્ય કાર્યનાં કામોને માટે પુરતો વખત મળી શકે નહિ."

અજીતસિંહે જુવાબ દીધો "મારી પ્રજામાંનો ગમે તેવો પતિત માણસ કષ્ટ પામતો મારી નજરે પડે તો તેનું કષ્ટ નિવારણ કરવું તે મારો ધર્મછે. "રાજા વડે પ્રજા અને પ્રજા વડે રાજા" એ કહેવત પ્રમાણે મારી પ્રજાના જાન માલનું બરોબર સંરક્ષણ થાય ને મારા બંદોબસ્તથી સર્વ મનુષ્યોને સંતોષ ઉપજે તોજ મારૂં કર્તવ્ય ફળીભુત થયું એમ હું સમજુંછું. જ્યારે હું સમસ્ત પ્રજાનું સંરક્ષણ કરવા બંધાએલોછું તો તેમાંના એક મનુષ્યનું પણ રક્ષણ મારે કરવુંજ જોઇએ કારણકે એવા અનેક એક ગળીનેજ સમસ્ત પ્રજા વર્ગ થયેલોછે. તું તારી દિલગીરી અને કષ્ટનું કારણ જણાવીશતો બનતી મદદ આપી ઈશ્વર કૃપાથી તારૂં સંકટ નિવારણ કરીશ."

જાનકીપ્રસાદનો એકનો એક અત્યંત પ્યારો પુત્ર હરિસિં-

હ ઓચિંતો તેની નજર આગળથી ગુમ થઈ ગયો હતો, તથા તેની શોધ માટે દરેક સ્થળે તજવીજો કરાવી તેમાં નિષ્ફળ થયો અને તેણે મોકલેલા દૂતો કાંઇ પણ પતો મેળવ્યા શિવાય વીલે મોઢે પાછા આવ્યા તે સઘળું વૃતાંત તેણે મહારાજાને જાહેર કર્યું. તે બોલ્યો “ જેને હું મરી ગયેલો ધારૂંછું તેને માટે મારે આખી જીંદગી સુધી રડયાજ કરવાનું છે; જ્યાં સુધી મારા અંતઃકરણમાં મારો પુત્ર જીવતો છે એવી આશા બંધાય નહિ અથવા તે જીવતો છે એવી ખબર કોઈ મને કહે નહિ ત્યાં સુધી મારે રોઈ રોઇને દિવશ ગુજારવાના છે. અરે, ભલા ભગવાન જો તે જીવતો હોયતો કોઇ પણ સ્થળેથી તેનો પતો મળ્યા વિના રહે ? પરંતુ આશા અમર છે, તેથી તે આશારૂપી કીરણો મારા અંતઃકરણમાં હમેશાં પ્રકાશ્યા કરેછે અને તેથી કોઈ પણ જાતનો નિર્ણય નહીં થવાથી તેના ગુમ થયાનો કારી જખમ કદી રૂઝાતો નથી. ”

અજીતસિંહે કહ્યું “ત્યારે તો તારી દિલગીરીનું વાસ્તવિક કારણ છે, અને હું કબુલ કરૂંછું કે જ્યાં સુધી તેના મરી ગયાની ખબર આવી નથી ત્યાં સુધી તે હયાતછે તેમ માનવાને અડચણ નથી. તેં મને પ્રથમથીજ ખબર આપી હોત તો ઘણું સારૂ થાત તેં મોટી ભુલ કરી છે. આપણા પણુંભાનુ નગરને તાબે જેટલા દેશો છે તેટલા ઉપર મારી સત્તા ચાલે છે એટલુંજ નહિ પણ પરરાજ્યોને જીતીને મેં ખંડીઆં કર્યાં છે ત્યાં પણ મારી સત્તા ચાલે છે. તે ખંડીઆ રાજા મારી શેવા બજાવવામાં મારી પ્રજાના કરતાં વધારે તત્પર છે. તેમનાં નેત્રો મારે માટે જુએ છે; તેમના કાન મારે માટે સાંભળે છે; અને તેઓના હાથ જે વસ્તુથી હું રાજી રહું તે વસ્તુ મેળવવા હર્નિશ રોકાએલા રહે છે. જે કાર્ય તારાથી

બનતું મુશ્કેલ છે તે હું સહેલાઇથી પાર પાડત. હાલમાં ઘેર જા, અને જો તારો પુત્ર પૃથ્વી ઉપર કોઇ પણ સ્થળે જીવતો હશે તો તેની ખબર તને થોડા દિવસમાં જરૂર મળશે એમ ખાત્રી રાખજે"

અજીતસિંહ મહારાજાએ હરિસિંહને ઓળખવા માટે તેની છબી તથા શરીર ઉપરનાં ચિન્હોની ટીપ ઉતારી લેઈ જાનકીપ્રસાદને રજા આપી.

જાનકીપ્રસાદ તેના મિત્ર રામપ્રસાદ સાથે સાંજના બેઠો હતો ત્યારે તેને ઉદાર મનના પ્રજા હિતેચ્છુ અજીતસિંહ મહારાજે ધીરજ આપી દીલાસો દીધો હતો તે વિશે વાતચીત કરવા માંડી, અને મહારાજા તરફથી આ પ્રમાણે મળેલી ધીરજથી તેનો શોક કેટલેક દરજ્જે કમી થયો.

અજીતસિંહે દરબારમાં આવી તમામ નાના મોટા નોકરોને તથા પાસેના રાજ્યના એલચીઓને હરિસિંહના ઓળખાણની લીધેલી ટીપની નકલો મોકલાવી તેમનાથી બને તેટલી મહેનત કરી તેનો પત્તો મેળવવાનો હુકમ આપ્યો. દૂર દેશાવરના રાજા જેઓ તેના મિત્ર હતા ત્યાં દૂતો મોકલી તજવીજ કરાવવી શરૂ કરી. દિવશ ઉપર દિવશ મહીના ઉપર મહીના અને વર્ષ ઉપર વર્ષ વહી ગયાં તો પણ ગુમ થયેલા હરિસિંહની હયાતી વિશે તેમજ એના મર્ણ વિશે કંઈ પણ ખબર આવી નહિ.

પ્રકરણ ૩ જું.

કેદખાનામાં સપડાએલાં બે યુવાન બાળકો.

હરિસિંહનું મૃત્યુ નીપજ્યું નહોતું, હજુ તે જીવતોજ હતો, પણ એવા ગુપ્ત સ્થળમાં પુરાએલો હતો કે તે સ્થળ ખોળી કહાડવું બહુ મુશ્કેલી ભરેલું હતું. સાંજ સુધી તે બરફ જેવા

શ્વેત કાકાકૈઆની પાછળ ગયો. અને તે કયાં જાયછે તેનું પણ તેને બિલકુલ ભાન રહ્યું નહિ. તે પક્ષી મંદ ગતિથી પૃથ્વીથી થોડે ઊંચે ઉડતું હતું તેથી તેને પકડવાને તે લલચાયો તે ધીમે ધીમે ઉડતું હતું તેથી તેણે એમ અનુમાન કર્યું કે તેની પાંખમાં કાંઈ દરદ થયું હશે. તેને પકડવાને તે વારંવાર પોતાનો હાથ લાંબો કરી તેની પાસે જતો પણ તે પક્ષી પોતાની પાંખો ફફડાવી વધારે ત્વરાથી ઉડી ઊંચે જતું. હરિસિંહ આખરે કંટાળી ગયો અને તેની પાછળ પડવાનું મુકી દેઇ ઘર તરફ પાછા ફરવાનો વિચાર કર્યો પણ પક્ષીને તેણે થાકી ગયેલું જોયું, તેથી વળી તે તેને લઝાવાને વધારે ત્વરાથી તેની પાછળ ગયો તે દોડીને પાસે ગયો એટલે તે પક્ષી ઉડીને વધારે દૂર ગયું. એમ પક્ષીની પાછળ જતાં જતાં તે એક ટેકરી આગળ જઇ પહોંચ્યો. ટેકરી વટાવી તેની બીજી બાજુએ સહીસલામત ગયો. હવે તે એક સાંકડી નેળમાં આવ્યો અને પુર જોસથી પક્ષી પાછળ દોડયો. દોડતાં દોડતાં સંધ્યાકાળ થઇ ને અંધારૂં થવા આવ્યું એટલે તે પક્ષી એક ઝાડમાં સંતાઇ બેઠું. હરિસિંહ તેને પકડવાને પુનઃ એકવાર દોડયો તે પક્ષી આ વખતે બરોબર તેના સપાટામાં આવી ગયું. તેણે તેને ઝાલવાને તેના શરીર ઉપર હાથ નાંખ્યો તેવુંજ તે છટકી જઇ ઝડપથી ઉડી ગયું. જ્યાં સુધી ઝળઝળું રહ્યું ત્યાં સુધી કાકાકૈઆએ હરિસિંહની આશપાશ ઊંચે આકાશમાં ઉડયા કર્યું. જેમ જેમ હરિસિંહ તેને પકડવાને પ્રયત્ન કરે તેમ તેમ તે પક્ષી વધારે ઝડપથી ઉડી ઊંચે જાય. વળી તે નીચે આવતું એટલે હરિસિંહ તેને પકડવાને વધારે આતુરતાથી પોતાના હાથ લાંબા કરતો. તે ઊંચા ઘાસવાળા મેદાનમાં દોડયો. તેની દ્રષ્ટિ તે શ્વેત કાકાકૈઆ તરફ દોરાએલી હતી

તેથી તેની આજુ બાજુ શું હતું તે તેના જોવામાં આવતું નહોતું. એ પ્રમાણે ગડમથલ કરતાં તે એક નાના વહેળાની નજીક જઈ પહોંચ્યો. તે વેહેળો ઓળંગ્યા શિવાય તેનાથી સામી બાજુએ જવાય એમ નહોતું. તેથી કુદકો મારી સામી બાજુએ જવાની હીંમત ધરી પણ તેનો પટ તેના ધારવા કરતાં વધારે પહોળો હોવાથી જેવી છલંગ મારી કુદવા ગયો કે તુર્ત અંદર પડયો પડતામાંજ પાણી માથા ઉપર ફરી વળ્યું અને બેભાન થઇ ગયો. થોડીવાર તેવી સ્થિતિમાં તે રહ્યો એટલે એક માણસે ઓચિંતો તેને ઉચકી પાણી બહાર રેતીમાં મુકયો. કેટલીકવારે ભાન આવતાં તે રેતીમાં આળોટવા મંડયો. તેણે ઉંચું જોયું તો તેની આગળ એક ઉંચો અને વિચિત્ર દેખાવનો માણસ ઉભેલો તેની નજરે પડયો. તેણે પગની ઘૂંટી સુધી લટકતો એક કાળો ઝભ્ભો પહેર્યો હતો કમ્મરે સોનેરી રંગનો તેજસ્વી પટો બાંધેલો હતો. અને પાઘડીને બદલે માથા ઉપર પીંછાં ખોશેલી મખમલની સુશોભિત એક કાળી ટોપી અડાવી દીધી હતી. તેણે હરિસિંહને પૂછયું "કેમ યુવાન પુરૂષ તને બરોબર ભાન આવ્યું ? હું ધારૂંછું કે તું કાદવમાં અકળાઇ ગયો હઇશ, ગભરાતો ના; ઊઠ ઊભોથા ને અંધારૂ થઇ જાય તે પહેલા આપણે થોડે દૂર ચાલી જઇએ."

એ પ્રમાણે બોલી તેણે હરિસિંહને જમીન ઉપરથી ઉચકી લીધો અને કમ્મરમાંથી પકડી અંતરિક્ષ માર્ગે લેઈ જતો જણાયો. હરિસિંહ પાછો બેશુદ્ધીમાં પડયો અને તે સ્થિતિમાં તે કયાં સુધી રહ્યો તેની તેને ખબર રહી નહિ. પછી જાણે તે ભરઉંઘમાં પડયો હોય તેમ ઓચિંતો ચમકીને જાગી ઉઠયો. ગાભરો બની તેણે આશપાશ જોવા માડયું તો સુવર્ણના તારથી ગુથેલું અને સુવર્ણની સાંકળે લટકાવેલું

એક પીંજરૂં તેની દ્રષ્ટિગોચર થયું. તેમાં એક સુંદર સારિકા પુરેલી તેણે દીઠી. તેની માફક પોતે પણ એક ઓરડામાં કેદ પુરાએલોછે એમ તેને લાગ્યું. ઓરડાનું છાપરૂં શ્વેત સંગેમરમરના થાંભલા ઉપર જડેલું હતું અને તેની ભીંતો લીસા ઘેરા પીળારંગના આરસથી ચણેલી હતી. અંદરની બારીઓ આડા અવળા સળીઆ ઘાલી એવી મજબુત જડી લીધેલી હતી કે તે સારિકા પીંજરાનું બારણું ઉઘાડું રહી જવાથી બહાર નીકળે તોપણ તેનાથી ઉડીને ઓરડાની બહાર જઈ શકાય નહિ. એક દિવાલની અંદર સુવર્ણની એક નળી ઘાલેલી હતી, તેમાં થઇને નિર્મળ જળનો એક ધોધવો નીચે હોજમાં પડતો હતો અને પડેલું પાણી હોજની કુંડીમાં થઇને બહાર અદ્રષ્ટ થઈ જતું હતું. તે આ નવા મકાનમાં શી રીતે આવ્યો તે વિશે અને કાકાકૈઆની પાછળ પડવાથી કેટલું બધું કષ્ટ વેઠવું પડયું તે વિશે વિચાર કરતો હતો તેવામાં કાળો જામો પહેરેતો પેલો માણસ ઓરડાનું બારણું ઉઘાડતો જણાયો. તે બારણું ઉઘાડી અંદર આવ્યો. તેના હાથમાં સુવર્ણની રત્નજડીત એક નાની સુંદર પેટી હતી. તે હરિસિંહની પાસે જઈ આ પ્રમાણે બોલ્યો "આ પીંજરામાં પુરેલી સારિકાની તું બરોબર બરદાશ રાખી તેનું રક્ષણ કરજે. આ પેટીમાં તેને સારૂ ખાવાનું રાખેલુંછે અને પાણી માટે પેલું હોજ તૈયારછે."

એટલું બોલી તે ચાલતો થયો. તેના ગયા પછી હરિસિંહે ઉડીને ઓરડામાં ચારે બાજુએ ફરવા માડયું. બારીના બારણામાંથી જોતાં તેની ખાત્રી થઇકે તે કોઈ અજાણ્યા દેશમાં આવ્યોછે; કારણકે અત્યારસુધીમાં તેણે જે પર્વતો તથા ઝાડો જોયાં હતાં તેના કરતાં બિલકુલ જુદી જાતના પર્વતો તથા ઝાડો તેની દ્રષ્ટિગોચર થયાં. જે ઓ-

રડામાં તેને પુરેલો હતો તે ઓરડો મોટા મહેલનો છેક ઉપરનો માળ હોય એમ તેની ઉંચાઈ ઉપરથી ભાસ્યું. ત્યાંથી બીજુ કોઈ મકાન તેની દ્રષ્ટિગોચર થયું નહિ. નિચે ઉગેલાં ઝાડો તથા છોડ વિગેરે વનસ્પતી તેનાથી જોઈ શકાયાં નહિ. બારી ઉઘડવાને ઘણો શ્રમ કીધો પણ તે ઉઘડી નહી ત્યારે થાકીને નિરાશ થઈ નિચે બેઠો. હવે તેને ભુખ લાગવા માંડી, અને તે સ્થળે કાંઈ ખાવાનું નહોતું તેથી તે આકુળ વ્યાકુળ થઈ ગયો. વળી ગુપ્ત દરવાજો માલમ પડે તો ખોળી કાઢવાના વિચારથી તેણે ઉભા થઈ દિવાલો તપાસવા માંડી પુનઃબારીઓ ઉઘાડવા માગાકુટ કરવા માંડી, તે એવા વિચારથી કે નિચે કોઈ શખ્સ જણાયતો તેને બોલાવી કાંઈ ખાવાનું મંગાવે. તેને દરવાજાનો તેમજ બારણાંનો પતો લાગ્યો નહિ. તેનાથી બારીએ પણ ઉઘાડી શકાઈ નહિ, અને જ્યાંસુધી તેની દ્રષ્ટિ પહોંચી ત્યાં સુધીમાં કોઈ શખ્સ તેને દેખાયો નહિ. અંતે નિરાશ થઈ પલંગ ઉપર લાંબો થઇ સુતો, હાથ ઘસ્યા, રોયો ને મોટી બુમો મારી બોલ્યો "હું ખરેખર કેદખાનામાંજ ફસાયોછું. કેદખાનું તે વળી કેવું કે જેની અંદર ભભકા અને ઠાઠનો તો પારજ નથી. દિવાલો પણ સુશોભિત પથ્થરથી ચણી લીધીછે. છત પણ સોનેરી બુટ્ટા પાડી મનોહર બનાવી છે. બારીઓ તથા જાળીઓનાં ચોકઠાં સુવર્ણના પતરાથી મઢી લીધેલાંછે. સુવર્ણના પીંજરાને સુવર્ણની સાંકળે લટકાવેલું છે. સુવાનો પલંગ પણ સુવર્ણનો રત્નજડીત છે. જમીન ઉપર કીંમતી ગાલીચા બીછાવી દીધાછે. પણ તે સઘળો ભભકો અને ઠાઠ મારે શા ઉપયોગનોછે; સુવર્ણથી શણગારેલા કેદખાના કરતાં લોઢાની બેડીઓ જડી સાધારણ કેદખાનામાં પુર્યો હોતતો વધારે નિવૃત્તીમાં દિવશ જાત. તે સ્થળો

મને ગમે તેવો સુકો પાકો રોટલો પણ મળત અને અત્રે ભુખે મરી જવું પડશે. ભુખ વેઠી કેટલા દિવસ જીવાશે! હે શંકર! હે ઉમાપતિ! અત્રે તારાવિના મારો કોઇ બેલી નથી, માટે તુંજ જો સાહ્ય થશે તોજ મારો જીવ ઉગરશે."

પુનઃ બારી આગળ જઇ બુમો પાડવા માંડી, કે તે સાંભળી કોઈ તેની વારે ધાઈ આવે. પણ કોઇ મનુષ્ય તેની દ્રષ્ટીગોચર થયું નહિ તથા કોઇએ ઉત્તર પણ વાળ્યો નહિ. એ રીતે તેનો પ્રયત્ન નિષ્ફળ નીવડયા પછી જ્યારે તે પલંગ ઉપર પડયો વિલાપ કરતો હતો ત્યારે તેણે પેલી સારિકાને પીંજરામાં પાંખો ફફડાવતી અને ખોરાકને માટે સુવર્ણની કટોરીમાં ચાંચો મારતી જોઈ. પણ તે કટોરીમાં કાંઈ ખાવાનું નહોતું.

હરિસિંહ બોલ્યો "તારો દૈવહીન મિત્ર મહાભારત કષ્ટમાં આવી પડયો છે પણ તને ભુખે મરવા દેશે નહિ હું તારી સંભાળ રાખી બરોબર આગતા સ્વગતા કરીશ અને જોઇતી મદદ આપીશ." એમ કહી પીંજરામાંથી બે કટોરીઓ લીધી. એકમાં હોજમાંથી સ્વચ્છ પાણી ભર્યું અને બીજીમાં પેલા માણસે આપેલી પેટીમાંથી દાણા કાઢી ભર્યા. જ્યારે પેલી બે કટોરીઓ પીંજરામાં મૂકી પાછો ફર્યો ત્યારે મીઠાઈ મેવાથી ભરેલો સુંદર સુવર્ણનો એક થાળ તેની નજરે પડયો. તે જોઈ તેને આશ્ચર્ય લાગ્યું. તેને ભુખ એવી તો કકડીને લાગી હતી કે તે સર્વ કયાંથી આવ્યું તેની કાંઈ પણ તપાસ કર્યા વિના અતિશય ખુશી થતો ને ઇશ્વરનો ઉપકાર માનતો સઘળું અડાવી ગયો. તેના પિતાના ઘરમાં જે જાતના મીઠાઈ મેવા વિગેરે પદાર્થો ખાવાની તેને ટેવ પડી હતી તેના કરતાં આ તદન જુદીજ જાતના હતા, તેમજ સ્વાદે પણ ઉત્તમ હતા. ધરાયો ત્યાં સુધી ખાધા

પક્ષી પાસે પડેલો સુવર્ણનો પ્યાલો લીધો ને હોજમાંથી પાણી ભરી લાવી પીને તૃષા શાન્ત પાડી. ખાધા પછી પલંગ ઉપર પડ્યો પડ્યો વિચાર કરતો કરતો થોડીજ વારમાં નિંદ્રાદેવીને વશ થઈ ગયો.

જ્યારે તે જાગ્યો ત્યારે તેનામાં નવું જોર અને શક્તિ આવી અને તેનો મિજાજ ખુશ જણાયો. ઉઠીને ઓરડામાં ફરવા માડ્યું ત્યારે તેની દ્રષ્ટિએ પેલો થાળ પડ્યો નહિ તેથી તે ગભરાયો પણ તે ગભરામણ તેના અંતઃકરણમાં વધારે વખત રહી નહિ, કારણ કે તેની પૂર્ણ ખાત્રી થઇ હતી કે તેને હવે પછીથી ભુખનું દુઃખ વેઠવું પડશે નાહ. તે સ્થળે તેને બીજું કંઈ કામ કરવાનું નહોતું તેથી ભુખની તૃપ્તી થયા પછી તે જે ઓરડામાં પુરાએલો હતો તે ઓરડાના ખુણે ખુણા તપાસવા માંડ્યા. તેણે બાકી રહેલા થાંભલા, દિવાલો, અને ભોંયતળીયું તપાસ્યું, પણ કોઈ જગાએ એક ફાટ સરખી પણ તેને જણાઈ નહિ. સઘળું પાકા બંદોબસ્ત સાથે મજબુત કરી લીધેલું હતું. બારી તરફ જોવાથી પણ તેને વધારે શોધ કરવાની યુક્તિ સુજી નહીં. તે જમીનથી ઘણે ઉંચે એક વિશાળ મકાનના ઉપલા માળમાં હતો, તેથી દૂર પર્વતોનાં અણીદાર શીખરો તેની દ્રષ્ટી ગોચર થતાં. અંદર શોધ કરવાથી તેની ધારણામાં કંઈ ફેરફાર થયો નહિ, અને દૂરના દેખાવથી તેના વિચારો શાન્ત પડ્યા નહિ. ખરેખર તે સ્થળ તેને કંટાળો ઉપજાવનારું થઈ પડ્યું. એ પ્રમાણે પોતાના પ્રયત્નમાં તે નિષ્ફળ નીવડ્યો. તેથી તેનું ધ્યાન પુનઃ પીંજરામાંના પક્ષી તરફ દોરાયું. તે તરફ નજર કરતાં તેને પોતાના બચાવની આશા જણાઈ પીંજરામાં છતાં તે સારિકા કુદાકુદ કરી મેલી સળીઆ ઉપર ગુલાંટો ખાતી હતી. હરિસિંહે તેના તરફ જોયું એટલે તે

શાન્ત થઈ બેઠી. તેની ચળકતી આંખો ઉપરથી તેનામાં મનુષ્ય જેટલી હોંશીઆરી અને ચતુરાઈ જણાઈ. ફક્ત તેનામાં વાચાની ખોટ હતી.

બીજે દિવસે પ્રાતઃકાળે સારિકા ફરીથી ખોરાક માગતી જણાઇ હરિસિંહે પ્રથમની માફક સુવર્ણની પેટી ઉઘાડી કટોરીમાં દાણા મુકયા અને બીજીમાં પાણી ભરી મુકયું સારિકાને ખાવાનું મુકી આવી પાછો ફર્યો એટલે આગલા દિવસની માફક સર્વ સામગ્રીથી ભરેલો થાળ તેજ જગાએ તેણે દીઠો. બીજો દિવસ પણ તેણે આનંદમાં ગાળ્યો અને બાકીના દિવસો પણ તેજ પ્રમાણે ગાળવા માંડયા. પ્રસંગે પ્રસંગે તે રૂદન કરતો શોક કરતો, પિતાને ઘેર જવાનું સંભારતો, અને સારિકાની સંભાળ લેઈ તેને ખાવાનું મુકતો તેને ખાવાને માટે પણ તેની પુઠ પાછળ સર્વ સામગ્રી સહીત હમેશાં થાળ તૈયાર રહેતો.

નવમે દિવશે પેલો માણસ ઓચિંતો હરિસિંહની કને આવી બોલ્યો "આઠ દિવસ સુધી તે પક્ષીને દાણો પાણી મુકી તારી ફરજ બરોબર બજાવી છે, તેને સારૂં તારા ઉપર મારી અતીશય પ્રીતિ થઈ છે. આજે મારા બાગમાં તને હવા ખાવા લેઈ જવાનો મારો વિચાર છે. સાંજ સુધી ત્યાં આગળ ગમત કરજે."

એમ કહી તે હરિસિંહને એક ગુપ્ત દરવાજે થઇને સાંકડી ચાલમાં લેઈ ગયો. તેને છેડે જઇ તેઓ વીસ પગથીઆં નીચે ઉતર્યા. પછી તેણે એક પીતળનું ચોર બારણું ઉઘાડયું અને તેઓ પુનઃ વીસ પગથીઆં નીચે ઉતર્યા. વળી તેઓ ત્રીજા બારણા આગળ આવ્યા ને ત્યાં પણ વીસ પગથીઆં ઉતર્યા એ પ્રમાણે નવ બારણાં ઓળંગ્યા પછી તેઓ ખુલી હવામાં આવ્યા તે માણસ બોલ્યો "જ્યાં સુધી હું તને બોલાવવા આવું ત્યાં સુધી તું અહીંઆં રહેજે" એમ કહી

તેઓ જે બારણામાં થઈને આવ્યા હતા તેજ બારણા તરફ તે ગયો અને અંદર જઈ વાસી દીધાં તેના ગયા પછી હરિસિંહ પોતે જે મકાનમાં કેદ પુરાએલો હતો તેને બારીકીથી તપાસવા લાગ્યો. તે તેની ચારે તરફ ફરી વળ્યો ને ઘણી ઘણી ખોળ કરવા માંડી. તે નવ માળનો એક સુશોભિત મહેલ હતો ને તેનો દરેક માળ પંદર ફીટ ઉંચો હતો તેને નવી સરખી અને સુંદર દિવાલોથી ચણી લેઈ નવ ખૂણીઓ બનાવ્યો હતો. દરેક માળે ત્રણ ત્રણ બારીઓ મુકેલી હતી. બે જોડેની દિવાલોમાં સાથે બારીઓ ન મુકતાં ત્રીજી દિવાલમાં મુકેલી હતી તે બારીઓ દરેક માળમાં એક બીજી ઉપર સીધી મુકેલી નહોતી, પણ વચમાં ખુણા પાડી છેટે છેટે મુકેલી હતી. દરેક દિવાલમાં ત્રણ ત્રણ બારીઓ થોડે થોડે અંતરે મુકેલી હતી તેથી ઘણું રળીઆંમણું દેખાતું હતું આવી રીતની વ્યવસ્થા અને શોભા આખા મહેલમાં જોવામાં આવતી હતી. સુંદર પીળા આરસના પથ્થરથી દિવાલો ચણી લીધેલી હતી, તેના ઉપર સૂર્યનો તડકો પડવાથી ઘણી ભભકાદાર અને ચળકતી દેખાતી હતી. ઉપલા માળના ઓરડાની માફક બારીઓમાં સઘળે ઠેકાણે સુવર્ણના પતરેથી મઢી લીધેલાં ચોકઠાંવાળી જાળીઓ મુકી દીધેલી હતી. જે છેલ્લા બારણામાં થઇને તે બાગમાં ગયો હતો તે તેજસ્વી લીલા રંગની ધાતુનાં બનાવેલાં હતાં. આવા એકાંતવાસી અને ગુપ્ત કેદખાનામાંથી તેને ખોળી કહાડવાની કોઇપણ માણસ ભાગ્યેજ હીંમત ધરી શકે એમ એ સર્વ દેખાવથી તેની ખાત્રી થઈ તેના અંતઃકરણમાં તે વખતે એક જુદીજ જાતનો વિચાર પ્રગટ થયો "હમણાં હું કેદ પુરાએલો નથી. બાગમાં બેઠો બેઠો ખુલ્લી હવાની લહેરમાં મન સાથે ઘડભાગ કર્યા કરૂં છું. ઝાડ ઉપર ચઢી જોતાં જો કોટની

બહાર જવાનો માર્ગ સુઝે તો પોબારા ગણી જાઉં."

આવો વિચાર તેના મનમાં પ્રગટ થતાં તે મેહેલને તપાસવો પડતો મુકી બાગમાં ચોગરદમ તપાસ કરવા મંડી પડયો તો તેની પૂર્ણ ખાત્રી થઇ કે તેના વિચારમાં તે નિષ્ફળ નિવડયોછે. થોડા ડગલાં ચાલ્યો એટલે તે લોઢાના સળીઆથી જડી લીધેલા એક મજબુત દરવાજા આગળ આવ્યો. સળીઆ એવા નજીક નજીક જડી લીધેલા હતા કે તેનો હાથ પણ અંદર આવી શકયો નહિ. તેણે સળીઆ પકડી ઉપર ચડવાનો પ્રયત્ન કરવા માંડયો પણ ચડતાં ચડતાં લપશી ગયો ને તેના ઘુટણને એવી સખત ઈજા થઇ કે દુઃખ સહન નહીં થયાથી તે ધબ લેઇને જમીન ઉપર ચતાપાટ પડયો. થોડીવારે વળી લથડીઆં ખાતો ખાતો તે ઉભો થયો અને દરવાજાના બંધ બારણાને બારીકીથી તપાસવા મંડયો. તેની સઘળી મહેનત વ્યર્થ ગઇ ને નાશી જવાનો બિલકુલ લાગ મળ્યો નહિ; કારણકે લોઢાના સળીઆ ઉંચા, લીસા ને બરછીના જેવા અણીદાર હોવાથી તેના ઉપર તેનાથી ચઢી શકાયું નહિં. એ પ્રમાણે પ્રયત્ન કરતાં પણ નાશી જવાનો લાગ ના મળ્યો ત્યારે હીંમત હારીને સુર્યના સખત તાપથી કંટાળીને શ્રમ નિવારણાર્થે એક ઘટાદાર વૃક્ષના છાંયા નિચે જઇને નિશ્વાસ નાંખી લાંબા ટાંટીઆ ઘાલી શોકસાગરમાં ગરકાવ થઈ બેઠો ને પોતાના પ્રારબ્ધ વિશે વિચાર કરવા માંડયો. કેદખાનામાં પુરાયાના દુઃખ ભેગુ વળી તેને પિતાના વિયોગનું દુઃખ પણ સાંભરી આવ્યાથી ઘણુંજ રોયો ને ખરા મધ્યાહનની સખત ગરમી સહન ન થયાથી થોડીવાર આમ તેમ આળોટયા પછી તે નિંદ્રાદેવીને વશ થઈ ગયો. થાકેલો અને ભુખ્યો હોવાથી તે ઘસ ઘસાટ ઉંઘ્યો, ને જાગ્યો ત્યારે સર્વ સામગ્રીથી ભરેલો થાળ તેની

નજરે પડયો. પેટને ભાડું આપી તેણે ભુખનું દુખતો વિસારે નાખ્યું. વળી તે બાગમાં ભમવા ગંડયો. ભમતાં ભમતાં એવા વિચાર તેના અંતઃકરણમાં ઉપત્પન્ન થવા માંડયા કે ઝાડની ડાળીઓ કાપી લાવીને નીસરણી બનાવું તો દરવાજાના બારણા ઉપર ચડીને નાશી જવાનો લાગ ફાવે; પણ તે કામને જોઇતાં સાહીત્યો તેની પાસે નહોતાં. હમેશાં જે તરવાર તે પોતાની પાસે રાખતો હતો તે પણ તેણે મહેલના ઉપલા માળના ઓરડામાં પલંગ ઉપર મુકી હતી ત્યાંથી લેવી ભુલી ગયો હતો. એ પ્રમાણે રખડતાં અને ભમતાં સંધ્યાકાળ થવાનો વખત થયો એટલે પેલા માણસે આવી બુમ પાડી "બહાદુર યુવાન, સંધ્યાકાળ થવાનો સમય થયો છે; મારી પાછળ મહેલમાં આવ." એમ કહી તેને તે મહેલના ઉપલા માળના ઓરડામાં લેઈ ગયો અને ત્યાં મુકી પુરતો કબજો કરી ચાલ્યો ગયો. તે ઓરડામાં તે વખતે તેને કોઈ પણ જાતનો ફેરફાર થયેલો જણાયો નહિ, પણ સારિકા તરફ નજર કરતાં તેને દુઃખી સ્થતિમાં જોઈ, પીંજરામાં સળીઆ ઉપર ચુપકીથી બેઠી બેઠી તે રડતી હતી, તેની પાંખો વિખરાએલી હતી. અને આંખોમાંથી ચોધારે આંસુ ચાલી રહ્યાં હતાં

તેની સામું જોઈ હરિસિંહ બોલ્યો "ગરીબ બિચારા પ્રાણી તને શું થયું છે? શું તું માંદુ થઈ ગયુંછે? કોઈ દિવશ નહિ ને આજે તારી આવી સ્થિતિ કેમ થઈ છે?" એવા દિલાસા ભરેલાં વચન સાંભળી તે પક્ષી જાણે તેને કંઈ ઉત્તર દેવા જતું હોય તેમ જણાયું, પણ અવાચક હોવાથી કાંઈ જવાબ દેઈ શકયું નહિ. પક્ષીની એવી સ્થિતિ જોઇને હરિસિંહને ઘણો ખેદ અને વિસ્મય થવા લાગ્યો અને તેના તરફ કરૂણા દ્રષ્ટિથી જોવા લાગ્યો. તેને સાહ્ય કરવાની

કાંઈ ગમ ન પડવાથી પોતાના પલંગ ઉપર જઇ પાછો બેઠો. પછીના દિવસો તેઓ હમેશની પેઠે ગાળવા લાગ્યા, એટલે બરોબર નવમે દિવસે વળી તે માણસ પાછો આવ્યો, પહેલાંની માફક હરિસિંહને તે બાગમાં મુકી આવ્યો અને સંધ્યાકાળ પડી એટલે પાછો આવી ઉપલા માળના ઓરડામાં તેને પુરી બારણાં મજબુત અડકાવી ચાલ્યો ગયો.

તે ગુપ્ત સ્થળમાં ઘણા મહીના વહી ગયા. દરેક નવમે દિવસે તે માણસ આવતો અને હરિસિંહને બાગમાં મુકી આવતો; પણ બાગમાં ફરવાથી અને ખુલ્લી હવા લેવાથી તેને બિલકુલ ચેન પડતું નહિ. કોઈ કોઈ પ્રસંગે તે કેદખાનામાં સપડાયાનું કારણ અને તેમાં તેને કયાં સુધી સડ્યા કરવાનું છે તે પેલા માણસને પુછતો. તે તેને કંઈ ઉત્તર આપતો નહિ, પણ ફકત એટલુંજ બોલતો કે "દરેક માણસની સ્થિતિનો આધાર તેના પ્રારબ્ધ ઉપર હોયછે તે પ્રમાણે તારી હાલની સ્થિતિ તારા પ્રારબ્ધને અનુસરીને થયેલી છે, તે જ્યાં સુધી પ્રારબ્ધનું પ્રાબલ્ય રહેશે ત્યાં સુધી ચાલુ રહેશે."

પ્રકરણ ૪ થું.

બચાવ.

રીવાજ પ્રમાણે એક દિવસ તે માણસ પાછો આવ્યો અને હરિસિંહને બાગમાં લેઇ ગયો. કલાકેક બાગમાં તે રહ્યો નહિ એટલામાં તો તે પાછો આવ્યો અને હરિસિંહને અંદર બોલાવ્યો. હરિસિંહ જેવો અંદર દાખલ થયો કે તુર્તજ તે માણસ આકુળ વ્યાકુળ બનેલો મોઢેથી કાંઇ બરબડતો બરગડતો ગુમ થઇ ગયો. હરિસિંહ જ્યારે પીંજરા પાસે ગયો ત્યારે જે પક્ષી ઉપર તેની દિન પ્રતિદિન પ્રીતિ વધતી જતી હતી તે પક્ષીને રોજના કરતાં વધારે શોક

સાગરમાં ખુડેલું પીંજરાની તળીએ બેઠેલું દીઠું. તે તેની છેક નજદીક ગયો તો આગળ કોઇ દિવસ નહિ જોયેલું એવું એક નાનું બારણું તેણે દીઠું. વધારે બારીકીથી તપાસ કરતાં સુવર્ણના તારથી ગુંથેલી દોરી સાથે તે બારણાનો આગળો બાંધેલો તેની દ્રષ્ટિ ગોચર થયો. તે બનાવવામાં એવી યુક્તિ વાપરી હતી કે હરિસિંહની નજર દૈવયોગે તેના ઉપર પડી હોત નહિ તો બીજા માણસને તે કોઇ પણ કાળે શોધી કાઢવાનું બહુ મુશીબત ભરેલું થઇ પડે તેવું હતું. બારણાને તાળુ વાસેલું નહોતું તેથી આગળો ખેંચી તેણે પીંજરાનું બારણું ઉઘાડયું. બારણું ઉઘાડતાંની સાથે તે સારિકા ઘણો આનંદ પામી ગેલ કરવા મંડી પડી અને કુદીને બહાર આવી.

પૃથ્વી ઉપર પડતામાંજ તેનું રૂપ પલટાઇને સારિકાને બદલે એક અપૂર્વ મદોન્મત્ત યુવાન અબળા હરિસિંહના આગળ ઊભી રહી. તેણે સુંદર રેશમી કાળી સાડી પહેરેલી હતી તથા તેની ચોળી ગુલાબી લપેટાની હતી. તેના સુંદર કાળા વાળની લટો તેની ગરદન અને ખભા ઉપર લટકતી હતી અને કપાળે હીરા જડીત દાંમણી બાંધેલી હતી. તેનું નાજુક બદન ચંપા વર્ણું હતું અને તેના ગાલની લાલી ગુલાબના ફુલ્લ જેવી હતી. દાંત દાઢમની કળી જેવા હતા. શરીરનો બાંધો મજબૂત હતો પણ ભયને લીધે તેનું બદન ધ્રુજતું હતું. તે એકાએક બોલી ઉઠી "હે સત્પુરૂષ, મારૂં રક્ષણ કરો ! મારૂં રક્ષણ કરો ! ને આ દુષ્ટના પંજામાંથી મને ઉગારો ! એટલું બોલતાંજ તે રૂદન કરવા લાગી તેથી હરિસિંહને અનુકમ્પાની સાથે મોટુ આશ્ચર્ય ઉત્પન્ન થયું, ને આ નવું કૌતક જોઈ સહેજ ગભરાટ થયો; પણ તરતજ સાવધ થઇ તેણે તેને પૂછ્યું, "બાઈ, તું કોણ

છું તેનો મને સત્વર જવાબ દે! શું એ દુષ્ટે તને પણ મારી માફક ફસાવેલી છે! શીવ! શીવ! મારૂં ગમે તેમ થાય પણ એ ક્રૂર દુષ્ટને હવે હણવોજ જોઇએ ને આ અબળાને આફતમાંથી ના ઉગારૂં તો આ દેહ શા કામનો છે! આ શબ્દ સાંભળતાં તે કન્યાને કાંઈ શાન્તિને ધીરજ આવી તેથી તેણીએ જવાબ દીધો "હે વિરપુરૂષ! હું એક ફસાએલી રાજકુંવરી છું. હું ચંદ્રાવતી નગરીના રાજા અભેસિંહની એકની એક પુત્રી છું. મારૂં નામ ચંદનમંજરી છે, હું એક પતિવ્રતા સન્નારી છું અને આ ક્રુર રાક્ષસી સ્વભાવના જાદુગરે મારા પિતાના મહેલમાંથી કપટ રચી મને અત્રે લાવી આ પીંજરામાં પુરી રાખીછે. તેની દાનત ના પાક છે. તમને બાગમાં મુકી આવ્યા પછી તે મારૂં પીંજરૂં ઉઘાડી મને સ્ત્રીના રૂપમાં લાવે છે ને મોટી મોટી આશાઓ આપી મારૂં પતિવ્રત ભંગ કરવા ઇચ્છે છે. તે માયાળુ પણાથી પ્યારનાં વચનો બોલી મારી સાથે પ્રીતિ કરવા પ્રયત્ન કરે છે, પણ મારૂં પતિવ્રત સાચવવાની ફીકરથી તેના વિશે મને એટલો બધો અંણગમો ઉપજે છે કે હું આખા ઓરડામાં એક છેડાથી બીજા છેડા સુધી દોડમ દોડા કરી મુકી તેના પંજામાંથી છુટવાનો પ્રયત્ન કરી તેને શ્રાપ દેવાની ધાસ્તી આપું છું. તે પણ જ્યારે થાકે છે ત્યારે ખુણામાં જઇ બેસેછે. વળી થોરીવાર પછી મને ફોસલાવવા પોતાનો પ્રયત્ન જારી કરે છે, ને આ મહેલની તથા તેના વૈભવની અનેક વાતો કરી મારૂં મન ખેંચવા કોશીશ કરે છે. એમ કરતાંએ જ્યારે તેની ઉમેદ પાર નથી પડતી અને સંધ્યાકાળ થાય છે ત્યારે ક્રોધાવેશમાં મને પાછી પક્ષીરૂપ બનાવી પીંજરામાં પુરી ચાલ્યો જાય છે. આવી સ્થિતિમાં મને એક વર્ષ વિતી ગયું છે. જ્યારથી પીંજરામાં પુરી ત્યારથી રોજ

ધારતી આપે છે, અને કહે છે કે હવે વધારે વાર વિલંબ કરીશ નહિ. કોઈ કોઇ પ્રસંગે શિક્ષા કરવાનો પણ ભય દેખાડે છે. આ સ્થળે ઇશ્વર તથા તમારા વિના બીજો કોઇ મારો બેલી નથી; માટે તમે તમારી સર્વ યુકિત પ્રયુકિતઓ કામે લગાડી આ એક નિરાધાર અબળાને બચાવશો એવી આશા રાખુંછું." એટલું બોલી તે ચોધાર આંસુ પાડી રડવા મંડી.

હરિસિંહ બોલ્યો "હે યુવાન, સુરૂપા, ગુણવાન અને નાજુક રાજ કન્યા તારા છુટકારા સારૂ ઘણી ખુશી સાથે મદદ કરવા તૈયાર છું, પણ, અરે દૈવ! હું જાતેજ નિરાધાર છું અને મારો પોતાનો છુટકારો કરવા અશકત છું, તો તારો છુટકારો કરવા યુકિતઓ યોજવી તે ઘણું મહાભારત કાર્યછે. હરિસિંહને જ્યારે તેના નિરાધારપણા વિશે ઉંડો વિચાર કરતાં જોયો ત્યારે ચંદન મંજરીને પોતાની સહીસલામતીને માટે આશા રહી નહીં. તે બોલી "આજે કાંઈ શુભ ચિન્હ જણાય છે; કારણ કે જાદુગરને કોઇને ત્યાંથી એકાએક તેડું આવવાથી તે આપણને આવી સ્થિતિમાં મુકી ચાલતો થયોછે. તે એટલી ત્વરાથી ગયો કે દૈવયોગે પીંજરાનો બંદોબસ્ત કરવો ભુલી ગયો. આજે મારો જન્મ દિવસ છે તેથી હું જાદુગરની સત્તાથી મોકળી થઈછું. બીજે કોઈ દિવસે આ પ્રમાણે બનાવ બન્યો હોત અને તમે મને પીંજરામાંથી બહાર કહાડી હોત તોપણ હું પક્ષીના રૂપમાંથી કન્યા રૂપમાં પાછી આવી શકત નહિ. પૃથ્વીને અડકવાથી મારાં મૂળ સ્વરૂપમાં હું આવીછું તેનું કારણ એવુંછે કે મારી વર્ષ ગાંઠને દિવસે જાદુગરની સત્તા મારા ઉપર ચાલી શકતી નથી; તે સિવાય બીજા બધા દિવસોએ તેનું જોર ઘણું રહેછે. સર્વ જાદુ આ પીંજરામાં છે. આજે

પણ જો હું પીંજરા બહાર નીકળવા પામી ન હોત તો હું પક્ષીનાજ રૂપમાં રહેત."

હરિસિંહે સર્વ વૃત્તાંત સાંભળી લીધા પછી પીંજરાને હાથમાં લઈ બોલ્યો " જો જાદુઇ અસર આ પીંજરા ઉપર થતી હોય તો આપણે તેને ભાગી ભૂકો કરી નાંખીશું." એમ કહી તેણે પીંજરૂ પૃથ્વી ઉપર જોરથી ફેંકી દીધું ને લાતોના પ્રહારથી તેનો ભાગી ભૂકો કરી નાંખ્યો. પછીથી પગવતી ગબડાવીને ઓરડાના એક ખુણામાં ફેંકી દીધું. તેજ ક્ષણે મેઘની ગર્જના જેવો એક મોટો ભયંકર અવાજ થયો. આખો ઓરડો ધરતી કંપ માફક ધ્રુજતો જણાયો. ઓરડાનાં બારણાં જે બંધ હતાં, તે તુર્ત ઉઘડી ગયાં, પડદા ખશી ગયા અને પેલો જાદુગર ક્રોધાવેશથી લાલચોળ થયેલો તેમની આગળ આવી ઉભો રહ્યો. તે બોલ્યો " અરે, નિર્માલ્ય જંતુઓ, તમે આ શું કર્યું ? શું એમ કરવાથી તમે મારી સત્તામાંથી મુક્ત થઈ શકશો ? ના, ના કદી પણ નહિ. એ તમારી ધારણામાં તમે કદી ફાવી જનાર નથી. પીંજરૂં ક્યાં ગયું ? શું તમે ભાગી નાંખ્યું ? વાહ ! ખરેખર કોઈ હીંમતવાન યુવાન દેખાયછે. પણ સબુર, આમ કરી કેટલું ધાર્યું બર લાવોછો. જોઉંતો ખરો."

તેના આવા સપાટાથી પ્રથમ હરિસિંહ ગભરાયો અને કાંઈ પણ ઉત્તર વાળ્યો નહિ. વળી જાદુગર ચંદનમંજરી તરફ ફર્યો ને બોલવા મંડયો " અરે, બેવકુફ રાજ્ય કન્યા, તું એમ ધારેછે કે આ નિર્માલ્ય યુવાન પુરૂષ તને મારી સત્તામાંથી મુક્ત કરી શકશે ? હું તને બતલાવી આપુછું જે મારી સત્તાની સામે થવામાં કેટલું સંકટ વેઠવું પડેછે."

તેણે પોતાના કાળા ઝભ્ભાના ગજવામાં હાથ ઘાલી એક સુશોભિત પેટી કાઢી. પેટી ઉઘાડતામાંજ એક શ્વેત પક્ષી

બહાર ઉડી આવ્યું ને પલંગ ઉપર જઈ બેઠું. વળી તેણે પોતાની કમ્મરમાંથી એક બીજી પેટી કહાડી તેમાં બાજરીના દાણા જેટલા મોટા દાણાવાળું કોઈ પ્રકારનું ધાન્ય ભરેલું હતું; તેમાંથી થોડા દાણા લેઈ તેણે પક્ષીના મોં આગળ મુક્યા. તે પક્ષીએ તેમાંથી એક બે દાણા ખાધા કે તુર્ત તે બદલાઇને એક કદરૂપો ઠીંગુજી થઈ રહ્યો. તે મૂર્તી જોઈ હરિસિંહને ચંદનમંજરી બન્નેએ એક ભયંકર ચીસ પાડી. તેનું માથું મોટું ને જાડું હતું, તેની આંખો લાલચોળ હતી, તેનું નાક નાનું ને ચપટું હતું, તેના હોઠ જાડાને આશમાની રંગ જેવા હતા, તેની હડપચી પહોળીને આગળ નીકળી આવેલી હતી, તેનું ઉપસેલું કપાળ લમણાથી બહાર પડતું હતું અને તેના માથા ઉપર થોડા આછા બરછટ વાળ ઉગેલા હતા. તેની છાતી આગળ નીકળી આવેલી હતી, વાંસે ખુધ હતી અને તેના ખભા માથા સુધી એટલા બધા ચડી ગયા હતા કે તેના કાન બિલકુલ દેખાતા નહોતા. તેનું માથું બહુ મોટું હતું અને શરીર ઘણું કદરૂપું હતું. તેના પગ એવા પાતળા અને નબળા હતા કે તે શરીરનો ભાર ઉચકી શકતા નહોતા. ચાલતી વખતે તે ધ્રુજતો ધ્રુજતો ડગલાં ભરતો હતો.

આ દૈવહીન પ્રાણીને પેલા જાદુગરે કહ્યું "મારા પ્યારા અનુચર ! જો પેલી મારી પ્યારી ઉભીછે. તેની પાસે જા અને તેને સમજાવ કે તે વધારે વિલંબ ન કરતાં તેની સ્ત્રી હઠ છોડી દેઈ મારી મરજીને તાબે થાય. તેની સેવા ઉઠાવવાને આ યુવાન પુરૂષને લાવી અહીંઆ કેદ કર્યોછે તેને પણ તેની ઉદ્ધતાઈનું ફળ હું સત્વર આલુછું."

તે કદરૂપો ઠીંગુજી પીસાચરૂપી ભયંકર હાસ્યથી રાજ કન્યા તરફ ગયો એટલે તેણે કંટાળો ખાઈ પોતાનું મોં ફેરવ્યું

અને બે હાથ લાંબા કરી એક હડસેલો માર્યો કે તે અમળા ઇને જમીન ઉપર પડયો. હરિસિંહને તે જોઈ લાગલીજ હીંમત આવી. એકદમ સાહસ કરવાનો નિશ્ચય કરી તે જાદુગર ઉપર તલપ્યો અને પોતાની તરવારથી એવો એક સખ્ત ઘા કર્યો કે તેના બે કડકા કરી નાંખી તેને યમદ્વારે વિદાય કરી દીધો. પછી એકદમ ઠીંગુજી તરફ ફરી તેને પણ યમપુરીમાં મોકલવાને તત્પર થયો એટલામાં તે ઠીંગુજી અતિભયભીત અને ગાભરો થઈ તેને પગે લચી પડયો ને અતિ કાલાંવાલાં કરી જીવતદાન માગ્યું. હરિસિંહ મૂળથીજ દયાળુ સ્વભાવનો હોવાથી તેના પર દયા કરી ગયો અને તેનો પ્રાણ નહિ લેતાં તેની દુષ્કૃતીને માટે તેના નાક કાન કાપી લેઈ લાતનો એવો એક પ્રહાર કર્યો કે તે બે શુદ્ધ થઈ ગયો. પછી હરિસિંહ લાગલોજ ચંદન મંજરીનો હાથ ઝાલી તેની સાથે ઉઘાડાં રહેલાં બારણામાંથી પગથીઆં ઉતરી બાગમાં ગયો. તેઓ બન્ને લોખંડના સળીઆ જડેલા દરવાજા નજદીક ગયાં પણ તે બંધ કરેલો હતો. દૈવયોગે આગલે દિવસે એક જબરૂં તોફાન થવાથી એક વૃક્ષ જડ મૂળમાંથી ઉખડી દરવાજાની લોખંડની જાળી આગળ પડયું હતું, અને તેની ડાળીઓ દરવાજાની બીજી ગમ લટકતી હતી. તે જોઈ હરિસિંહ ખુશી થયો. તેણે ઝાડ ઉપર ચડી ચંદનમંજરીને પાછળ ખેંચી લીધી, અને ઘણી સાવચેતીથી બેઉ જણાં દરવાજાના અણીદાર લોખંડી સળીઆ ઉપર થઈ લટકતી ડાળીઓની મદદ વડે બીજી બાજુએ ધીમે રહી નીચે સરી પડયાં. તોપણ તેઓ પૃથ્વીથી થોડે ઊંચે અધર લટકતાં રહ્યાં. નીચે નજર કરતાં જમીન બહુ નીચી નહોતી તેથી તેઓ ડાળીઓ છોડી દેઈ જમીન ઉપર કુદી પડયાં, ને તેઓ બંધનમાંથી મુકત થયાં તેને માટે ઈશ્વરનો બહુ બહુ ઉપકાર માની તેની પ્રેમ પૂર્વક સ્તુતિ કરી. પછી તેઓ ત્યાંથી

તે અજાણે રસ્તે ભયંકર અરણ્ય વિગેરે ઘોર અટવીનાં અસહ્ય દુઃખો વેઠતાં સામેના પર્વતો તરફ ચાલ્યાં.

તે બેઉ જણે પાછું વાળી જોયા વિના એગને એમ કેટલાક કલાક સુધી ચાલ્યા કર્યું. અંતે ચંદનમંજરી થાકી ગઈ; તેનામાં આગળ ચાલવાની બીલકુલ શક્તિ રહી નહિ, તેથી તેણે પોતાના મિત્રને થોડો વખત આરામ લેવા કહ્યું. હરિસિંહે લીલી આછા ઘાસવાળી સ્વચ્છ અને છાયાવાળી જગ્યા ખોળી કહાડી. તેઓ બેઉ જણ ત્યાં શ્રમ નિવારણાર્થે બેઠાં. થોડો વખત વિશ્રાંતી લીધા પછી હરિસિંહે ચંદનમંજરીને મુખથી તેનું વૃતાંત કહેવાનું કહ્યું એટલે તેણે તે કહેવાનું શરૂ કર્યું.

પ્રકરણ ૫ મું
ચંદન મંજરીનો વૃતાંત.

તે બોલી "મારો નાનપણનો હેવાલ ઘણો સાદો અને સાધારણ છે. મને ચંદનમંજરી કહીને બોલાવે છે, અને હું ચંદ્રાવતી નગરીના મહારાજા અભેસિંહની એકની એક પુત્રી છું. મારી માને ચંદ્રાવતીનો કોઈ વેહેપારી ગુલામડી તરીકે લાવ્યો હતો. તેણે તેને અભેસિંહ મહારાજાને વેચાતી આપી. તેની અતિશય ખૂબસુરતી અને બદનની નાજુકતાજોઈ રાજા મોહીત થઇ ગયા, અને તેમની સઘળી રાણીઓમાં પટરાણી બનાવી. મેં મારી માની દેખરેખ નીચે મારી બાલ્યાવસ્થા આનંદને મોજ મજામાં ગાળી. તે ઉત્તર તરફના થંડા દેશમાં રહેનારી હતી અને મારા બાપના મુલકની અતિશય ઊષ્ણતાથી તેની તંદુરસ્તીમાં ફેરફાર થવા લાગ્યો અને મારી દશ વર્ષની વય થતાં મને તથા મારા પિતાને તજી તેના પેદા કરનારની હજુરમાં જઈ ખડી થઈ. મારી બાલ્યાવસ્થા હોવાથી મારી માના મર્ણનો મને

ઘણો શોક થયો નહિ, તેથી થોડા દિવસ વિસાબાદ હું પાછી સુખ ચેનમાં દિવસ ગુજારવા લાગી. મારા પિતાને હું એકની એક હોવાથી તે પોતાના સઘળા ખજાના કરતાં પણ મને વધારે કિંમતી ગણી મારા ઉપર અતિશય પ્યાર રાખતા હતા. મારી બરદાશને કેળવણી માટે તેમણે એક અનુભવી, શાણીને વિદ્વાન સ્ત્રી રાખી હતી. મારા પિતા રાજકાર્યમાંથી નિવૃત્ત થઈ દરરોજ સાંજના કેટલોક વખત મારી સાથે વાતચિત કરવામાં ગાળતા. કોઇ કોઈ વખત તે મને અમારા નગરથી થોડેક અંતરે દરીઆ વચ્ચે આવેલા બેટ ઉપર બાંધેલા તેમના દરીઆ મેહેલમાં વહાણમાં બેસારીને લઈ જતા. તે મહેલની આસપાસ સુંદર બાગ બનાવેલો હતો. ત્યાં આગળ અગાસીમાં જ્યારે અમે બેસતાં ત્યારે દરીઆનો દેખાવ જોઇને તથા તાજો પવન આવતો તેથી અમારા મનને અતિશય આનંદ થતો. નગર માંહે આવેલી વાડીઓના કરતાં તે બાગનાં ફળ ઝાડ તથા ફુલ ઝાડ વધારે લીલાં અને ખુશનુમા દેખાતાં હતાં. કોઇ કોઇ પ્રસંગે દિવસોના દિવસો અમે તે દરીઆ મહેલમાં ગુજારતાં. એક સમયે કેટલીક સાહેલીઓ સાથે હું મારા પિતાના નગરમાં સરોવરના કીનારા ઉપર આવેલા દેવાલયમાં શ્રી અંબીકા પુજન કરવા જતી હતી તે વખતે એક રાજકુવરની દ્રષ્ટી મારા ઉપર પડી અરસપરસ એક બીજાનાં લોચન કેટલીકવાર ઠર્યાં પછી પ્યારની ઊર્મી બંનેમાં ઊત્પન્ન થઈ અને એક બીજાના હમેશના સાથી થવાના સદ્વિચારે તેજ વખતે મૂળ નાખ્યું. પછી ઘણો વિલંબ થઈ જવાથી હું મારી સાહેલીઓ સાથે પુજન કરી ઘેર આવી પરંતુ તે રાજકુંવરે મારૂ મન હરિ તેમાં દ્રઢ નિવાસ કર્યો હતો. તેમની છબી નિરંતર મારી આગળ ખડી થવાથી એક વિશ્વાસુ દાસીને

તેમના વિશે તપાસ કરવાને મોકલી. તપાસ કરી દાસીએ મને નીચે પ્રમાણે ખબર આપી, "તેઓ જયંતીપુરના રાજાના એક કુંવર છે અને તેમનુ નામ ચંદ્રસેન છે. તેઓ પણ તમારા રૂપ, ગુણ અને ચાતુરીની કીર્ત્તિ સાંભળી અતિ મોહીત થયા છે અને અનાયાસે તમારી છબી તેમના હાથમાં જવાથી તેમનો તમારી સાથે લગ્ન કરવાનો સંકલ્પ ઉત્પન્ન થયો છે. પરંતુ પોતે વિદ્વાન અને ગુણ ગ્રાહિન હોવાથી તેમજ રૂપમાં અશ્વની કુમારને બાજુ પર મુકે એવા હોવાથી જાતે તમારા વિશે ખાતરી કરી લેવા આપણા નગરમાં પધાર્યા છે."

આ વાત મેં મારી પુજ્ય સ્ત્રી ગુરૂને નિવેદન કરતાં તેમણે ઘણો હર્ષ બતલાવી તે વાત મારા પિતાને જાહેર કરી. તે વાત સાંભળી મારા પિતાએ અમારા વૃદ્ધ પ્રધાનને ચંદ્રસેનને બોલાવવા મોકલ્યા અને તેમને અમારા મહેલના એક ભાગમાં ઉતારો આપ્યો. પ્રસંગોપાત અમે બેઉ જણ સાથે બાગમાં રમતાં તથા જુદા જુદા વિષયો ઉપર ચર્ચા ચલાવી એક બીજાની પરીક્ષા કરતાં થોડા વખતમાં અમારી વચ્ચે પુષ્કળ પ્રેમ વધ્યો. તેમની બોલવાની ઢબ છબ અને વિદ્યામાં નીપુણતા જોઈ હું છક થઈ જતી. મારા પિતા પણ તેમને જોઇને અતિસંતુષ્ટ થતા તથા તેમના રૂપ ગુણ અને ચાતુરી જોઈ તેમને મારા ભવિષ્યના સાથી કરવાનો દ્રઢ નિશ્ચય કીધો. મારા અને તેમના ગ્રહ મળતા આવવાથી તેમની સાથે મારૂં લગ્ન કરી તેમને ઘર જમાઈ તરીકે રાખ્યા. તેઓ પણ કોઈ કોઈ વખત અમારી સાથે દરીઆ મહેલમાં આવતા. એક પ્રસંગે એવું બન્યું કે અમે ત્રણ જણ મહેલની અગાશીમાં બેઠાં બેઠાં વાત ચીત કરતાં હતાં તેવામાં દૂરથી એક વહાણ આવતું દ્રષ્ટિગોચર થયું. થોડીવારમાં તે બેટ

નજીક આવી ઉભું રહ્યું, એટલે તેમાંથી એક પરદેશી માણુસ હોડીમાં બેશીને મહેલના બારણા આગળ આવી પહોંચ્યો અને ઉપર અમારી પાસે આવવા સિપાઇ પાસે પરવાનગી માગી; વળી તેણે એમ જણાવ્યું કે તે એક પરદેશી વેહેપારી છે અને તેની પાસે ઘણો કિંમતી સામાન વેચવાનો છે. સિપાઇએ આવીને અમને ખબર આપી તેથી તે પરદેશીનો માલ જોવાની મારી ઊત્કંઠા થઈ એટલે મારા પિતાને તેને ઉપર આવવા પરવાનગી આપવા મેં વિનંતી કરી. તે ઉપર આવ્યો અને અમને રીતસર માન આપી નીચે બેઠો. તેણે સુવર્ણના હીરા જડીત કિંમતી દાગીના અમારી આગળ મુકયા, તેમાંના કેટલાક મને પસંદ પડયા તેથી મારા પિતાએ મારે માટે ખરીદ કર્યા એટલે મારી ખુશીનોતો પારજ રહયો નહિ. માલ બતાવતાં બતાવતાં તેની નજર વારંવાર મારી તરફ ફરતી હતી, અને મારૂં હસતું મુખ જોઈ તે ખુશી થતો જણાતો. વળી તે કેટલાક શબ્દો બોલ્યો તેની મતલબ એવી હતી કે તેની પાસે અમારી આગળ મુકેલા માલના કરતાં પણવધારેભારે કિમતીદાગીના તથા માલ વહાણ ઉપર હતા. તેની સાથે વહાણ ઉપર કેટલાંક વિચિત્ર પક્ષીઓ પણ હતાં તેમાં એક સુંદર સારિકા હતી. તેના એ બોલોગી હુ એટલી બધી અધીરી થઈ ગઈ કે બાકીનો સામાન તથા પક્ષીઓ જોવા તે વહેપારીની સાથેવહાણ ઉપર જવા દેવાની મેં મારા પિતા પાસે રજા માગી. ઘણી આનાકાની કર્યા પછી મારા પિતાએ મને તેની જોડે તેના વહાણ ઉપર સાથે કેટલાંક માણુસો લેઇને જવાની રજા આપી, પણ તે પ્રમાણે કરવા દેવાની તે વહેપારીએ સાફ ના કહી. તે બોલ્યો “ હોડીમાં ફકત ત્રણ માણુસજં બેશી શકશે, અને હું મારો માલ હલકા નોકરો વિગેરેઆદમીઓને કદી બતલાવતો નથી. મા-

રી પાસેની વસ્તુઓ માત્ર રાજકુંવરો તથા રાજ કન્યાઓ ને બતલાવવા યોગ્ય છે તે હું કદી બીજાને દેખાડીશ નહિ. વળી તમે તમારી પુત્રીને મારી સાથે મોકલશો તો હું તેની બરોબર બરદાશ રાખીશ અને થોડા વખતમાં તમારી આગળ તેને લાવી હાજર કરીશ. તેમ છતાં તમને મારો વિશ્વાસ ના આવતો હોય તો રાજકુંવર ચંદ્રસેનને તેની સાથે ઘણી ખુશીથી આવવા દો."

અમે બન્ને જણ તે વહેપારીની સાથે વહાણ ઉપર ગયાં. ત્યાં આગળ તરેહ તરેહનાં અજાણ્યા જનાવરો તથા નવાઈની વસ્તુઓ જોઇને અમે છકજ થઈ ગયાં. વહાણના પાછલા ભાગમાં જ્યાં ખલાસીઓ બેઠેલા હતા તેમાં કેટલાક વાંદરાં પણ હતાં. ડોલની ટોચે મોર બેસાડેલો હતો. એક ઓરડામાં સુવર્ણના સળીઆ વાળા અજાનુસના પીંજરામાં જાત જાતનાં પક્ષીઓ કલોલ કરી રહ્યાં હતાં. આ બધું જોઈ રહયા પછી પેલી સુંદર સારિકા જોવાની મારી ઇચ્છા થઈ, પણ તે મારી નજરે પડી નહિ. તેને એક પીંજરામાં ઘાલી છેક ઊંચે ટાંગેલી હતી પીંજરૂં ઘણું ઊંચું ટાંગેલું હતું તેથી તેને નીચે મારી પાસે લાવવા મે પેલા વહેપારીને વિનંતી કરી. તેણે પીંજરૂં હેઠે ઉતારી સારિકાને બહાર કહાડી મારા હાથ ઉપર બેસાડી. વહેપારી બોલ્યો "તે પક્ષીમાં એક એવો વિચિત્ર ખેલ છે કે તે થોડા દિવસ જીવીને મરી જાય છે. પણ મારી પાસે તેને સજીવન કરવાની એક એવી યુક્તિ છે કે દરેક અઠવાડીઆમાં હું તેને મંત્રેલા દાણા ખવરાવું છું એટલે તે નવ દિવસ સુધી જીવતી રહેછે." જેના વિશે મેં પ્રથમ કોઈ પણ દિવસ સ્વપ્નામાંએ સાંભળેલું નહિ તે મંત્રેલા દાણા જોવાને માગ્યા. તેણે એક નાની ડબી ગજવામાંથી લેઈ ત્રણ દાણા કાઢયા. તેમાંના બે દાણા તેણે મને આપ્યા અને એક ચંદ્રસેનને આપ્યો. મને જે બે

દાણા આપ્યા તેમાંનો એક મેં તે સારિકાને ખવડાવવા માંડયો પણ તેણે તેની ચાંચ ઉઘાડી નહિ. મારો હાથ ઘણો નજદીક લેઈ જઈ તેના મોંમાં બળાત્કારથી તે દાણો ઘાલવા પ્રયત્ન કર્યો ત્યારે તે પાછી હઠી અને તરફડીઆં ખાઈ પાંખો વિખેરી નાંખી નીચે જમીન ઉપર પડી. હું ઉતાવળી તેની પાસે ગઈ અને તેને સાચવીને ઉચકી લીધી. તેણે નાશી જવા માંડયું તેથી તેની પૂંછડીનાં કેટલાંક પીછાં પકડયાં ત્યારે તે મારા હાથમાં પાંખો ફફડાવીને પડી રહી. તે વખતે મને ઘણીજ ધાસ્તી લાગી અને મારા કરતાં દસ ઘણી વધારે તે વહેપારીને લાગી. તે દ્વેશ બુદ્ધિથી ખુશી બતલાવી હસવા મંડયો અને ભયભિત થયેલા પક્ષીને ઉડી જતું અટકાવવાને માટે તે દાણો મને ખાઈ જવાનું કહ્યું, અને તેજ પ્રમાણે ચંદ્રસેનને આપેલો દાણો પણ ખાઈ જવા કહ્યું. અમે બેઉ જણાં લાગલાંજ તે દાણા ખાઈ ગયાં. દાણા ખાતાની સાથેજ મારી સ્થિતિમાં ફેરફાર થતો જણાયો અને હું તેવીજ જાતની સારિકા બની ગઈ. ચંદ્રસેન તરફ નજર કરતાં તે પુરૂષ બદલાઇને પોપટ થઇ ગયા. પછી તે પરદેશી કે જે વહેપારી નહતો પણ જાદુગર હતો તેણે મને પકડીને જે સુવર્ણના પીંજરાના ભાગીને તમે કકડા કરી નાંખ્યા તેમાં પુરી દીધી; પછી ખલાસીઓએ હલેસા મારવા માડયા, એટલે અમારૂં વહાણ સમુદ્ર ઉપર સુસવાટ કરતું પશ્ચિમ દિશા તરફ ચાલ્યું. વહાણ ઘણે દૂર ગયું ત્યાં સુધી મારા બાપ અગાશીમાં બેઠેલા મારી નજરે પડયા. તેમણે તથા બીજા નોકરોએ વહાણને જ્યારે દરીઆમાં પુર જોસમાં પાણી કાપતું જોયું ત્યારે તેઓ ઘણોજ અચંબો પામ્યા. મને સરત છે કે તેઓએ અમને પાછા બોલાવવા સારૂં ઘણે મોટેથી બુમો પાડી, પણ પીંજરામાં પુરાએલી હું કેટલું જોર કરી શકું ? રાજકુંવર ચંદ્રસેનને પોપટના રૂપ-

માં વહાણ ઉપરથી ઊરાડી મુકયા ત્યાર પછી તેમના વિશે કાંઈ પણ ખબર મેં સાંભળી નથી, તેમ તેઓ મારી નજરે પણ પડયા નથી. મારા પિતાના દરીઆઇ મહેલથી ઘણે દૂર ગયા કેડે જે ઠેકાણેથી પર્વતોનાં શિખરો પણ બરોબર ઓળખાઈ શકાતાં નહોતાં તે સ્થળેથી જાદુગર વહાણને પાછળ મુકી મારૂં પીંજરૂં લેઈ હવામાં ઊંચે ચડયો અને જ્યાં આપણે કેદ પુરાયાં હતાં તે ઓરડામાં આવ્યો. પછી રોજ પીંજરામાંથી કહાડી મને સ્ત્રી રૂપમાં લાવતો અને તેની સાથે પ્રીતિ જોડવાનું કહેતો, પણ મેં મારા પિતા અને પતિને સંભારી રૂદન અને કલ્પાંત કરવાનું જારી કર્યું ને છેવટ જીભ કરડી મરીજવાનો નિશ્ચય કર્યો. એક વખતે એ મારો વિચાર મેં તેને ધ્રુજતાં ધ્રુજતાં જણાવ્યો ત્યારે તેણે પોતાની ઉદ્ધત છોડી રોજ આવવાનું બંધ કર્યું ને પેલા ઠીંગુજીને મારી સેવામાં મુકયો. તેને જોઈ મને કંટાળો આવતો અને તે મારા પીંજરામાં અન્ન પાણી મુકતો તે પણ મને કંટાળા ભરેલું લાગતું; તેથી મેં કેટલાક દિવસ નિરાહાર કહાડયા. આ વાત તેણે જાદુગરને કહી, તેથી તેના મનમાં આવ્યું કે ઠીંગુજીને જોઇને હું ડરૂં છું. પછી બીજે દિવસે એકાએક મેં તમને પલંગ ઉપર સુતેલા જોયા અને જ્યારે તમે જાગૃત થયા ત્યારે જે કામ ઠીંગુજી બજાવતો હતો તેજ કામ તમને બજાવવા તે કહી જતો રહ્યો. ત્યારપછી તે નવનવ દિવસે આવવા લાગ્યો, ને મને સ્ત્રી રૂપ બનાવતાં પહેલાં તમને બાગમાં મુકી આવતો. આ પ્રમાણે તમે મને મુકત કરી ત્યાં સુધી મારે એ પીંજરામાં કેદ રહેવું પડયું. હવે મને મારા પિતા અભેસિંહ પાસે ચંદ્રાવતી જવાની અપેક્ષા થાયછે. મારા વિયોગથી તે અતિ દુ:ખદાયક સ્થિતિમાં દોહેલા દિવસ ગુજારતા હશે."

પ્રકરણ ૬ હું.

પિતાને પુનઃ પ્રાપ્ત થએલી પુત્રિ.

ચંદનમંજરીએ પોતાનું સર્વ વૃતાંત પુરૂં કર્યું એટલે હરિસિંહને તેનો પિતા સાંભરી આવ્યો. તેની મૂર્તિ તેની આગળ ખડી થઈ અને તે અતિશય શોક સાગરમાં ડુબી ગયો. જેમ જેમ પોતાના પિતાનો પ્યાર સાંભરતો ગયો તેમ તેમ તેને વધારે ખેદ થવા માંડયો. તેણે ધાર્યું કે તે ઘણા દિવસના વિયોગથી કકળીને મરી ગયા હશે.

તે બોલ્યો "હે અધીરી થયેલી રાજકન્યા, સબુર કર! તારી ઉત્કંઠા મારા કરતાં વધારે નથી, તોપણ મારા ઇષ્ટ દેવને વચ્ચે રાખી પણ લેઉ છું કે જ્યાં સુધી તને તારી જન્મભુમીમાં તારા પિતા પાસે સહી સલામત લેઈ નહીં જાઉં; અથવા જે માણસો તને તારા પિતા પાસે સાચવીને લેઈ જાય તેવા માણસોને સોંપીશ નહિ ત્યાં સુધી હું મારા સ્વદેશ જઈશ નહિં."

ત્યાં આગળ થોડીવાર વિશ્રામ લેઈ તેઓએ આગળ ચાલવા માંડયું. રાત્રી થઈ એટલે આરામ લેવાની જગ્યા ખોળી કાઢવાની અગત્ય જણાઈ. તેઓએ રાતના આરામ માટે ચોમેરથી ઘેરાએલું એક સરસ સ્થળ ખોળી કહાડયું. ચંદન મંજરીને ત્યાં સુવાડી પોતે તેની ચોકી કરવા બેઠો. કાંઈ પણ ઉપદ્રવ વિના રાત્રી સુખ શાન્તિમાં પસાર થઈ. ચંદન મંજરીની બરોબર સંભાળ રાખવા માટે તેણે આખી રાત જાગવાનો વિચાર રાખ્યો હતો પણ દિવસના શ્રમને લીધે મધ્ય રાત્રી વિતી એટલે તેની આંખો ભારે થવાલાગી અને તે નિંદ્રાવશ થઈ ગયો. બેઉ જણ સુર્યોદય થતાં સુધી ઇશ્વર કૃપાથી લસલસાટ ઊંઘ્યાં. જાગ્યા પછી પાસે એક નાળુ હતું ત્યાં આગળ જઈ દાતણ પાણી કર્યું. આગળ

જતાં ફળ વૃક્ષો તેમના જોવામાં આવ્યાં એટલે તેમાંથી કેટલાંક ફળ ફળાદી ચુંટીલાવી ખાઇને બંનેએ પોતાની પહેલા દિવસની તેમજ તે દિવસની ક્ષુધાને તૃપ્ત કરી પાસેના નિર્મળ ઝરામાંથી પાણી પી સંતુષ્ટ થયાં. થાકે ત્યારે વિશ્રામ લે અને ભુખ લાગે ત્યારે ફળ ફળાદી ખાઈ ક્ષુધાની તૃપ્તી કરે એ પ્રમાણે તેઓએ મુસાફરી કરી. જેમ આગળ ગયાં તેમ તેમને તે વિકટ વનમાં મુસાફરી કંટાળા ભરેલી લાગી. ચાલતાં ચાલતાં વધારે ધાડીને ઉંચી ભયાનક ઝાડી આવી. તેઓને વારંવાર કાંટાને થોરીયામાં થઇને ચાલવું પડતું તેથી તેઓનાં લુગડાં તેમાં ભરાઇને ચુરે ચુરા થઈ ગયાં. ચોથે દિવસે તેઓ પર્વતની તળેટી આગળ જઈ પહોંચ્યાં. તે ઠેકાણે ઈશ્વર કૃપાથી તેઓએ ખેડેલી જમીન અને મનુષ્યનાં રહેઠાંણ જોયાં. તેઓ કયાં આગળ આવી પહોંચ્યાં હતાં તેની તજવીજ કરવા માંડી. તે લોકોએ તેમની ભાષામાં તે દેશનું કદી સાંભળ્યું નહોતું એવું અટપટું નામ દીધું કે જે ચંદનમંજરી અને હરિસિંહને વિસ્મૃત થઈ ગયું. પર્વતની બીજી બાજુએ સપાટ મેદાન હતું અને તે મેદાનની પેલી બાજુએ દરીઓ હતો.તે ખબર તેઓને ઘણી ફાયદા કારક થઈ પડી. તેઓ પર્વતની બીજી બાજુએ સપાટ મેદાનમાં ગયાં અને સાત દિવસની લાંબીને કંટાળા ભરેલી મુસાફરી કર્યા પછી આખરે તેઓ દરીઆ કીનારે ગયાં. ત્યાં તેમણે એક વહાણ લાંગરેલું જોયું. તેના નૌકા પતિને હરિસિંહે પૂછ્યું કે તે કયાં જવાનું છે? ત્યારે નૌકાપતિ બોલ્યો "અમે ચંદ્રાવતી નગરી તરફ તેજાના વહોરવા જઇએ છીએ."

હરિસિંહ બોલ્યો "તમે કયાંથી આવોછો, અને આ દેશનું નામ શું છે તે મહેરબાની કરીને કહો." નૌકાપતિએ જવાબ

દીધો "આ વહાણ અર્બસ્તાનના વહેપારીનું છે. ભરદરીઆ વચ્ચે તોફાન નડવાથી અમે અહીંઆ ઘસડાઈ આવ્યા છીએ, અને આ દેશના નામથી અમે તદ્દન અજાણ્યા છીએ."

ચંદ્રાવતીનું નામ સાંભળી ચંદનમંજરી અતિશય હર્ષ પામી. હવે તેની ખાત્રી થઈ કે ભયંકર અરણ્યનાં અસહ્ય કષ્ટોનો અંત આવ્યો છે, ને તે જલદીથી પોતાના પિતાને દેશ જઈ તેની મુલાકાત લેઈ તેના વિયોગનું કષ્ટ ભુલાવશે. તેને અને તેના મિત્ર હરિસિંહને ચંદ્રાવતી સહીસલામત લેઈ જવા બદલ તેના માથે બાંધેલી દામણીમાંથી એક કિંમતી હીરો કહાડીને નૌકાપતિને આપ્યો. બીજે દીવસે સવારમાં તેઓએ તે સ્થળેથી કુચ કીધી. પવન ઘણો અનુકુળ હોવાથી તેઓ થોડા દિવસમાં જે સ્થળેથી ચંદનમંજરીને પેલો દુષ્ટ જાદુગર વહાણમાં બેસાડીને લેઈ ગયો હતો તે સ્થળે આવ્યાં. તેમનું વહાણ પણ ત્યાંજ લાંગર્યું. નાની હોડીમાં બધાં બેઠાં અને કિનારે આવ્યા પછી ચંદનમંજરી પોતાને કેદખાનામાંથી મુક્ત કરનાર હરિસિંહને તે સુંદર બાગના ઘટાદાર રસ્તાઓમાં થઇને મહેલ આગળ લેઈ ગઇ. અંતે તેઓ મહેલની અગાશીમાં ગયાં. તે સ્થળેથી લાંગરેલું વહાણ બરોબર દ્રષ્ટિગોચર થતું હતું. તેઓ એકદમ જાહેર ન થતાં એક થાંભલાને ઓથે ગુપ્ત રહ્યાં.

ઘણોજ શોકાતુર ચેહેરે સમુદ્ર તરફ નજર કરતો એક વૃદ્ધ માણસ ત્યાં બેઠો હતો. તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહેતી હતી. તે ડુસકાં ખાઈ નિસાસો નાંખી બોલતો હતો "અરે, જે દિવસની મારી કુંવરી ગુમ થઇ ગઇછે તે દિવસથી મારી દિલગીરી શરૂ થઇછે. પેલું વહાણ ઉભું છે તેજ સ્થળે તે લુચ્ચા વહેપારીનું વહાણ પણ ઉભું હતું અને તે સ્થળેથી જે હોડી બેટ તરફ આવી તેવીજ હોડીમાં મારી

પ્યારી પુત્રિ તથા તેના સ્વામીને લેઈ ગયા હતા. તે દિવસે પણ આજ વખત હતો. તેમની સોધ માટે આશપાશના તમામ મુલકોમાં દૂતોને મોકલ્યા હતા, પરંતુ તેમાંનો એકે જણ પણ તેમનો પત્તો મેળવી શક્યો નહિ. દરીઆ કીનારે પણ ઘણા ગાઉ સુધી ખોળ કઢાવી તે પણ વ્યર્થ ગઈ. ટુંકામાં મારે આવી સ્થિતિમાં મારી લાડકીને પ્રાણથી પણ અત્યંત વહાલી પુત્રિનું મોં જોયા સિવાય મોતને સ્વાધીન થવું પડશે. હે પરમાત્મા! હે નિયંતા! મારી વારે ધા અને મારૂં કષ્ટ નિવારણ કર. હે ગરીબ નિવાજ, નોધારાના આધાર, તારા વિના આ જગત્માં મારો બેલી કોઈ નથી." તે આ શબ્દો ઘણે ધીમેથી બોલ્યો અને ઘુંટણીએ પડી ઇશ્વરની પ્રાર્થના કરતો હોય તેમ તેના બે હાથ વડે મોં ઢાંકી દીધું. ચંદનમંજરીએ ઘણે ઉતાવળે પગલે તેના પિતાને ભેટવા જવા માંડયું, પણ હરિસિંહ તેનો હાથ ઝાલી પાછી ખેંચીને જતાં અટકાવી બોલ્યો "મને પ્રથમ તારા પુજ્ય પિતા પાસે જઈ તારા આવ્યાની ખબર કહેવા દે, નીકર તે ઓચીંતો હર્ષે ઘેલો થઈ જશે." એમ બોલી તે આગળ જઈ જમીનને માથું અડકાડી અભેસિંહને પગે લાગ્યો.

તેને તેવી સ્થિતિમાં જોઈ અભેસિંહ બોલ્યો "તું કોણ છું? તારૂં નામ શું છે? શું તું કોઈ ભીક્ષુક છે? તારે જો કાંઈ યાચના કરવાની અપેક્ષા હોય તો નગરમાં જઈ પ્રધાનજીને મળજે; તે તને જે જોઈશે તે આપી સંતોષ પમાડશે."

હરિસિંહ ઉભો થઇને બોલ્યો "હે ઉદાર વૃત્તીવાળા મહા પ્રતાપી અને પુન્યવંત મહારાજા સાહેબ તમે મને મારી આવી સ્થિતિમાં એક યાચક ધારો તેમાં અચંબો પામવા જેવું કાંઈ નથી. ફાટાં તુટાં લુગડાં પહેરી તમારી હજુરમાં બીજો કોઇ નહીં પણ તમારી પ્રાણપ્રીય પુત્રિનો બચાવનાર એક દાસ આવી ઉભો છે. જે તમારી દિલગીરી દૂર કરાવી

તમને હર્ષ ઉત્પન્ન કરાવશે અને શોકનાં આંસુને બદલે આનંદાશ્રુ અણાવશે."

આ સાંભળી અભેસિંહ જાણે સ્વપ્નમાંથી ઝબકીને જાગી ઉઠયો હોય તેમ એકદમ બોલ્યો, "શું પૃથ્વી ઉપર કોઈ પણ મનુષ્ય તે પ્રમાણે મારી સ્થિતિમાં ફેરફાર કરવા હીંમત ધરી શકેછે? હરિસિંહે જવાબ દીધો" તે પ્રમાણેજ થશે; પણ તમારા અંતઃકરણમાં જે હદ ઉપરાંત હર્ષ થાય તે સહન કરી શકશો ?"

હરિસિંહની એવી બહાદુરીને હાજર જવાબીથી તે દુઃખીઆરા વૃદ્ધ માણસને યત્કિંચિત્ આશા બંધાઈ. તે બોલ્યો "તે શું છે? તમે કોણછો અને શાથી આવું વચન આપવાની હીંમત ધરોછો ?" હરિસિંહ બોલ્યો " તમે બરોબર સ્વસ્થ થયાછો, અને તે બદલ તમારી પૂર્ણ ખાત્રી થઈ ચુકીછે ?"

સ્મિત હાસ્યથી તેની સામું જોઈ અભેસિંહે જવાબ દીધો "મારા ધારવા પ્રમાણે તો હું સ્વસ્થ થયોછું." તે શબ્દો તેના મુખમાંથી નીકળતાંજ ચંદનમંજરી તેના પિતાની સન્મુખ આવી ઉભી રહી.

હરિસિંહનું આપેલું વચન પરીપૂર્ણ થયું. અભેસિંહનું કષ્ટ દૂર થયું ને તે અતિ આનંદમાં ગરકાવ થઈ ગયો. બંને પિતા પુત્રિની આંખોમાંથી આનંદાશ્રુની ધારાઓ વહેવા લાગી અને તેઓ ઘણા વખત સુધી ભેટયાં. પછી અભેસિંહે હરિસિંહને પાસે બોલાવ્યો અને કહ્યું "તમે મારી દિલગીરી દૂર કરી મને આનંદ આપી મારા ઉપર મોટો ઉપકાર કરી મને હમેશનો ઓશીંગણ કર્યોછે. ખરેખર તમે મને ઘોર તીમીરમાંથી સૂર્યના પ્રકાશમાં આણ્યોછે. તમે કોણછો, મારી પુત્રીને શીરીતે મળ્યા, અને તેની સાથે શીરીતે ઓળખાણ થયું તે મહેરબાની કરીને જાહેર કરો ? મારી પુત્રિ

ને તમે સહીસલામત લાવ્યા તે ઉપકારનો બદલો મારે કેવી રીતે વાળવો તે હમણા કહી શકતો નથી.” પછી હોડીમાં બેશી તેઓ નગર તરફ ગયાં. ચંદનમંજરીની આવ્યાની ખબર આખા નગરમાં ફેલાતાં હર્ષભર્યા વફાદાર નગર લોકનાં ટોળે ટોળાં રાજમહેલ તરફ દોડી આવ્યાં અને પોતાના પુજ્યમહા રાજાના મુખેથી તેની સુખાકારીની ખબર સાંભળી તેમના આનંદની સીમા રહી નહિ. પછી રાજ કન્યાના દર્શન થતાંજ તેમનાં મન ઘણાંજ સંતુષ્ટ થયાં.

પ્રકરણ ૭ મું.

બક્ષિસ.

બીજે દિવસે ચંદનમંજરીએ તેના પિતા અભેસિંહને તેને કેદખાનામાં બનેલી સર્વ હકીકત સાથે હરિસિંહે નેકટેક અને પાક દાનતથી તેની કેવી સારી બરદાશ કરી હતી તે વિશે સર્વ વૃતાંત અથથીતે ઇતી સુધી યથાસ્થિત કહી સંભળાવ્યું. પછી હરિસિંહે તેનો હેવાલ કહ્યો. તેનું વૃતાંત પુરૂં થયું એટલે અભેસિંહ મહારાજા ઘણા ઊંડા વિચારમાં પડયા અને તેમના દરબારીઓને એકઠા કરીને તેને કાંઈ બક્ષિસ આપવાનો નિશ્ચય કીધો.

કેટલાક દરબારીઓ બોલ્યા “ જો તેની ઉમ્મર પુખ્ત થઈ હોતતો તેને રાજાથી ઉતરતું પ્રધાનપદ આપવામાં આવત, પણ તેની તરૂણાવસ્થાને લીધે તે દરજ્જો આપવામાં ઘણું જોખમ રહેલું છે.” પછી એક વૃદ્ધ દરબારી ઉભો થયો ને રાજાને પ્રણામ કરી બોલ્યો “હે અન્નદાતા મહારાજા સાહેબ! તે તરૂણ માણસે તમારી અને તમારી કુંવરી ચંદનમંજરીની અમુલ્ય શેવા બજાવીછે તેથી મારા વિચારમાં એમ આવે છે કે અમારા સર્વનો અભીપ્રાય લીધા સિવાય તમારે જાતેજ યોગ્ય બક્ષિસ આપવી જોઇએ. મહારાજા સાહેબના કુટુંબ-

માંથી ગુમ થયેલું રત્ન તેણે પાછું લાવી આપ્યું છે માટે તેને આપના કુટુંબમાંથીજ બદલો વાળી આપવો યોગ્ય છે. ખરો અને સ્તુતિપાત્ર રસ્તો એજછે કે ચંદનમંજરી અને હરિસિંહનાં લગ્ન કરી તેને ઘરજમાઈ કરીને રાખવો એટલે તેણે વેઠેલાં સંકટનો પુરેપુરો બદલો વળી રહેશે"

તે વૃદ્ધ દરબારીના કહેવાને સર્વ દરબારીઓએ ટેકો આપ્યો, અને મહારાજા પણ સર્વાનુમતાનુસાર ચંદનમંજરી અને હરિસિંહનાં લગ્ન કરવાનો નિશ્ચય કરી બોલ્યા "હું હવે વૃદ્ધ થયો છું એટલે મારી પાછળ મારા રાજ્યની સંભાળ લેનાર કોઈ યોગ્ય પુરૂષ ખોળી કહાડી રાજ્યાભિષેક કરવાનો પ્રસંગોપાત મને વિચાર થઈ આવેછે, તો વળી તે સઘળી ભાંજગડ કોરાણે મુકી મારી એકની એક પુત્રિનાં લગ્ન હરિસિંહ સાથે કરી તેને મારી પાછળ રાજ્યાભિષેક કરવામાં અતિ આનંદ માનું છું. તેના આગલા પતિ ચંદ્રસેનની ઘણા વખતથી કાંઈ ભાળ લાગતી નથી, તેથી આ બહાદુર અને એક નિષ્ટાવાળા યુવાન પુરૂષને થોડા દિવસ મારા હાથ તળે રાખી રાજનું સર્વ કાર્ય શીખવીશ એટલે તેને મારી પાછળ કોઈ પણ પ્રકારની અડચણ પડશે નહિ." ઉપર મુજબ ઠરાવ મંજુર થયો એટલે લાગલોજ તેણે હરિસિંહને બોલાવવા એક સિપાઈ મોકલ્યો. હરિસિંહ સિપાઈ સાથે દરબારમાં આવ્યો એટલે સઘળા દરબારીઓની વચ્ચે અભેસિંહ મહારાજાએ તેને એક અમુલ્ય મંડીલ, સોનેરી ઝીકથી ભરેલો ઝભ્ભો અને સુવર્ણનામ્યાન વાળી રત્ન જડીત મુઠની એકતરવાર બક્ષિસ આપી તે આ પ્રમાણે બોલ્યો "હે ચાલાક અને બહાદુર પુરૂષ મારી લાડકવાઈ એકની એક પુત્રિ ચંદનમંજરીનાં લગ્ન તારી સાથે કરી ઘરજમાઈ કરી રાખવાનો મેં વિચાર કર્યોછે." આવા શબ્દો અભેસિંહના મોંમાંથી નીકળ્યા કે સઘળા દરબારીઓએ ઉભા થઈ

હરિસિંહને વંદન કરી તેની જે બોલ્યા. હરિસિંહે ઉત્તર વાળ્યો "હે શાણા અને સુજ્ઞ દરબારીઓ મારા અજ્ઞાન પણા માટે માફી માગી લેઉછું, પરંતુ ચંદનમંજરીને એક પુરૂષ સાથે પરણાવ્યા પછી મારાથી તેનું પુનઃપાણિ ગ્રહણ કેમ થઈ શકે? વળી શાસ્ત્રાધારથી ઉલટી રીત પકડી તેના સ્વાર્થને છુંદી મારી મારો પોતાનો સ્વાર્થ શારીતે પાર પાડી શકાય? તેમ કરવામાં મને કોઈ અધર્મી નહી કહેશે?"

દરબારીમાંથી એક જણ ઉભો થઈ બોલ્યો "હે યુવાન મહારાજ! ચંદ્રસેન ઘણા દિવસથી ગુમ થઈ ગયાછે તેનો કશો પત્તો મળ્યો નથી, માટે તે મરી ગયા હશે એમ માનવામાં કાંઈ સંશય નથી. તેમ છે તેથી ચંદનમંજરીનાં પુનર્લગ્ન તમારી સાથે કરવાનો કાંઈ બાદ આડો આવતો નથી, કારણ કે મહારાજાધીરાજ અભેસિંહે બાળવીધવાનાં પુનર્લગ્નનો રીવાજ થોડોજ વખત થયાં પોતાની પ્રજામાં દાખલ કરી તેને સારૂં એક ખાસ કાયદો પસાર કર્યોછે અને તે પ્રમાણે જેઓ અમલ ન કરે તેઓને માટે સખ્ત શિક્ષા પણ દર્શાવી છે. વળી તે રીવાજ ધર્મગુરૂઓએ તથા રાજ્યના તમામ શાસ્ત્રી પુરાણીઓએ માન્ય રાખ્યો છે. તે વિશે તમારે કાંઈ પણ અંદેશો લાવવો નહિ. તમે અમારા મહારાજા સાહેબની નજરમાં પ્રમાણીક જણાયાછો અને તેમના ઉપર તમે જે મોટો ઉપકાર કર્યોછે તેનો બદલો વળી શકે તેમ તો છેજ નહિ. અમારા મહારાજા સાહેબની માગણી કબુલ કરશો એવીઅમારી સર્વની આંપના પ્રત્યે વિનંતી છે."

મહાવત સાથે સુવર્ણની સુશોભિત અંબાડીથી શણગારી એક હાથીને દરબારના દરવાજા આગળ આણવામાં આવ્યો. તેના ઉપર હરિસિંહને બેસાડી આખા નગરમાં ઘણી ધામધુમથી ફેરવવામાં આવ્યો. છડીદારો હાથીની આગળ છડી પોકારી ચાલતા હતા "હે નગરવાસીઓ! મ-

હારાજા અમરસિંહની આજ્ઞા સાંભળો; આ યુવાન પુરૂષે મહારાજા સાહેબની એકની એક અત્યંત પ્યારી પુત્રિ ચંદનમંજરી ગુમ થઈ ગઈ હતી તેને સહીસલામત પાછી આણી આપીછે. તેને સારૂં ઉપકારના બદલામાં કુંવરીનાં લગ્ન તેની સાથે કરી ઘરજમાઈ કરી રાખવાનો ઠરાવ કર્યો છે. તે આપણા ભવિષ્યના મહારાજા નીમાશે. લગ્નનો એક અમુક દીવસ નક્કી કરી સર્વને ખબર આપવામાં આવશે અને તે મહોત્સવ પ્રસંગે મહેલના દિવાનખાનામાં સર્વ નગરવાસીઓને ભાગ લેવાની છુટ છે."

હરિસિંહનો હાથી જેમ જેમ આગળ ચાલતો ગયો તેમ તેમ લોકો તેને ફુલેથી વધાવવા મંડયા અને તેની જે બોલવા લાગ્યા. આ વખતે હરિસિંહના હર્ષનો કાંઇ પાર રહ્યો નહિ. તે આવા અણધારેલા સુખમાં પડયો તેથી તે પોતાની નાનપણની સ્થિતિ, પોતાના પિતાનો વિયોગ, પોતાની રમતમાં ભાગ લેનાર રત્નલક્ષ્મી અને પોતાના પિતાના લાયક મિત્ર રામપ્રસાદને તદન વિસ્મૃત થઇ ગયો તેથી ઘર તરફ જવાનો તેને બિલકુલ વિચાર થયો નહિ. જ્યારે તે નગરમાં ફરી રાજ્ય મહેલમાં આવ્યો ત્યારે પિતાની આજ્ઞાધારી અને પરોપકાર બુદ્ધિવાળી ચંદનમંજરીએ પોતાની અત્યંત ખુશી દર્શાવી હરિસિંહને ઘણુંજ માન આપ્યું અને તે નિરંતર સુખી રહે તેને માટે ઇશ્વરની અંતઃકરણ પુર્વક પ્રાથના કરી. એવા અણધારેલા સુખમાં હરિસિંહના દિવસો જલદી પસાર થવા માંડયા. તેણે દરબારમાં દાખલ થઈ રાજ્ય કાર્યમાં ચિત્ત પરોવ્યું. મહાભારત કામોમાં તિક્ષણ વિચાર શકિતથી અને ખરૂં ખોટું પારખવાની ઝડપથી રાજાને અને દરબારીઓને તે વારંવાર આશ્ચર્ય પમાડતો. થોડા વખતમાં રાજા અને દરબારીઓના મનમાં તેની શકિત વિશે એવો સારો અભિપ્રાય બંધાયો કે તેની સમ્મતિ

સિવાવ કોઈ પણ કાર્ય કરવામાં આવતું નહોતું. ઘણા કાર્યમાં તે રાજા તથા દરબારીઓ સાથે વાદવિવાદ કરી પોતાનું ધારેલું પાર પાડતો. થોડા વખતમાં આખા રાજ્યમાં તેની ઘણીજ ખ્યાતી પ્રસરી. સર્વ ઠેકાણે હરિસિંહનું ડહાપણને ન્યાય વખણાવવા લાગ્યાં, અને લોકોની ખાત્રી થઈ કે ભવિષ્યના યુવરાજથી તેઓને સંપૂર્ણ સુખ પ્રાપ્ત થશે.

હરિસિંહને રાજ્ય ખટપટમાં પડયાં એક વર્ષ વિતી ગયું. તેને ચંદનમંજરી સાથે પરણાવી રાજ્યાભિષેક કરવાનો ઠરાવ્યો. એક દિવસે હરિસિંહ ચંદનમંજરીને ખોળતો ખોળતો તેના ઓરડા તરફ ગયો. ઓરડાનાં બારણાં આગળ ગયો તો તેણે કુંવરીને આંસુ લોતાં જોઈ. તેની પાસે ગયો ત્યારે તેણે આંસુ પડતાં છુપાવવા પ્રયત્ન કર્યો, પણ તે ફાવી નહિ. હરિસિંહે ધીરજ આપી રોવાનું કારણ પૂછ્યું, પણ તેણે કશો ઉત્તર દીધો નહિ. હરિસિંહે તેનું કારણ જાણવા ઘણી હઠ લીધી ત્યારે અંતે તે બોલી " મારી આંખમાંથી શામાટે આંસુ પડયાં તેનું કારણ હું તમને કહું છું. કદાચ મારાથી તમારી આગળ મારા પ્રથમના સ્વામી પ્રત્યેની લાગણી અને પ્રીતિ પ્રદર્શીત કરતાં કાંઈ અમર્યાદપણું થઈ જાયતો તમે દયાળુને ઉદાર વૃત્તીના છો તેથી મારો અપરાધ ક્ષમા કરશો. તમને મેં પ્રથમે કહેલુંજ છે કે મારા સ્વામી ચંદ્રસેનને નિર્દય જાદુગરે પોપટ બનાવી દીધા છે. તે વહાણ ઉપરથી ઉડી સામે કિનારે અરણ્યની ઝાડીમાં ગયા છે. તેમના ભાગ્ય વિશે મને ઘણો સંતાપ થાય છે. મારો ફેરફાર થઈ ગયો તેથી તેમની સ્થિતી વિશે મને કાંઈ પણ ખબર મળી નથી. તેમના અતિશય પ્યારને લીધે તેમની છબી મારા અંતઃકરણમાં હમેશાં ખડી રહે છે. તે શીકારીઓના સપાટામાંથી બચી જવાને દૂર ડુંગર તરફ ઉડી ગયા છે તેથી જ્યાં સુધી તેમના વિશે કાંઈ નક્કી

ખબર મળી નથી ત્યાં સુધી મારૂં પતિવ્રત તજી દેઈ બીજા ની સાથે લગ્ન કરવા બીલકુલ ખુશી નથી. આવા અતિ શોક સાગરમાં ડુબી જવાથી મારી આંખમાંથી આંસુ પાડી હું રૂદન કરતી હતી, તે તમારા જોવામાં આવ્યું. ચંદનમંજરીનો આવો દ્રઢ નિશ્ચય જાણી હરિસિંહ જરા દિલગીર તો થયો પણ તેના ઉપર તેની મમતા વધી. તેને માલમ પડયું કે તેણે પોતાના પિતાની આજ્ઞા ઊલંઘન ન થાય માટે તેની મરજીને તાબે થઈ લગ્ન કરવા હા કહી હતી પણ તેનો પ્યાર ગુમ થયેલા તેના પ્રથમના પુજ્યપતિ ચંદ્રસેન તરફ દ્રઢ હતો. વળી તેણે વિચાર કર્યો કે રાજકુંવર ચંદ્રસેનને અરણ્યમાં ટળવળતો રાખી તેના દુર્ભાગ્યનો લાભ લેઈ રાજકુંવરી ચંદનમંજરી સાથે લગ્ન ગાંઠ જોડી મહારાજા અભેસિંહના ધરજમાઈ થઈ રહેવામાં અને તેમની પાછળ ચંદ્રાવતીની ગાદીએ બેસવામાં મોટો અધર્મ છે. તે વાતના નિશ્ચય બાબત તેને સંકલ્પ વિકલ્પ થવા માંડયા અને પ્રતિષ્ટા તરફ નજર કરતાં તેમ કરવું ના દુરસ્ત લાગ્યું. તે વૃથા મોટાઈમાં અંજાઇ જઇ આટલા દિવસ સુખમાં મહાલ્યો તે બદલ પસ્તાવો કરવા લાગ્યો. તેને તેનો દેશ અને તેનીજીંદગીની સલામતીના અનિશ્ચિતપણા માટે હમેશા ઝુરી મરનાર વૃદ્ધ પિતા યાદ આવ્યાં. પોતાના પિતાને લાંબી મુદતથી વિસારી દીધા માટે અને ચંદ્રાવતીમાં ધણા દિવસ થયાં આવી રહ્યા છતાં તેની ખબર તેને કોઈ દૂતની મારફતે પણ નહીં મોકલાવ્યા બદલ તે તેના અંતઃકરણને તીરસ્કારથી ઠપકો આપવા લાગ્યો.

તેના પિતાને મળવાની આતુરતાથી તેણે સ્વદેશ જવાનો પાકો નિશ્ચય કર્યો અને ચંદનમંજરીનો હાથ ઝાલી તેના આગલા સ્વામીને તેનાથી બનતો પ્રયત્ન કરી ગમે તે સ્થ-

જેથી શોધી કહાડી તેને મેળવી આપવાનું વચન આપ્યું. પછી તે મહારાજા અભેસિંહ પાસે ગયો, ચંદનમંજરી સાથે થયેલી હકીકતથી તેમને વાકેફ કીધા અને તેના વિસ્મૃત કરેલા પિતા પાસે જવાની રજા માગી. અભેસિંહે તેને રજા માગતો સાંભળી ઉંડો નિશ્વાસ નાંખ્યો અને તેની ઘણી આસનાવાસના કરી, જાનકીપ્રસાદને ચંદ્રાવતી તેડીલાવવા વહાણ મોકલવા કહ્યું; એટલે તે તેની બાકીની જીંદગી તેના પુત્રની સાથે રહી નિવૃત્તીમાં ગાળે. પણ હરિસિંહે દ્રઢ નિશ્ચયથી ઉત્તર દીધો "મહારાજા સાહેબ, તમે મારા ઉપર આટલા દિવસ સુધી જે જે ઉપકારો કર્યાછે તેને માટે હું આપનો અત્યંત આભારી થયોછું. હવે હું આપનો જમાઈ થઈ આપની પાછળ ચંદ્રાવતીની ગાદીએ બેસવા બિલકુલ ખુશી નથી. હું બીજાને સદાકાળ કષ્ટ ભોગવતો રાખી મારો સ્વાર્થ કદી પણ સાધનાર નથી. ચંદનમંજરીની હકીકતથી હું બિન વાકેફગાર હતો તેથી તેની સાથે લગનગાંઠ જોડવાની હા કહી હતી, પણ હવે મારા જાણવામાં આવ્યું કે જો હું મારો સ્વાર્થ સાધુ તો રાજકુંવર ચંદ્રસેન હમેશને માટે તેની હાલની સ્થિતિમાં રહે. જો હું મનુષ્ય જાતમાં પાછો આવવાનો તેનો હક છીનાવી લેઉં તો લોકો મને સ્વાર્થી અને હીચકારો નહિ કહે? વળી પરમ કૃપાળુ ઇશ્વરની નજરમાં હું મોટો અપરાધી ન ગણાઉં? હાલ થોડા વખતથી પ્રાપ્ત થએલું સુખ હું મારી રાજીખુશીથી તજી ચાલ્યો જાઉંછું તેમાં કોઇને દિલગીર થવાનું કાંઇપણ કારણ નથી."

અભેસિંહે ઘણાં કાલાંવાલાં તથા આજીજી કરી પણ હરિસિંહે તે ઉપર બિલકુલ લક્ષ ન આપ્યું ત્યારે તેમણે, દરબારીઓએ, દિવાને, પ્રાંતના સુબાઓએ અને બીજા શેઠ

શાહુકારોએ તેને ત્યાં રહીને રાજ કાર્યમાં ભાગ લેવા વિનંતી કરી, પણ તેણે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ અને બોલ્યો " મારા પિતા પાસે જઈ તેમના વિયોગનું કષ્ટ દૂર કરી ધીરજ આપી ચંદ્રસેનની તપાસ માટે દુનીઆ ઉપરના સઘળા દેશો ફરી વળી તેનો પત્તો મેળવીશ. તેને તેની મૂળ સ્થિતિમાં લાવવા મારાથી બનતો પ્રયત્ન કરીશ એવું મેં ચંદનમંજરીને વચન આપેલું છે; કારણ કે આટલાં વર્ષ વિતી ગયાં છતાં તેનું અંતઃકરણ હમેશા બળ્યા કરેછે. " સર્વ જણે હરિસિંહને જ્યારે ત્યાં રહેવાનું કહયા છતાં તેણે તેના વતનમાં જવાનો નિશ્ચય કીધો ત્યારે અભેસિંહે તેના ખજાનામાંથી ઘણું દ્રવ્ય, બીજી કેટલીક અમુલ્ય ભેટો, કિંમતી જવાહીરો તથા મુસાફરીમાં ઉપયોગી થઇ પડે તેવી તમામ વસ્તુઓ ભરી એક વહાણ તૈયાર કરાવ્યું. પછી હરિસિંહ રાજાની અને સર્વ દરબારીઓની આજ્ઞા લેઈ તેના પિતાને દેશ રવાને થયો.

પ્રકરણ ૮ મું.

પિતાને પુનઃપ્રાપ્ત થયેલો પુત્ર.

તેના વિયોગથી દુઃખી થયેલા પિતાને મળવાને આતુર થયેલા હરિસિંહની આશાઓને પરી પૂર્ણ કરવા પરમ કૃપાળુ ઈશ્વર તત્પર થયો. દરીઓ શાન્ત હોવાથી અને પવનની અનુકુળતાથી તેની મુસાફરી ફતેમંદ નીવડી. કોઈ પણ જાતના અકસ્માત વિના તેનું વહાણ ઉત્તર દિશામાં દરીઆ કિનારે કિનારે પોતાના ધારેલા બંદરે ગયું. બંદર ઉપર ગયા પછી તેણે કેટલાક નોકરો રાખ્યા, કેટલાંક ઊંટ ખરીદી તેના ઉપર અભેસિંહે આપેલી ભેટ લાદી અને થોડા દિવસ સુધી જમીન ઉપર મુસાફરી કર્યાં પછી પર્ણભાનુની ભાગોળે

આવી પહોંચ્યો. જે જગ્યાએ તેણે તેના પિતા જાનકીપ્રસાદની પાસે ઉભા રહી તેમની વાત સાંભળી હતી તે જગ્યાએ ખુશનુમા સંધ્યાકાળી વખતે આવી પહોંચી પડાવ નાંખ્યો. તે વખતે તેમની છેલ્લી વાત ચીત તેને યાદ આવી, તેણે મનમાં વિચાર કર્યો "ઠીક, કોઈ માણસ એકજ બાબત ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી બીજી બાબતો વિશે સાવધ ન રહેતો સદ્દગુણના રસ્તેથી કોઇ વખત ખશી આડે માર્ગે દોરાઈ જાય તે વાત પણ સત્ય છે. તેનો અનુભવ મને પોતાનેજ થયોછે. હું સુખચેનમાં પડયો ત્યારે મારા પિતાનો પ્યાર તદ્દન ભુલી ગયો. ખરેખર મેં એક મોટો અપરાધ કર્યોછે. મારો પોતાનો સ્વાર્થ સાધવા જતાં રાજકુંવરી ચંદનમંજરી અને ચંદ્રસેનના ખરા સુખનો અંત આણવાની તૈયારીમાં હતો. અરે, મારા વહાલા પિતાજી તમે જે વાત વિશે ચર્ચા ચલાવી સીદ્ધ કર્યું હતું તે સત્યછે કે જે માણસનું વલણ નાનપણથીજ સદ્દગુણ તરફ વળેલું હોયછે તે સીધા માર્ગથી થોડો વખત વેગળો ખસેછે ખરો પણ આખરે તો ઠેકાણે આવેછે. તેની સત્યતા વિશે મને જાતે અનુભવ થયો. હે પિતાજી, તમે મને નાનપણથી કેળવણી આપી સદ્દગુણને રસ્તે દોરવ્યો છે તેને માટે આપનો હું ઘણો આભારી થયોછું."

એ પ્રમાણે વિચાર કરતાં તેણે ઊંચી નજર કરી આશપાશ જોયું તો દૂર એક ઝુંપડું તેની નજરે પડયું. અતિ કષ્ટથી તવઇ ગએલો એક વૃદ્ધ માણસ તે ઝુંપડાના બારણા આગળ ઉભો હતો. તે હરિસિંહની સામે એકી નજરે જોઈ રહ્યો હતો. હરિસિંહની નજર પણ તેની તરફ દોરાઈ. તેનો ચેહરો જોઈ હરિસિંહે તેના પિતાને ઓળખ્યો એટલે લાગલોજ તે જઇને તેને પગે પડયો, તેના હાથ ઝાલ્યા અને તે ઉપર માથું મુકીને આંસુથી નહવરાવી દીધા.

હરિસિંહ બોલ્યો "મારા પિતાજી, વહાલા પિતાજી, તમારી તબીયતમાં આટલો બધો ફેરફાર શો? પણ અરે, ખરે ખર તેમ થવાનું કારણ આ તમારો હતભાગી પુત્ર છે? પિતાજી! અકસ્માત બનાવથી સપડાઈ ગયેલા તમારા બાળકના વિયોગ સિવાએ આપને આવી સ્થિતિમાં આવવાનું હું કાંઈ બીજું કારણ જોતો નથી. હું કેવો અભાગીઓ કે મેં તમને આવી દશામાં લાવી મુકયા. પરંતુ પરમ કૃપાળુ પરમેશ્વર સત્યનો બેલી છે અને તેનીજ કૃપાથી આપણે પુનઃભેગા થયા છીએ તેથી હું મારૂં મોટું ભાગ્ય સમજુ છું." જાનકીપ્રસાદ પોતાનો હાથ તેની તરફ લાંબો કરી ગદગદીત કંઠે બોલ્યો "ઉઠ, મારા પ્રિય પુત્ર, તું શા માટે આટલો બધો શોક સાગરમાં ગરકાવ થઈ ગયો છું! તું ગમે તે પ્રકારે સહીસલામત ઘેર પાછો આવ્યો તો મારે દુનીઆમાં મોં કહાડી બોલવા દિવસ આવશે, નીકર બધું અંધારૂં ભીંત હતું? તારાવિના સઘળી આશાઓ ભંગ થઈ મારૂં જીવતર ધુળ મળ્યું હતું. મારો સઘળો પૈસો ટકો મારા મુવા પછી ખેદાન મેદાન થઈ જાત મહાન પ્રભુએ સઘળાં સારાં વાનાં કીધાં છે."

હરિસિંહ ઉભો થઈને પુનઃતેના બાપના હાથમાં પડયો. થોડીવાર ડુસકાં ભર્યા પછી તેણે ઉંચી નજર કરીતો એક પુરૂષ અને તેની પુત્રી તેની તરફ આવતાં જણાયાં. તેમને તેણે તુર્ત ઓળખી કહાડયાં. જાનકીપ્રસાદનો જુનો મિત્ર રામપ્રસાદ અને તેની પુત્રિને હરિસિંહની નાનપણની સાહેલી રત્ન લક્ષ્મી હતાં. તેને જોઈ તેઓ સાનંદાશ્ચર્ય પામ્યાં અને તેના તરફ ટગર ટગર જોયા કીધું. થોડીવારે તેઓ સાવધ થઈ નીચે બેઠાં એટલે હરિસિંહે જ્યારથી તેમનાથી વિખુટો પડયો હતો ત્યારથી તે પુનઃ મળતાં સુધીનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પોતાના પિતાને વિસ્મૃત કરી એક

મોટો અપરાધ તેણે કર્યો હતો તે પણ કહેવાનું ચુકયો નહિ. તેના પિતાને વિસારી મુકવાનું કારણ તેણે એમ જણાવ્યું કે દ્રવ્યના, વ્યર્થ મોટાઇના, અને રાજ્ય લોભના તરંગમાં તે એક વર્ષ સુધી ફસાઈ ગયો હતો. તેઓ બધાં આનંદમાં પ્રફુલ્લીત થતાં નગરમાં ગયાં, અને જાનકીપ્રસાદે તેના એકના એક પ્રિય પુત્રના વિયોગના કષ્ટથી એકાંત વાસમાં રહેવાનો નિશ્ચય કરી ડુંગરની તળેટીમાં ઝુંપડું બાંધ્યું હતું તે પાછો તેના પુત્રની સાથે નગરમાં જઈ આનંદમાં દિવસ ગુજારવા લાગ્યો. રત્તલક્ષ્મીની વય હવે બારેક વર્ષની થઈ હતી અને તેણે શાળામાં અભ્યાસ કરી પોતાની ઉમ્મરનાં પ્રમાણમાં ઘણું સારૂં જ્ઞાન મેળવ્યું હતું. તે સકુમાર બાળા મિષ્ટ વચનથી પ્રસંગોપાત હરિસિંહને અતિ આનંદ આપતી હતી. ચિત્ર કળામાં પ્રવીણ થએલી હોવાથી અનેક પ્રકારનાં ચિત્રો કહાડી બતલાવી તેમજ ભરત સીવણના અનેક નમુના બતલાવી તેને ખુશ કરતી. નીતિનાં પુસ્તકો વાંચતી વખતે તેનું કાલું પણ મધુર બોલવું તેને બહુ પસંદ પડતું. તેના વિદ્યાભ્યાસમાં ઊત્તેજન આપવાને હરિસિંહ તેને કિંમતી બક્ષિસો આપતો. આથી રત્નલક્ષ્મીની પ્રીતિ હરિસિંહ ઉપર દિવસે દિવસે વૃધ્ધી પામતી ગઈ અને હરિસિંહના મનમાં તેના વિશે એવો સજ્જડ વિચાર બેશી ગયો કે " ભવિષ્યમાં આ એક સદ્દગુણી, કુલીન, અને સર્વ ગુણસંપન સુંદરી નીવડશે; જેથી તેણે ઇચ્છ્યું કે એ કન્યાનું પાણિ ગ્રહણ થશે તો અલબત આ દુનિયામાં હું સર્વ પ્રકાકારે સુખી થઇશ અને મારા પિતા તથા તેમના મિત્ર રામપ્રસાદે ધારેલી કામના પરીપૂર્ણ થશે. "

હરિસિંહના આવ્યાની ખબર મહારાજા અજીતસિંહને મળતાં તેમણે એક દૂતને તેને તેડવા મોકલ્યો; જાનકીપ્રસાદે તે દૂતને જોઇને હરિસિંહને તેના શોધને માટે પ્ર-

જાપ્રિય મહારાજાએ જે જે પ્રયત્નો કર્યા હતા તે જણાવ્યા અને બંને પિતા પુત્ર દૂત સાથે દરબારમાં ગયા. અજીતસિંહ મહારાજા હરિસિંહને જોઈ બહુ ખુશી થયા, અને તેઓને સનમાન આપી પોતાની પાસે બેસાડયા. સુખ શાન્તીના સમાચાર પૂછયા પછી હરિસિંહની બનેલી હકીકત જાણુવાની ઇચ્છા બતલાવી. તે ઉપરથી હરિસિંહે પોતાને વિતેલો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી મહારાજા સાનંન્દાશ્ચર્ય પામ્યા; પછી કેટલી એક પરચુરણુ વાતો કર્યા પછી ઉઠતી વખતે હરિસિંહને પોતાની પાસે નવરાશની વખતે રોજ આવવાનું ફરમાવ્યું. તે પ્રમાણે તે રોજ મહારાજા પાસે જઇ અનેક વિશયો ઉપર પોતાના વિચાર જણુાવી તેમને બહુ રંજન કરતો તેથી દિવસે દિવસે બંને વચ્ચે પ્રીતિ વધતી ગઈ.

પ્રકરણ ૯ મું.

ચંદ્રસેનની શોધ.

પિતા પુત્ર કેટલોક વખત ભેગા રહ્યા પછી હરિસિંહે ચંદ્રસેનની ખોળ કરવા જવાની પોતાના પિતા પાસે રજા માગી કે “ હે પિતાજી, મને આજ્ઞા આપો તો દેશાટન કરી રાજકુંવર ચંદ્રસેનને શોધી કહાડી ચંદનમંજરીને આપેલું વચન પરીપૂર્ણ કરૂં. ” જાનકી પ્રસાદ બોલ્યો “હે પુત્ર, હજી તને આવ્યાને તો ઝાઝા દિવસ થયા નથી એટલામાં વળી તું મારાથી જુદો પડવા કયાં વિચાર રાખે છે! આટલા દિવસ સુધી તો તારા વિના ટળવળીને મેં દિવસ ગુજાર્યા ને જરા શાન્તિ આપી પાછો દુઃખમાં શું કરવા નાંખે છે ? તું એકજ મારા પ્રાણુનો આધાર છે. તારા વિના હું ઘરમાં કેમ રહી શકું? અને તને જવાની રજા

આપતાં મારો જીવ કેમ ચાલે?" હરિસિંહે જવાબ દીધો કે મોત જ્યાં આવનાર હોય ત્યાં આવે, મોતની આગળ કોઈનાથી કોઇને રાખી શકાતું નથી, ઈશ્વરની ઈચ્છા હોય તેમ થાય છે, માટે હે પિતાજી મને રજા આપો. તમારી આગળ વધારે બોલતાં શરમ આવે છે. ચંદન મંજરીને આપેલું વચન પરીપૂર્ણ કરવા મેં પક્કો ઠરાવ કર્યો છે, માટે ગમે તેમ થાય તો પણ મારે ગયા વિના ચાલે એમ નથી." એવો આગ્રહ જોઇને જાનકીપ્રસાદે કહ્યું કે "સાથે કોઈ માણસને લેઇ જા." હરિસિંહે ઉત્તર દીધો કે "સાથે માણુસ લેઈ જવાથી હું ઊલટો વધારે ખટપટમાં પડું ને તેની મારે બરદાશ રાખવી પડે. માટે મેં એકલાએજ જવાનો નિશ્ચય કીધો છે." પછી જાનકી પ્રસાદે તેને ના ઈલાજે રજા આપી.

હરિસિંહ પોતાના પિતાને તથા તેમના મિત્ર રામપ્રસાદને પગે લાગી જવાની આજ્ઞા લેઈ વિદાય થયો. અને તે બનેએ તેની મુસાફરી ફતેમંદ નીવડે તેવાં આશિર્વચન કહ્યાં. ત્યાંથી તે રાજ મહેલમાં ગયો અને મહારાજા અજીતસિંહની આજ્ઞા લેઈ આગળ ચાલ્યો. પ્રથમ તે આરાસુર પર્વતમાં અંબાજી, તથા કોટેશ્વરનાં દર્શન કરીને આબુ પર્વત ઉપર ગયો. ત્યાં અર્બુદાભવાની વિગેરેના દર્શન કરીને આશપાશનો મુલક જોઇને પ્રભાસપાટણ ગયો. દ્વારિકાં વિગેરે ગુજરાતના અનેક શહેરોમાં ખોળ કરી માળવા દેશમાં ગયો; ત્યાં અવન્તીપુરમાં જઇને મહાકાળેશ્વર તથા હરસિધ્ધ માતાનાં દર્શન કર્યાં ને ક્ષિપ્રાનદીમાં નહાયો. પછી ખાનદેશ વટાવી દક્ષિણમાં નાશીક ત્ર્યંબક થઈ પઢંરપૂરમાં પુંડરીક વીઠુલનાથનાં દર્શન કરી રામેશ્વર ગયો. રસ્તામાં કાંચી પુરી વિગેરેમાં શોધ કરી મદ્રાસ થઈ જગન્નાથજી

ગયો. પછી ફરતો ફરતો કલકત્તા, ગયાજી, પટણા વિગેરે સ્થળે તપાસ કરી બનારસ ગયો. દીલ્લી આગ્રા આદિમોટા શહેરોમાં તપાસ કરી હિમાલય તરફ ગયો. રસ્તામાં જતાં જતાં એક રમણિય અરણ્ય આવ્યું. તેમાં કેટલાંક હરણાં તથા મૃગલાં નિર્ભય પણે રમતાં જોયાં ને એક જાતનાં વિચિત્ર પક્ષીઓને મધુર સ્વરથી ગાયનકરતાં સાંભળ્યાં. થોડે દૂર ગયો એટલે એક તપસ્વીનો સુંદર બાગ તેની દ્રષ્ટિગોચર થયો. થાકી ગયેલો હોવાથી વિશ્રાંતી લેવા સારૂ તે બાગ તરફ ગયો. અંદર દાખલ થતામાં તેના કાને ઉત્તર દિશા તરફ વૃક્ષની ઘટામાં કોઇ બોલતું હોય એમ સંભળાયું. તેની તરફ જઇ જોયું તો રાજાના કુંવર જેવો એક તરૂણ પુરૂષ તેની નજરે પડયો. પાણીથી ભરેલો એક ઘડો ઝાલી કુમળાં વૃક્ષને તે પાણી પાતો હતો. તે તરૂણ પુરૂષે હરિસિંહને કોઈ સારો માણસ જાણીને માન આપ્યું ને તેના અંતઃકરણમાં તેને માટે પ્રીતિ ઉત્પન્ન થઈ. પછી તેઓ એક વૃક્ષની છાયા નીચે નિરાંતે બેઠા એટલે પેલા પુરૂષે હરિસિંહને નમ્રતાથી પુછયું કે આપ કયાંના રહેવાસી છો? આપના માત પિતાનું નામ શું છે? કયાંથી ફરતા ફરતા આ એકાંત અને નિર્જન વનમાં આવી પહોચ્યા, અને કયાં જવાની મરજી છે? તથા આપના નામ ઠામની વાત વિગત વાર જણાવી મને ઉપકારી કરો. આપની ઉમ્મર ન્હાની છે, પણ દેશાટન કરવાનું પરાક્રમ અને સમજણ વધારે જણાય છે.

એવું સાંભળી હરિસિંહે પોતાનો સર્વ વૃતાંત નિવેદન કરી છેવટે ચંદ્રસેનને ખોળી કહાડી ચંદન મંજરીને તેનો મેળાપ કરાવી આપવા પ્રતીજ્ઞા લીધી હતી તે પણ કહી સંભળાવ્યું. ચંદન મંજરીનું નામ સાંભળતાં પેલો પુરૂષ આશ્ચર્ય પામી ગદ્દગદીત કંઠથી બોલ્યો. "ચંદનમંજરી !!!

તે પક્ષીના રૂપમાંથી પુનઃ સ્ત્રી રૂપમાં આવી છે! શું હજુ તે મારૂં સ્મરણ કર્યા કરે છે! જેને સારૂ તમે તમારો પોતાનો સ્વાર્થ દૂર કરી ઘોર અરણ્યનાં અસહ્ય કષ્ટો વેઠી પરમાર્થ કાર્ય કરવાનું માથે લીધું છે તે તમારો હમેશનો આભારી ચંદ્રસેન આપની પાસેજ બેઠો છે."

ચંદ્રસેનનું નામ સાંભળી હરિસિંહ અતિ હર્ષ પામી બોલ્યો "કે શું હું ચંદ્રસેન પાસે બેશી વાતચીત કરૂછું!!! હે પ્રભુ તારી શકિત અદ્ભૂત છે. હું કેવો ભાગ્યશાળી કે તેં મને સાહ્ય કરી મારી ઇચ્છા પરી પૂર્ણ કરી! પ્રિય મિત્ર ચંદ્રસેન! ચંદનમંજરીના કહેવા પ્રમાણે તમને જાદુગરે પોપટનું રૂપ આપ્યું હતું તેમાંથી તમે કેવી રીતે મુકત થયા, તથા અત્રે તમને કોણ લાવ્યું અને ચંદનમંજરી જે પોતાનો પતિવ્રતા ધર્મ પાળી હાર્નિશ તમારૂં એક નિષ્ઠાથી સ્મરણ કર્યા કરેછે તેને વિસારી દેઇ આ સ્થળમાં રહેવાનું શું પ્રયોજન છે તે મને કૃપાકરી કહો."

હરિસિંહને એ પ્રમાણે બોલતો સાંભળી ચંદ્રસેન બોલ્યો "પ્રિયમિત્ર હરિસિંહ! તું મારો વૃતાંત જાણુવા ઇચ્છા રાખેછે તો એક ચિત્તે સાંભળ. તે દુષ્ટ જાદુગરે મારૂં રૂપ પલટી મને પોપટ બનાવી વહાણ ઉપરથી ઉરાડી મુકયો ત્યાર પછી મારા અને ચંદનમંજરીના દુર્ભાગ્ય વિશે શોચ કરતો જંગલમાં ઉડતો ફરતો હતો. કેટલાક દિવસ વિત્યા પછી ઉડતો ઉડતો હું આ રમણિય અરણ્યમાં આવી પહોચ્યો. એક સમયે સંધ્યાકાળે એક વૃક્ષ ઉપર બેશી હું મારી પ્રથમની સ્થિતિને યાદ કરી મ.રા કમનશીબ વિશે મોટે સાદે અતિરૂદન કરતો હતો, તે વખતે એક તપસ્વિ ગંગામાં સ્નાન કરીને આવતા હતા. તેમને કાને મારૂં રૂદન પડતાં તેમણે ઊંચી નજર કરી મારી તરફ જોયું. તે બ્રહ્મ

ઋષિને ત્રિકાળજ્ઞાન હોવાથી મારી તરફ જોઈ તરત પારખી કહ્યું કે કોઇએ જાદુ ચલાવી આ મનુષ્યને પક્ષીનું રૂપ આપ્યુંછે. તેમને જોઈ હું પ્રથમના કરતાં વધારે મોટે સાદે રૂદન કરવા મંડયો તેથી તેમણે મારા ઉપર દયા લાવી મંત્રેલા દર્ભોદકની ઉંજણી નાંખી મને મારા મુળસ્વરૂપમાં આણ્યો. હું તેમના સામે હાથ જોડી ઉભો રહ્યો અને મારા ઉપર થયેલા ઉપકાર બદલ તેમની સ્તુતી કરવા મંડયો. પછી તેમણે મને મારે દેશ જવાનું કહ્યું, પણ જેના ઉપર મારો અતિ પ્રેમ હતો તે ચંદનમંજરીને જાદુગરના સપાટામાં ફસાઈ પડેલી ધારીમેં ઘર તરફ ન જતાં બાકીની જીંદગી એ મહાત્માની શેવા કરી પુરી કરવાનો નિશ્ચય કીધો; પરંતુ જો મારી પ્રાણથી પણ અધીક એવી પ્યારી ચંદનમંજરી જાદુગરની સત્તાથી મોકળી થઇ હમેશાં મારૂ સ્મરણ કરી તેનો પ્રતિવ્રત ધર્મ પાળતી હોય તો મારે તેને તજી દેવી જોઇએ નાહ. ચાલો આપણે પેલી સામી પર્ણ કુટીમાં બેઠેલા મહાત્મા તપસ્વિની આજ્ઞા લેઈ ઘર તરફ જવાનો માર્ગ લેઇએ. આ બાગ પણ તેમનોજ છે અને આ આશ્રમ પણ તેમનાજ નામથી ઓળખાયછે. ”

પછી તેઓ તે પર્ણકુટીમાં ગયા અને ઋષિને પગે લાગ્યા એટલે તે મહાત્માએ આશિર્વાદ દેઇ પાસે બેસાડ્યા અને નવો માણસ કોણછે ને શા કાર્ય માટે આવ્યો છે તેની ચંદ્રસેનને પૂછીને માહીતી મેળવી. ચંદ્રસેને સર્વ હકીકત નિવેદન કરી હરિસિંહ સાથે પોતાને વતન જવાની આજ્ઞા માગી. ઋષિએ પ્રસન્ન વદનથી અતિહર્ષ પામી તેમને પોતાને દેશ જવાની આજ્ઞા આપી એટલે તેઓએ પગે લાગી રસ્તો કાપવો શરૂ કર્યો. ચાલતાં ચાલતાં અનેક પ્રદેશો, વનો, ઉપવનો, નદીઓ તથા પર્વતો ઓળંગીને અ-

નેક શહેરો જોતા છેવટ પર્ણભાનુમાં આવી પહોચ્યા. આ મુસાફરીમાં હરિસિંહને જુદા જુદા ભાગોમાં ચાલતા રીવાજોની નોંધ લેવાની તથા કળાકૌશલ્ય અને વહેપાર વૃદ્ધિનું અવલોકન કરવાની સારી તક મળી હતી. વળી હિંદુસંસાર સુધારાને માટે થતા પ્રયત્નો તેના જોવામાં આવ્યા હતા. મોટા મોટા શહેરોની પાઠશાળાઓ અને હુન્નરશાળાઓની તેણે મુલાકાત લીધી હતી અને તેમાં જુદી જુદી ભાષામાં અપાતી અનેક પ્રકારની કેળવણી જોઈ તેનું મન બહુજ રંજન થયું હતું. જુદા જુદા ભાગોમાં જે રાજ્ય ખટપટ ચાલી રહી હતી અને પશ્ચિમ તરફના વહેપારીઓએ વહેપારને અર્થે આવી હિંદુસ્તાનનો કેટલોક દેશ કબજે કર્યો હતો અને રૈયતને રાજી રાખવા સુખશાન્તીને માટે જે જે ઉપાયો તેઓએ યોજ્યા હતા તેની નોધ લેવાને પણ તે ચુકયો નહોતો. આ સમગ્ર નોધ જાળવી રાખી પ્રસંગોપાત ઉપયોગ કરવા તેનો દ્રઢ નિશ્ચય હતો.

જાનકીપ્રસાદ પોતાના પુત્રને તથા તે જેની શોધમાં ગયો હતો તે ચંદ્રસેનને જોઇને અતિ હર્ષ પામ્યો અને પોતાના પુત્રે માથે લીધેલા ધર્મ કાર્યમાં ફતેહ મેળવી તે સારૂં એક ચીત્તે ઇશ્વરની પ્રાર્થના કરી પોતાને એવું સદ્ગુણી પુત્ર રત્ન પ્રાપ્ત થયું છે તે માટે તે પોતે ભાગ્યશાળી છે એમ માનવા લાગ્યો.

થોડા દિવસ ચંદ્રસેન પર્ણભાનુમાં રહ્યો ત્યાર પછી તેણે પોતાનું હર્નીશ સ્મરણ કરનાર ચંદનમંજરીને જઈ મળવાનો વિચાર કરી હરિસિંહ પાસે રજા માગી. હરિસિંહ કેટલાક માણુસો સાથે લેઈ ચંદ્રસેનની સાથે ચંદ્રાવતી જવા તત્પર થયો. સ્થળ માર્ગની મુસાફરી પુરી કરી રહ્યા પછી જળમાર્ગની મુસાફરી શરૂ કરીને થોડા દિવસમાં ચંદ્રાવતી જઈ પહોચ્યા.

અભેસિંહ મહારાજાને ચંદ્રસેન તથા હરિસિંહના આવ્યાની ખબર મળતાંજ સઘળા દરબારીઓને તથા પ્રજા વર્ગના આગેવાન સદ્‍ગૃસ્થોને સાથે લેઈ બંદર ઉપર સામા તેડવા ગયા પછી તેઓને ઘણી ધાંમધુમ સાથે માન આવકારથી નગરમાં લેઈ ગયા. મહુરત જોવરાવી સુભ દિવસે ચંદ્રસેન સહી સલામત ઇશ્વર કૃપાથી આવી પહોચ્યો તે બદલ મહોત્સવ કરી બડી ધામધુમ સાથે રાજ્યાભિષેક કર્યો. દરબારીઓને તથા સર્વ કામદારોને શીરપાવ આપી આખા નગરના લોકોને ભોજન કરાવ્યું. સર્વ કાર્ય સમાપ્ત થયા પછી હરિસિંહ અભેસિંહ મહારાજાની આજ્ઞા લેઈ પર્ણભાનુ જવા નીકળ્યો. ચંદ્રાવતીમાં હરિસિંહનું નામ કદી ભુલી જવાય નહિ તેટલા માટે નગરના હોશીઆર અને ચતુર કારીગરોને બોલાવી તેની પ્રતિમા બનાવરાવી તેનું નામ હમેશા કાયમ રાખવા માટે નગરના મધ્ય ભાગમાં જ્યાં ચારે બાજુથી ચાર રસ્તા એકઠા મળતા હતા તેવી જાહેર જગ્યામાં તેની સ્થાપના કરી. આ પ્રમાણે મહારાજા અભેસિંહે પોતાની સર્વ અભિલાષા સંપૂર્ણ કર્યા પછી પોતાની જીંદગીનો બાકીનો વખત ઇશ્વર ભક્તિમાં ગાળવાનો નિશ્ચય કરી સન્યસ્ત ધારણ કરી પોતાના રાજ સમીપના એક અરણ્યમાં અનુકુળ સ્થાન બંધાવી ત્યાં નિવાસ કર્યો.

પ્રકરણ ૧૦ મું.

લગ્નની ધામધુમ.

હરિસિંહ સહીસલામત આવ્યા પછી થોડાક દિવસમાં તેનું લગ્ન રામપ્રસાદની પુત્રિ રત્નલક્ષ્મી સાથે કરવાનો તેના બાપે નિશ્ચય કર્યો. લગ્ન વઇશાખ શુદ ૩નું નીરધારી

જાનકીપ્રસાદે ચંદ્રાવતી તેમજ બીજા નગરોમાં સ્નેહ સંબંધીઓને કુમકુમ પત્રીકાઓ મોકલી, બાદ લગ્ન સામગ્રીની ધામધુમ ચાલી રહી. રામપ્રસાદે પણ વિવાહની તૈયારી અતિ ઉલટ ભેર કરવા માંડી. ગિના કારીનું કામ કરાવી માંડવો તૈયાર કરાવરાવ્યો. રત્નલક્ષ્મીને સાત વરધે માળા નાંખી એટલે તેની સૈયરો તથા સગાં સ્નેહીઓ અને પાડોશની સ્ત્રીઓ રત્નલક્ષ્મીનાં મંગળ ગીતો ગાવા એકઠી થઇઓ. ઘર આગળ તરીઆ તોરણ બાંધી કેળના સ્થંભ રોપ્યા. વઇશાખ શુદ ૨ને દિવસે રાત્રીએ ચંદ્રસેન તથા ચંદનમંજરી પણ ગાનુમાં આવી પહોચ્યાં; તેમને હરિસિંહ, જાનકીપ્રસાદ અને રામપ્રસાદ વિગેરે મળ્યા, ભેટ્યા, અને સર્વને ઉતારે તેડી ગયા. ત્રીજને દિવસે બપોરે વરઘોડો ચડ્યો.

પડઘમ, બેન્ડ, ત્રાંસાં, નોબત, ચિત્ર વિચિત્ર વાજાં અને શરણાઇના મનોહર તીણાસાદ નીકળવા માંડ્યા ને સાજન માજન સાથે સધજો વરઘોડો રામપ્રસાદના ઘર તરફ ચાલ્યો. આ મનોહર મેદની જોવાને આખું નગર ઉલટ્યું. ઘરનાં કાર્ય પડતાં મુકી સ્ત્રીઓ પોતાનાં છોકરાંને લેઈ ચકલે ચકલે ભેગી થઇઓ, અને બધા નગર વાસી હરિસિંહનું મુખાર્વિંદ જોવાની ઉત્કંઠા કરવા લાગ્યા.

કેટલીએક સ્ત્રીઓ અંદર અંદર વાતો કરવા લાગી "રત્નલક્ષ્મી પુરી ભાગ્યશાળી ! વાહ ! વાહ ! શું તેના પતિની કાન્તી ! શું તેનું સૌન્દર્ય ! જેના માત પિતા વિદ્વાન હોયછે તે પોતાના સંતાનને માટે કેવું સુખ ખોળી કહાડે છે ? અજ્ઞાન માત પિતા પેઠે કૂળ જોવાની ખોટી આબરૂમાં અને નાણાંના તેજમાં બાળકોઓનું લાકડે માંકડું વળગાડતાં નથી. જોડું તો આનું નામ, બાકીતો હૈયા હોળી માનવી.

એટલામાં વરઘોડો રામપ્રસાદના ઘર આગળ આવી પહો

ગ્યો, એટલે રત્નલક્ષ્મીની મા ભાનુમતી પ્રેમના ઉભરામાં હાથમાં રામણ દીવડો લેઈ, હસ્તે મુખે, ચટકતી ચાલે, વસ્ત્રા ભુષણથી શોભતી, સુંદર રાગથી મનોહર ગીતો ગાતી, સુસ્ત્રીઓના સમુદાય સાથે જમાઇને પોખવા આવી. જમાઇના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી ચોખા ચોડી ઓવારણાં લીધાં. એ થઈ રહ્યા પછી હરિસિંહને માંયરામાં લેઈ ગયા. કન્યાને પણ વસ્ત્રા ભુષણથી શણગારી માંયરામાં પધરાવી, એટલે ગોર મહારાજે વિધિ પૂર્વક રત્નલક્ષ્મીનો હાથ હરિસિંહના હાથમાં સોંપ્યો. હરિસિંહની વિચિક્ષણતા, ચાલાકીને મનોહર પણુ જોઈ રત્નલક્ષ્મીની સૈયરો છક થઈ ગઈ.

હવે ચોરીએ ચડવાનો વખત થયો, એટલે આ ભાગ્યશાળી વર કન્યાને યોગ્યસ્થાને પધરાવ્યાં; પછી લગ્ન વિધિ શરૂ થઈ. ગોર મહારાજે શાસ્ત્રાધારે ફેરા ફેરવવા માંડયા તે વખતે રામપ્રસાદે અને ભાનુમતીએ આવી પોતાની આબરૂ પ્રમાણે કન્યાદાન દેઇ વિદ્વાન પંડીતોને દાન દક્ષિણા આપી. સ્ત્રીઓ મંગળ ગીત ગાવા મંડી તથા વાજીત્રના મનોહર અવાજો થવા માંડયા.

આ સુભ પ્રસંગે હરિસિંહનો મિત્ર ચંદ્રસેન દંપતી ધર્મ વિશે નિચે પ્રમાણે બે બોલ બોલ્યો:—“ પ્રિયમિત્ર હરિસિંહ અને બેહેન રત્ન લક્ષ્મી, તમો બંને જણ આજથી આ સંસારમાં જોડાયાં છો. હવેથી સંસારની સઘળી ફરજો બજાવવાનું કામ તમારા માથે આવી પડયું છે. આ વિકટ દુનીઆમાં સુખ દુઃખ સાથે અનેક વિટંબના વેઠવી પડે છે. અનેક રીતે હર્ષ શોકનું કારણ થાય છે, તો તેવા વખતમા એક બીજાએ સંપસંપી અરસ પરસ મદદ આપી પોતાના જીવતરનું સાર્થક કરવું. પોતાના લાગતા વળગતાઓની સાથે યોગ્ય સન્માનથી વર્તવું, નીતિ પકડવી. એક બીજાપર પ્યાર

વધારવો, એક બીજાનું બોલ્યું સાંખવું, અને એક બીજાએ અરસ પરસ સુખ દુ:ખના સાથી થઇ રહેવું. નીતિના રસ્તે ચાલો, ન્યાયનો રસ્તો ધ્યાનમાં રાખી, સત્યપર પુર્ણભાવ ધરી માત પીતાની ભકિત બજાવવી. આ દુનીઆમાં પ્રતીષ્ઠા મેળવવી. છેવટ આ અમુલ્ય સંસારનો રૂડો લાવો લેઈ આ લોક અને પરલોક ઊભયનું સુખ મેળવવા તન, મન, અને ધનથી દેશ કાળને અનુંસરી દયા, દાન, સત્ય, અહિંસાદી ધર્મ કાર્યોમાં પ્રવૃત્તી રાખી જય મેળવવો. પછી રત્નલક્ષ્મીની મા ભાનુમતિએ આવી પોતાની પુત્રીને બોધ કર્યો:—

"બેન રત્નલક્ષ્મી આજથી સુર્યદેવ અને આ સજ્જન સમુદાયની સાક્ષીએ તને હરિસિંહના હાથમાં સોંપી છે તો તે તારા પતિ અને તું તેમની પત્નિ થઈ ચુકી છું. પતિ તેજ પરમેશ્વર માનવો, એ પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે, તો તારે તારા પતિને જેમ બને તેમ સુખી રાખવા પ્રયત્ન કરવો. તારા સદ્ગુણને માટે કાંઇ નબળો વિચાર બંધાય નહિ તેને માટે કાળજી રાખી વર્તવું. તારા રક્ષણ હાર પતિ અને તેના વડીલોની મર્યાદામાં રહેજે. નિચ અને કુટીલ સ્ત્રીઓની સંગત કરીશ નહિ એટલુંજ નહિ, પણ તેના છાંયડે પણ ઉભી રહીશ નહિ. કેમકે તેમ થવાથી નિર્દોષ છતાં શિરપર કલંક ચડવાની ભીતી રહે છે. કોઇને તોછડાઇથી બોલાવવાં નહિ; ગમેતો નાનો કે મોટો હોય, તથાપી માન આપી બોલાવવાની ટેવ અને કુળની માઝા રાખવી. હમેશા નવરાશનો વખત ધર્મ પુસ્તકો વાંચી ઇશ્વર તરફની શી શી ફરજો છે તે સમજવામાં ગાળજે અને પતિના કાર્યમાં તત્પર થઇ મદદ આપજે. તું સુજ્ઞ છું, એટલે વિશેષ નહિ કહેતાં છેવટ એટલીજ ભલામણ કરૂં છું કે સતિ પદને શોભે એવી રીતીથી વર્તી નિરંતર ધન્યવાદ મેળવજે."

લગ્ન સમારંભ પુરો થયો એટલે ચંદ્રસેન અને ચંદનમંજરીએ તેમના દેશ જવાની રજા માગી. તેમને વિવિધ પ્રકારની ભેટ સોગાદો આપી વિદાય કીધાં.

હરિસિંહનું લગ્ન થયા પછી તે એક દિવસે મહારાજા અજીતસિંહ પાસે બેશી વાત વિનોદ કરતો હતો તે વખતે અતિ પ્રસન્ન થઈ પોતાના તાબાગાં રાજની શેવા બજાવવા તેને એક ભારે પગારની જગો આપવા પોતે આગ્રહ કર્યો. હરિસિંહે તે બદલ મહારાજાનો ઉપકાર માની જગો સ્વીકારી. તે પદવી મેળવ્યા પછી તેણે ચાલાકીથી, વિચિક્ષણતાથી, નિયમીતપણાથી અને ખંતીલાપણાથી પોતાનું કાર્ય એવી સારી રીતે બજાવી મહારાજાની પ્રીતિ મેળવી કે તેનાથી પણ વધારે મોટી પદવી આપવાનો મહારાજાએ નિશ્ચય કર્યો. તે સમયે મોતીચંદશાહે વૃદ્ધાવસ્થાએ પહોચવાથી બાકીની જીંદગી ભગવત સ્મરણમાં ગાળવાની ઇચ્છા જણાવી તેથી અજીતસિંહે હરિસિંહને પ્રધાનપદ આપી શિરપાવ કર્યો.

પ્રકરણ ૧૧ મું.

હરિસિંહનું પ્રધાનપદ અને જીવન મુક્તિ.

હરિસિંહને દિવાનગીરી આપ્યા પછી અજીતસિંહ મહારાજા એક અસાધ્ય રોગ થવાથી થોડા દિવસ બિમારી ભોગવી કૈલાસવાસી થયા. તેમનો પુત્ર વિજયસિંહ બાલ્યાવસ્થામાં હતો તેથી હરિસિંહે તેના તરફથી રાજ્ય કાર્યભાર ચલાવવા માંડયો. તે દરમીઆન દરેક ખાતામાં જે જે અવ્યવસ્થા તેને માલમ પડી તે ધીરે ધીરે દૂર કરી રાજ્યને પૂર્ણ તેજપર લાવ્યો. કામદારોના પગાર ટુંકા હતા તે તેમની યોગ્યતાને જોખમદારીના પ્રમાણમાં વધારી આપ્યા. કેટલાક

ખેડુતો સરકારમાં વિઘોટી બદલ રોકડ નાણું આપતા હતા અને કેટલાક ધાન્ય આપતા હતા તે રીત નાબુદ કરી વિઘોટીનો દર ઘણો કમી કરી રોકડ નાણું લેવાનો રીવાજ પાડયો, તેથી ખેડુતોની સ્થિતિ દિનપ્રતિદિન સુધરતી ચાલી. નવાણુ વગરના ગામમાં નવાણ ખોદાવરાવ્યાં. ગરીબ ઘરબાર વગરના લોકોને રહેવા વિશાળને સુશોભિત ધર્મશાળાઓ બંધાવરાવી. સરકાર કચેરીઓ ભાડાના મકાનોમાં બેસતી તેને માટે સરકારી પૈસાથી નવાં ભવ્ય મકાનો બંધાવરાવ્યાં. ભીખારી લોકોને કામ સોંપી ભીખ માગતા અટકાવ્યા અને જે લોકો ધંધો કરવાને શકિતવાન હોય તેઓ ભીખ માગતા માલમ પડે તો તેમને યોગ્ય નશીઅત આપી ધંધે વળગાડવા માણસો રોકયાં. જૂદે જૂદે સ્થળે દવાખાનાંઓ બંધાવરાવી હોંશીઆર ને અનુભવી દાકતરો રાખ્યા. દેશી વૈદોને ઉત્તેજન આપવા એક વૈદકશાળા સ્થાપી. દેશકાળ પ્રમાણે ધર્મને અનુસરી નવા કાયદા કરાવ્યા. પરદેશી હુન્નરો દેશમાં દાખલ કરી દેશી કારીગરીને પુર્ણ તેજ પર લાવવા પ્રયત્ન કર્યો. કેળવણીને ઘણું સારૂં ઉત્તેજન આપ્યું. સ્થળે સ્થળે શાળાઓ સ્થાપી પ્રસંગોપાત છોકરાઓને ભણાવવાથી થતા લાભ વિશે ભાષણો આપવા માંડયાં. સ્ત્રી કેળવણીને પણ ઉત્તેજન આપવા કન્યાશાળાઓ સ્થાપી અને તેમાં નાની વયની તેમજ ઊમ્મર લાયક બાળાઓને ઉપયોગી થઈ પડે તેવા વિશયો દાખલ કરી શીખવવા માંડયા. સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને ઊત્તેજન આપવાને માટે સંસ્કૃત પાઠશાળાઓ સ્થાપી વિદ્યાર્થીઓને સર્વ પ્રકારની સોઈ કરી આપી. વળી કેટલાક વિદ્વાન છટાદાર ભાષણો કરનારાઓ રાખી દેશની ઉન્નતીને સુધારો થાય તેવો બોધ કરવાને સ્થળે સ્થળે મોકલવાની તજવીજ કરી હતી. વખતો

વખત જાહેરાત સભાઓ ભરાતી અને તેમાં ધર્મ તથા ચાલતા રીવાજ વિગેરે બાબતોમાં કાંઇ ફેરફાર કરવા જેવું હોયતો તેને માટે ભારે ચર્ચા ચાલી રહેતી. આ પ્રમાણે પોતાના રાજ્યમાં ઘણી ઘણી જાતના સુધારા દાખલ કર્યા બાદ પ્રસંગોપાત એથી પોતાની પ્રજાને સુખશાન્તી મળેછે કે નહીં તેનો તપાસ કરવા રાજ્યમાં મુસાફરી કરવાનો વિચાર કીધો. ફરતાં ફરતાં અલકાપુરીમાં જઈ ચડયો. તે શહેરના બાપણુ ગૃહમાં એક મોટી સભા એકઠી થઈ હતી અને ત્યાં કન્યા વિક્રયના દુષ્ટ રીવાજને નાબુદ કરવા ચર્ચા ચાલી રહી હતી ત્યાં તે ગયો. સર્વ સભાસદોના વિચાર જાણી લીધા બાદ તેણે પોતાના વિચાર ટુંકામાં દર્શાવ્યા:—

'કન્યાવિક્રય' આ દુષ્ટ રીવાજ હિંદુની કેટલીક નાતોમાં ધમધોકાર ચાલેછે. આપણા શાસ્ત્રમાં બ્રહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, ગાંધર્વ, રાક્ષસ, પૈશાચ અને આસુર એવા આઠ પ્રકારના વિવાહ કહેલા છે તેમાં કન્યાને પૈસા લેઈ વેચવાનો વિવાહ કોઈ પણ સ્થળે વર્ણવ્યો નથી. પલ્લું લેઈ કન્યાના ગુજરાનનો બંદોબસ્ત કરવાનો વિવાહ જેને આસુર વિવાહ કહેલોછે તે પહેલાં ફક્ત ચાલતો અને હજુ પણ તે ચાલુ જારીછે પણ પાછળથી તો પલ્લાની સાથે પોતાનો ગલ્લો ભરવાની અધમ રીત લોકે દાખલ કીધી, ને તેની સાથે ખરૂં કન્યાદાન કોને કહેવું તેતો બાજુપર મુકયું. વળી કુળ જોવાની રીતથી એમાં વધારો થયો. કુળવાન હોય તે એક, બે કે વધારે કન્યા મફત પરણે તેથી સાધારણ પંક્તિના તથા ગરીબને પૈસા આપી પરણવું પડેછે. એ પ્રમાણે શરૂઆતમાં આ ધારાનું બીજ રોપાયું એમ માલમ પડેછે. બ્રાહ્મણ જેવી ઉચ્ચ કોમમાં તો બીન પૈસે સારો વર જોઇને પોતાની કન્યા આપતા, ને તે દાન ઉત્તમ ગણાતું.

કેટલાકતો પારકી દીકરીઓને મોટો ખર્ચ કરી પરણાવી આપતા, પણ ધર્મ તથા શાસ્ત્રથી પતીત થયેલા લોકો તેનો જરા પણ હાલમાં વિચાર લાવતા નથી. આજતો કન્યાદાનની કિંમત એક પશુ તુલ્ય થઈ ગઈ છે. જેમ આપણે એક ઢોર વેચવું હોય તો જે શખ્સ તેની વધારે કિંમત આપે તેને આપીએ, તેમ ઘણી ખરી ઉંચ કોમમાં પણ દીકરીઓનાં નાણાં લેઈ રાજી થનાર અધમ માણસો જે વધારે પૈસા આપે તેને પોતાની સુકુમાર બાળા આપેછે; ભલે, પરણનાર શખ્સ પછી કદરૂપો, અપંગ, મોટી ઉમ્મરનો, નાની ઉમ્મરનો કે કાળા અક્ષરને કુટી મારે એવો હોય. તે અધમ તો કેવળ લક્ષ્મી દેવીના ઉપરજ આધાર રાખે છે. દીકરી અવતરી કે ખુશ ખુશ થઇ જઈ પુત્ર પ્રસવ કરતાં પણ અધિક મહોત્સવ માની લેછે. છોકરાને સારૂં ખાવા પીવા કે ઓઢવા પહેરવા ન આપી, દીકરીની માવજત અચ્છી રીતે કરેછે, અને બરાબર ઉછેરીને પછી હીરો વટાવેછે. એમ બે ત્રણ કે વધારે હીરા વટાવીને હરામના પૈસા ભેગા કરી પોતાની નિરપરાધી બાળાઓનો આખો જન્મારો ધુળ મેળવે છે.

પૈસાની લાલચે પોતાની પુત્રીને પચાસ કે સાઠ વર્ષના વૃદ્ધ માણસ સાથે પરણાવી મડદે મીંઢળ બાંધી બિચારી બાળાનો ચોરીમાંથીજ રંડાપો વોહોરી લે છે. બે ચાર વર્ષ અગર તેથી ઓછી મુદ્દત સુધી પણ બુઢા કાકા જીવે તો બિચારી કન્યાનું પુર્ણ ભાગ્ય. પુખ્ત ઉમ્મરે સંસારી લાવો લેવા જેવડી થાય તેવામાં તો બિચારીનું નશીબ ફુટી જાય છે. બુઢા કાકા સ્વધામ પહોચે છે, અને નિરપરાધી અજ્ઞાન બાળા દુઃખ દરિઆમાં પડી ઝુરી ઝુરીને પોતાનું જીવતર પુરૂં કરે છે. તેના દુઃખનો પાર રહેતો નથી તેથી એ બિચારીને સઘળું જગત વેરાન રૂપ ભાસે છે. એ બધું જોતાં પેલા

દુષ્ટ માબાપો લૌકીક રીતે પસ્તાવો કરવા બેસે છે ને બીજા લોકોનો ધિક્કાર પામે છે. છેક નાની ઉમરનો વર મળવાથી પણ કજોડાનાં સંકટ વેઠવાં પડે છે. તેમ સ્વભાવ કે ગુણના કજોડાથી પણ કજીઆ કંકાસ ન મટતાં આખો ભવ દુઃખ દાયક રીતે ગુજારે છે; વળી લાયક વર મળવાથી પણ તે જોડું સુખ ભોગવી શકતું નથી. પેલા પાપી પિતાએ બિચારા જમાઇએ મહા મહેનતે કમાઇને એકઠું કરેલું ધન તો હરી લીધું હોય છે. તેથી નવા સંસારમાં બળાત્કારે ધંધો રોજગાર કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

એ હરામનો પૈસો વળી બીજી કેટલીક મોહોકાણ વાળેછે. કજોડાના દુઃખથી હેરાન થઈ કેટલીક અબળાઓ ખરાબ રસ્તે દોરાઇને નાત જાત તથા કુંટુંબને વખતે બટો લગાડે છે. કેટલીક તો પોતાના ધણીપર અભાવ લાવીને સાસરે જવાને પણ ના પાડે છે, અને પછી દુષ્ટ આચરણ આચરીને ઘણું કષ્ટ ભોગવે છે. એવા ભવાડામાં સંતતીતો સારી થવાની આશાજ શી ? પોતાના બાપે લાડ વડાની ઉછેરી હોય અને પાપી પીતાએ ખાલી કરેલા પતિ પાસેતો ગુજરાન ચલાવવા જેટલું સાધન પણ ન હોય તો એવે પ્રસંગે પણ પૈસાની બુરી લાલચમાં ફસાઇને ખરાબ વર્ત્તણુક ચલાવે છે. એ પ્રમાણે સ્ત્રી પુરૂષના દુઃખ નો પાર રહેતો નથી. તેની સાથે દુષ્ટ પિતા પણ સુખ ભોગવવા પામતો નથી. છોકરો પરણાવવામાં કે બીજા ખર્ચમાં પૈસો ઉડાવી દઈ પોતે પાછો બમણો કંગાલ બની જાય છે. ખરે ! એવા હરામના પૈસાથી કોઈ સુખી થયો નથી, અને થવાનો પથ નથી. જેવે માર્ગે તે પૈસો આવે છે તેવેજ માર્ગે તેનો વ્યય થાય છે. કન્યા વિક્રયનું પાપ ઓછું નથી.

કન્યા વિક્રય નહિ કરવા વિશે મનુ સ્મૃતિમાં કહ્યું છે કે, અવિવેકી પિતા કન્યાદાન આપવામાં વરની પાસેથી કંઈ

દ્રવ્ય લે નહિ પણ જો લોભે કરીને ખાવા લે તો તે પોતાની પુત્રીનો વેચનાર કહેવાય". તેમજ હેમાદ્રિએ પણ કહ્યું છે કે "કન્યા વેચવાનું અને દાસી વેચવાનું મહા પાપ છે." જે માણસ કન્યા વેચેછે તેના કરતાં તો પારધી પણ સારો, કારણ કે તે બીજાની પ્રત્યે નિર્દયતા વાપરે છે, પણ પોતાના કુટુંબ ઉપર તો દયા લાવે છે. વળી એક ઠેકાણે એમ પણ કહ્યું છે કે "શીવજીના જાપ કરવાથી મેરૂ જેવડાં જૂદાં જૂદાં પ્રકારનાં પાપ નાશ પામે છે, પણ કન્યા વિક્રયનું પાપ મટતું નથી." કહો ભાઇઓ, કેટલું અઘોર કૃત્ય છે. !!

'દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય' એ કહેવત પ્રમાણે બિચારી અજ્ઞાન બાળાને તેના મા બાપ જ્યાં પરણાવે ત્યાં પરણે છે. પણ એવે વખતે તો તેના મા બાપેજ કાળજી રાખી તેને યોગ્ય વર સાથે પરણાવી જન્મારો સુધારવો જોઇએ.

આ બાબત જેટલો ધિક્કાર ના થાય એટલો ઓછો છે. કેટલાક અધમ અને નિર્દય પુરૂષો તો દસ કે પંદર હઝાર રૂપીઆ સુધી પડાવેછે ને સામા માણસને ભષ્મ ચોળાવી પોતે અલ્પસુખ માણવાને તત્પર થાયછે, પણ આખરે ધુળની ધુળ. એતો પાંચસેકે પંદરહઝાર લે પણ દીકરીનો પૈસો વિષ રૂપજછે.

એ પ્રમાણે પોતાના કોમળ બાળકને દુઃખ દેનાર કજોડાં વધારનાર તથા શોકયના ઝગડા વધારી નાતનું નિકંદન કાઢનાર દુષ્ટ ધારો તાકીદે બંધ કરવો જોઇએ. કેટલાક પૈસાદાર બે ચાર પરણે ને ગરીબ બિચારા કુંવારા મરે, એથી દિવસે દિવસે નાત ટુંકી થતી જાય છે. માટે આ રિવાજનો નાશ કરવા પોતપોતાની નાતમાં દરેક સુજ્ઞ અને શાણા પુરૂષે બનતો પ્રયત્ન કરી અબળાઓ ઉપર ઉપકાર કરવો જોઇએ.

એથીજ ઈશ્વર તેમના ઘર સંસારની અને નાતની આબાદાની વધારશે. દેશની દશામાં હમણાં બહુ ફેરફાર થઈ ગયો છે, હમણાં આપણાં હથીઆર હાથમાંથી છેક હેઠાં પડયાં છે. ને આપણે પડતી દશામાં આવ્યા છીએ તેનું કારણ એ છે કે હિંદુશાસ્ત્ર બાજુપર મુકી કુચ્છીત ધારાઓની જાળમાં ફસાઈ ગયા છીએ.

દેશની ચહડતી પડતી લગ્નના રીવાજ ઉપર આધાર રાખે છે. બાળલગ્ન થવા માંડયાં તેથી કજોડાં વધ્યાં; કજોડાંએ કુસંપને વધાર્યો; પ્રજા નિર્બળ બની પાયમાલ સ્થિતિએ પહોચી ગઈ છે. દીકરીના પૈસા લેનાર પાપીની દાનત હરામ થઈ છે. અજ્ઞાન બાળકીઓને વેચી વૈભવ ભોગવવામાં મોટી ખરાબી થઈ પડી છે. દીકરીનો જન્મારો વ્યર્થ જાય છે અને આ સંસારમાં મનુષ્યો જે કંઈ સુખ ભોગવે છે તેનું ભાન સ્વપ્નામાં પણ તેમને થતું નથી. સંસારને દુઃખરૂપી માની પોતાના અમુલ્ય દેહનો પરાણે અંત આણે છે. મા બાપોએ કેવાં જોડાં જોવાં તે માટે વિદ્વજ્જનોનો મત એવો છે કેઃ—ભણેલો, ધનવાન, રૂપવાન, અને કન્યાથી યોગ્ય મોટી વયના કુલીન વરને પરીક્ષા કરી કન્યા આપવી. જુઓ! હમણાં ભણેલો ગણેલો કોણ જુએછે? ધન, રૂપ, કે ઉમ્મગરની દરકાર કોને પડી છે. પોતાનો ભોથો ભરાયો એટલે ભણેલો, ગણેલો, કુળવાન, રૂપવાન થઈ ચુકયો. અરેરે! આ કેવો કનીષ્ટ ધારો. પોતાની રાંક બાળા ઉપર કેટલો કાળો કેર!! જે બાળકને હૈયાના હારની પેઠે રાખી રત્નની પેઠે જતન કર્યું હોય, જે બાળકને માટે મોટી કાળજી ધરાવી હોય તે બાળકને પોતાના પાપી ભાવથી કુવામાં હડશેલી, હાથે કરી નિર્દોષ હરણીના ગળે છરી મુકવી. હાય! હાય!! એવા પાપી પીતાનો વાસ કયાં થશે? નક્કી નર્કે!

હવે કન્યા વિક્રયનો સંભવ શાશા કારણોથી થાય

છે તેનો વિચાર કરીએ મુખ્ય મુખ્ય નાતોમાં કુસંપનું જોર વધવાથી તેની અંદર ખટપટ થઈ, તેના અનેક વિભાગો થઈ ગયા અને તેથી તેઓમાં અરસ પરસ કન્યાઓ આપવાનો માર્ગ બંધ થઈ ગયો. આથી પરિણામે કન્યાઓની અછત અને પૈસાના લોભી માબાપોની લાલચુ મનોવૃત્તિને લીધે તેઓની કીમ્મત વધતી ગઈ. માટે બંધુઓ, તમારી સંતતીને દુઃખમાંથી મુક્ત કરવા ધારતા હો તો તમારી જ્ઞાતિમાં ઐકયતા કરો અને તેથી તમે ખચિત કન્યા વિક્રયનો દુષ્ટ રીવાજ દૂર કરી શકશો.” હરિસિંહનું ભાષણ પુરૂં થઈ રહ્યા પછી સર્વ સમાજ તેને ધન્યવાદ આપી તેનાં વખાણ કરતી કરતી વિસર્જન થઈ. તેની સ્ત્રી રત્નલક્ષ્મી પણ ઘણી વિદ્વાન અને શાણી હતી. તે પોતાનો નવરાશનો વખત શાસ્ત્ર અને નીતિનાં પુસ્તકો વાંચી પોતાનું જ્ઞાન વધારવામાં ગાળતી. તેને સ્ત્રી કેળવણી ઉપર ઘણો જ પ્રેમ હતો. અલકાપુરીમાં પોતાના સ્વામી સાથે કેટલાક દિવસ ગાળ્યા પછી એક દિવસે તે શેહેરની સુજ્ઞ સ્ત્રીઓએ સમાજ મેળવી રત્નલક્ષ્મીની વીદ્વતાનો લાભ લેવાની ઈચ્છા કરી; તે ઉપરથી તેઓની અભિલાષા પરિપુર્ણ કરવા તે સમાજમાં પધારી કેટલીક પરચુરણ બાબત વિશે વાદવિવાદ કર્યા પછી સ્ત્રી કેળવણીથી શાશા લાભ છે તે વિશે ટુંકામાં હકીકત દર્શાવી.

“ બેનો ! વિદ્યા ભણીને આપણે નીતિવાન અને નમ્રતાવાળાં થવાનું છે. શાથી કે આપણે જો સદ્ગુણી હોઈએ તો આપણી થતી પ્રજા પણ તેવીજ નીપજે છે. મોટા મોટા વિદ્વાન લોકોએ સિદ્ધ કર્યુંછે કે બાળક નાનું હોય છે ત્યારે તેમની માતા પાસેજ રહે છે અને માતા જેવી રીતે વર્તેછે તે પ્રમાણે તેઓ તેનું અનુકરણ કરેછે. માતા જો અસભ્ય રીતે વર્તનારી, કુવચન બોલનારી અને બીજા દુર્ગુણવાળી

હોય તો તેનાં છોકરાં અસભ્ય બોલતાં, ભુંડી ગાળો દેતાં અને જુઠું બોલતાં શિખે છે. પછી જેમ જેમ મોટાં થાય છે તેમ તેમ તેમને પડેલી ખરાબ આદતો વૃદ્ધિ પામે છે, અને તેથી તે ઘણાં દુઃખી થાય છે. ઘણી બેહેનો એમ કહે છે કે વિદ્યા ભણવાથી માણુસ બગડે છે, પણ મારી પ્રીય બેહેનો વિદ્યાભણવાથી કોઈ માણુસ બગડતું નથી, પણ ભણવામાં જે નીતિની વાતો આવે છે તે પ્રમાણે નવર્તતાં વિરૂદ્ધ રીતે ચાલે તો વિરૂદ્ધ પરીણામ થાય. પછી ભણવાને શા માટે દોષ લગાડે છે? ઘણી બેહેનો કાંઈ થોડું ઘણું વાંચતાં લખતાં આવડતું હોય છે તો પોતાનેમન હું ઘણીજ મોટી છું એમ માને છે, પણ બેહેનો! ભણીને કાંઈ મોટાઈ માનવાની નથી, પણ નમ્રતાથી ચાલવાનું છે. આ સાગર રૂપી સંસાર કેવી રીતે ચલાવવો તથા દુનીઆમાં કેટલી બધી હરકતો આવે છે તે કેવી રીતે દૂર કરવી? તથા પોતાની થતી પ્રજાને કેવી રીતે કેળવણી આપવી? આ સંસારમાં શું છે? પોતાના મા બાપ, વડીલ કે સાસરીઆંની સાથે કેવી રીતે ચાલવું? ઘરનો કાર્ય વ્યવહાર કેવી રીતે નીભાવવો? પોતાના પતિની સાથે કેવી રીતે ચાલવું? વિગેરે આપણે વિદ્યા ભણેલાં હોઈએ તો જાણી શકીએ. પુરૂષ જેટલીજ સ્ત્રીઓને વિદ્યા ભણવાની જરૂર છે. શાથી કે ઘરનું ઢાંકણુ સ્ત્રીજ છે. જે ઘરમાં સ્ત્રી સારી ન હોય તેનો ઘર સંસાર સારી રીતે ચાલી શકતો નથી, માટે બેહેનો, આપણે ઘણી સંભાળ રાખીને નમ્રતાથી ચાલવાનું છે; નમ્રપણું સ્ત્રીનો શણુગાર છે. એ શણુગાર વગર બીજાં ઘરેણાં નકામાં છે. કેમકે સાપને માથે મણી હોય પણ તેના ગળામાં તો વિષજ છે, માટે મારી વહાલી બેહેનો, તમે નીતિરૂપી સાડી અને નમ્રપણાનો શણુગાર જો પહેરશો તો તમારાં અંગપર

ચંદ્રની પેઠે પ્રકાશ મારશે; આપણને નમ્રતાથી અને વિવેકથી ચાલતાં જોઇને આપણાં પાડોશી ચાલશે. ઘણી બેહેનો કહે છે કે આગળના વખતમાં સ્ત્રીઓ કયાં ભણેલી હતી ? પણ બેહેનો, આગળના વખતમાં તો સ્ત્રીઓ એવી ભણેલી હતી કે જેના દાખલા આજ પણ મોટા મોટા ગ્રંથો પુરે છે. તેઓ એવી તો બહાદુર હતી કે મોટા મોટા પંડીતોની સભામાં જઇને ભાષણો આપતી અને તેમની સાથે વાદ વિવાદ કરતી. બેહેનો ! આ દુનીઆમાં ઇશ્વરે સ્ત્રી પુરૂષનાં જોડાં બનાવ્યાં છે, તેમાં પુરૂષ રાજારૂપ છે અને સ્ત્રી પરધાન રૂપછે.

પ્રધાન જો સારો, વિદ્વાન અને ડાહ્યો હોય તો જેમ રાજમાં ઘણો સુધારો થાયછે તેમ જો સ્ત્રી સારી ભણેલી અને નમ્રતા વાળી હોય તો ઘરનું રાજ સુધારે. ઘરની આબરૂ મેળવવી સ્ત્રીના હાથમાં છે, શાથી જે કોઇ માણસ આવે તેને માન આપી બોલાવવું, આદર સત્કાર દેવો, એ બધું સ્ત્રીનુંજ કાર્ય છે. સ્ત્રી જન્મથીજ પરતંત્ર છે. નાની વયમાં તેને માબાપની આજ્ઞામાં અને મોટી વયે પતિની આજ્ઞામાં રહેવું પડેછે તેથી નાની વયમાં તેનાં માબાપે તેને વિદ્યાભ્યાસ કરાવી સુનીતિ શીખવવી જોઇએ. જેથી તે સાસરે જાય ત્યારે મર્યાદા પૂર્વક વિવેક બુદ્ધીથી વર્તી સાસરીઆંનો પ્રેમ મેળવે. તેમાં મુખ્યત્વે કરીને પતિની પ્રીતિ મેળવવાની છે. તેમની સાથે ઘણી નમ્રતાથી મીઠાં વચને બોલવું, અને કોઇ દિવસ પણ તેમની સાથે ઊંચે સ્વરે બોલી આપણાં માબાપના કુળને ખોબ લગાડવી નહિ. આપણે ઘરનું કામ કાજ કરી રહ્યા પછી નવરાશની વેળાએ ઓટલા ઉપર બેશી નકામા તડાકા મારી કોઇની નિંદા કરીએતો ઇશ્વરના ગુન્હેગાર થઇએ, પણ જો તેટલોજ વખત આપણે વિદ્યાભ્યાસમાં ગાળીએ અગર ભણ્યાં હોઇએ તો કાંઇ ઇશ્વર સ્તવન વિગેરે

નીતિની ચોપડીઓ વાંચી બીજાઓને બોધ આપીએ તો આપણું કલ્યાણ થાય. ભણીને કાંઈ નઠારાં ગીતો કે ખોટી ચોપડીઓ વાંચવી નહિ. વળી મારા સાંભળવામાં આવ્યું છે કે જેમણે નોકરી કરવી હોય તેમણેજ ભણવું, પણ બેહેનો ! કાંઈ નોકરી કરવાને ભણવું એમ નથી. ભણીને તો પોતાના સદ્દગુણ ફેલાવી બીજાને સદ્દગુણી કરવાનાં છે. ઇશ્વરે આંખો તો બધાને આપીછે. પણ જેટલું નજરે જોવામાં આવેછે, તેટલુંજ પૃથ્વીપર છે એવું અભણ માણસો જાણે છે, પણ દુનીઆની અંદર શું થયું ? અને શું થાયછે ? તેની તેમને કાંઈજ ખબર હોતી નથી. ઘણી બેહેનોને પરમેશ્વર શું છે ? સૃષ્ટિ કોણે બનાવીછે, તેની પણ ખબર હોતી નથી, એ કેવી અજ્ઞાનતા કહેવાય ! બેહેનો મારી ટુંકામાં વિનંતી એછે કે વિદ્યારૂપી અમૃતનુ પાન કરો આપણું કર્તવ્ય કર્મ શું છે તે સમજી લેઈ તે પ્રમાણે વર્તવું અને નિરંતર આપણા કર્તાની ભક્તિમાં મચ્યાં રહેવું એ આ જન્મનો ઉદેશ છે.

પ્રથમ હાલની માફક સ્થળે સ્થળે સરસ્વતિ મંદિરો ન હોતાં, પણ હાલમાં તો દરેક ઠેકાણે બાળાઓ તથા છોકરાઓને કેળવણી આપવા મંદીરો સ્થપાએલાં છે અને તેથી દેશમાં જોઇએ તેવી કેળવણીનો લાભ અપાય છે. આપણાં હિંદુસ્તાનની અંદર પેહેલાંનાજ વખતથી વિદ્યા સંપાદન કરવાનો રિવાજ ચાલુછે, અને આપણી ઉન્નતીથી થવાનું તે એક સાધન છે.

પેહેલાં પશ્ચિમ તરફના લોકો એટલી બધી જંગલી અવસ્થામાં હતા કે કાંઈ કહેવાની વાત નહિ પરંતુ તેઓ વિદ્યાએ કરી એટલી બધી ઉન્નત સ્થિતિમાં આવેલા છે કે તેમનો દાખલો આપણા આર્ય લોકોને લેવા જેવો થઈ પડયો

છે. માટે એહેનો સ્ત્રી કેળવણી એજ અનેક સુખ સંપત્તિનો આધાર છે. છેવટે વૃદ્ધિ પામે એવી રીતે દરેક સુજ્ઞજને ખંતથી પ્રયાસ કરવો એવી મારી વિજ્ઞાપ્તિ છે." બાદ તે સમાજ રત્નલક્ષ્મીના ભાષણથી અતિ પ્રસન્ન થઇ તેનાં વખાણ કરતી બરખાસ્ત થઈ.

કેટલાક દિવસ અલકાપુરીમાં રહ્યા પછી હરિસિંહ તથા તેની પત્ની રત્નલક્ષ્મી પોતાના રાજ્યનાં અનેક શહેરો તથા ગામોમાં ફરી જ્યાં જ્યાં પોતાથી બન્યું ત્યાં ત્યાં રૈયતને પડતી અડચણો દૂર કરી તેઓને સુખ શાન્તી આપી કેટલેક મહીને રાજ્યધાનીમાં પાછાં આવ્યાં. પછી વિજયસિંહ ઉમ્મર લાયક થવાથી તેમને રાજ્યની લગામ સોંપી દેઈ કેટલાંક વર્ષ સુધી રાજ્યકાર્યમાં પ્રવીણ કરી પોતે વૃદ્ધાવસ્થાએ પહોચતાં રાજ્યકાર્યભારના બોજામાંથી મુકત થઈ પુત્ર પુત્રીઓનું બોહોળું કુટુંબ મુકી સંસારનો સઘળો લાવો લેઇને બાકીના દીવસો ઈશ્વિર ભક્તિમાં ગાળી આખરે મોક્ષ પ્રાપ્તિ કરી.

સમાપ્ત.

જાહેર ખબર.

હિંદુસ્તાનના ચારે ધામની યાત્રા.

લગભગ પાકા પુંઠા સાથે પોણા ત્રણસે પાનાનો ગ્રંથ કીંમત દસઆના ટપાલ ખર્ચ એક આનો સામટી મંગાવનારને બાર ટકા કમીશન.

યાંત્રીક ચીત્ર-શિક્ષક એટલે ફોટોગ્રાફની છબી પાડવાના હુન્નરની ચોપડી જેની અંદર એટલે સુધી વિવેચન આપેલું છે કે ગમે તે માણસને એ ચોપડી વાંચ્યા પછી પોતાને હાથે છબી પાડવામાં બીલકુલ અડચણ આવતી નથી તેમજ એ ચોપડીઓની વીસ નકલ ખરીદનારને કર્ત્તા તે કામ શીખવવા બંધાય છે. બરાબર લક્ષ આપી વાંચનારને શીખવનારની જરૂર નથી.

કીંમત જુજ ફક્ત આના આઠ ટપાલ ખર્ચ જુદુ.

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ રણછોડલાલ ગીરધરલાલ મણકીવાળા. વિજય પ્રવર્તક પ્રેસ. તથા ગુજરાત વર્નાકયુલર સોસાઈટીમાંથી

રબ્બર સીલ.

રબ્બરના સીક્કા આજ સુધીમાં આવા સરસ ને સસ્તા ભાગ્યેજ કોઇએ આપ્યા હશે ફક્ત થોડા પૈસા ખરચનાર પણ આનો શોખ પુરો પાડી શકે તેવા ઈરાદાથી આ અમુલ્યખાતુ ઉઘાડયું છે અડધા આનાની ટીકીટ મોકલી નમુનાની બુક મંગાવી લઇ ખાતરી કરી કામ આપો.

અમદાવાદ મેનેજર વિજય પ્રવર્તક પ્રેસ.

આ પ્રેસમાં જાત જાતનું કામ ઘણુંજ પ્રમાણીક પણે કીફાયતથી કરી આપવામાં આવેછે.

છપાવનારને એટલીજ ભલામણ છે કે એકવાર બીજે કામ આપ્યા પહેલાં આ પ્રેસની મુલાકાત લેવી. અમને આશા છે કે આ પ્રેસમાં આવેલા ગ્રાહકો ભાગ્યેજ બીજે જશે.

મેનેજર.

અમદાવાદ—"વિજય પ્રવર્તક પ્રેસ."